

SUNDERKAND
PDF ONLINE

Website : - www.sunderkandpdfonline.com











बदन पइठि पुनि बाहेर आवा



तरु पल्लव महुँ रहा लुकाई

# ભગવાન્ શ્રીજાનકીનાથકી આરતી

ॐ જય જાનકિનાથા, હો પ્રભુ જય શ્રીરઘુનાથા।
દોઉ કર જોડે વિનવૌં, પ્રભુ મેરી સુનો બાતા ॥ ॐ ॥

તુમ રઘુનાથ હમારે, પ્રાણ પિતા માતા।
તુમ હો સજન સઁગાતી, ભક્તિ મુક્તિ દાતા ॥ ॐ ॥

ચૌરાસી પ્રભુ ફન્દ છુડાવો, મેટો યમ ત્રાસા।
નિશ દિન પ્રભુ મોહિ રાખો, અપને સઁગ સાથા ॥ ॐ ॥

સીતારામ લક્ષ્મણ ભરત શત્રુહન, સઁગ ચારૌં ભૈયા।
જગમગ જ્યોતિ વિરાજત, શોભા અતિ લહિયા ॥ ॐ ॥

હનુમત નાદ બજાવત, નેવર ઠુમકાતા।
કંચન થાલ આરતી, કરત કૌશલ્યા માતા ॥ ॐ ॥

કિરિટ મુકુટ કર ધનુષ વિરાજત, શોભા અતિ ભારી।
મનીરામ દરશન કર, તુલસિદાસ દરશન કર, પલ-પલ બલિહારી ॥ ॐ ॥

જય જાનકિનાથા, હો પ્રભુ જય શ્રી રઘુનાથા।
હો પ્રભુ જયસીતા માતા, હોપ્રભુ જય લક્ષ્મણ ભ્રાતા ॥ ॐ ॥

હો પ્રભુ જય ચારૌં ભ્રાતા, હો પ્રભુ જય હનુમત દાસા।
દોઉ કર જોડે વિનવૌં, પ્રભુ મેરી સુનો બાતા ॥ ॐ ॥

॥ શ્રીહરિઃ ॥

# પારાયણ-વિધિ

શ્રીરામચરિતમાનસનો વિધિપૂર્વક પાઠ કરનારા મહાનુભાવોએ પાઠારંભના પૂર્વે શ્રીતુલસીદાસજી, શ્રીવાલ્મીકિજી, શ્રીશિવજી તથા શ્રીહનુમાનજીનું આવાહન, પૂજન કર્યા બાદ ત્રણેય ભાઈઓસહિત શ્રીસીતારામજીનું આવાહન, ષોડષોપચાર પૂજન અને ધ્યાન કરવું જોઈએ. તત્પશ્ચાત્ પાઠનો આરંભ કરવો જોઈએ. સર્વેના આવાહન, પૂજન અને ધ્યાનના મંત્ર ક્રમાનુસાર અહીં આપવામાં આવ્યા છે :–

## અથ આવાહનમન્ત્રઃ

તુલસીક નમસ્તુભ્યમિહાગચ્છ શુચિવ્રત ।
નૈર્ઋત્ય ઉપવિશ્યેદં પૂજનં પ્રતિગૃહ્યતામ્ ॥ ૧॥
ૐ તુલસીદાસાય નમઃ ।

શ્રીવાલ્મીક નમસ્તુભ્યમિહાગચ્છ શુભપ્રદ ।
ઉત્તરપૂર્વયોર્મધ્યે તિષ્ઠ ગૃહ્ણીષ્વ મેઽર્ચનમ્ ॥ ૨॥
ૐ વાલ્મીકાય નમઃ ।

ગૌરીપતે નમસ્તુભ્યમિહાગચ્છ મહેશ્વર ।
પૂર્વદક્ષિણયોર્મધ્યે તિષ્ઠ પૂજાં ગૃહાણ મે ॥ ૩॥
ૐ ગૌરીપતયે નમઃ ।

શ્રીલક્ષ્મણ નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
યામ્યભાગે સમાતિષ્ઠ પૂજનં સંગૃહાણ મે ॥ ૪॥
ૐ શ્રીસપત્નીકાય લક્ષ્મણાય નમઃ ।

શ્રીશત્રુઘ્ન નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
પીઠસ્ય પશ્ચિમે ભાગે પૂજનં સ્વીકુરુષ્વ મે ॥ ૫॥
ૐ શ્રીસપત્નીકાય શત્રુઘ્નાય નમઃ ।

શ્રીભરત નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
પીઠકસ્યોત્તરે ભાગે તિષ્ઠ પૂજાં ગૃહાણ મે ॥ ૬॥

ॐ શ્રીસપત્નીકાય ભરતાય નમઃ ।

શ્રીહનુમન્નમસ્તુભ્યમિહાગચ્છ કૃપાનિધે ।
પૂર્વભાગે સમાતિષ્ઠ પૂજનં સ્વીકુરુ પ્રભો ॥ ૭॥

ॐ હનુમતે નમઃ ।

અથ પ્રધાનપૂજા ચ કર્તવ્યા વિધિપૂર્વકમ્ ।
પુષ્પાઞ્જલિં ગૃહીત્વા તુ ધ્યાનં કુર્યાત્પરસ્ય ચ ॥ ૮॥

રક્તામ્ભોજદલાભિરામનયનં પીતામ્બરાલઙ્કૃતં
શ્યામાઙ્ગં દ્વિભુજં પ્રસન્નવદનં શ્રીસીતયા શોભિતમ્ ।
કારુણ્યામૃતસાગરં પ્રિયગણૈર્ભ્રાત્રાદિભિર્ભાવિતં
વન્દે વિષ્ણુશિવાદિસેવ્યમનિશં ભક્તેષ્ટસિદ્ધિપ્રદમ્ ॥ ૯॥

આગચ્છ જાનકીનાથ જાનક્યા સહ રાઘવ ।
ગૃહાણ મમ પૂજાં ચ વાયુપુત્રાદિભિર્યુતઃ ॥ ૧૦॥

ઈત્યાવાહનમ્

સુવર્ણરચિતં રામ દિવ્યાસ્તરણશોભિતમ્ ।
આસનં હિ મયા દત્તં ગૃહાણ મણિચિત્રિતમ્ ॥ ૧૧॥

ઈતિ ષોડશોપચારૈઃ પૂજયેત્

ॐ અસ્ય શ્રીમન્માનસરામાયણશ્રીરામચરિતસ્ય શ્રીશિવકાકભુશુણ્ડિયાજ્ઞવલ્ક્ય-ગોસ્વામિતુલસીદાસા ઋષયઃ શ્રીસીતારામો દેવતા શ્રીરામનામ બીજં ભવરોગહરી ભક્તિઃ શક્તિઃ મમ નિયન્ત્રિતાશેષવિઘ્નતયા શ્રીસીતારામપ્રીતિપૂર્વક-સકલમનોરથસિદ્ધ્યર્થં પાઠે વિનિયોગઃ ।

## અથ આચમનમ્

શ્રીસીતારામાભ્યાં નમઃ । શ્રીરામચન્દ્રાય નમઃ । શ્રીરામભદ્રાય નમઃ ।
ઈતિ મન્ત્રત્રિતયેન આચમનં કુર્યાત્ ।શ્રીયુગલબીજમન્ત્રેણ પ્રાણાયામં કુર્યાત્ ॥

## અથ કરન્યાસઃ

જગ મંગલ ગુન ગ્રામ રામ કે ।
દાનિ મુકુતિ ધન ધરમ ધામ કે ॥

અઙ્ગુષ્ઠાભ્યાં નમઃ ।

રામ રામ કહિ જે જમુહાહીં।
તિન્હહિ ન પાપપુંજ સમુહાહીં ॥

તર્જનીભ્યાં નમઃ ।

રામ સકલ નામન્હ તે અધિકા।
હોઉ નાથ અઘ ખગ ગન બધિકા ॥

મધ્યમાભ્યાં નમઃ ।

ઉમા દારુ જોષિત કી નાઈં।
સબહિ નચાવત રામુ ગોસાઈં ॥

અનામિકાભ્યાં નમઃ ।

સન્મુખ હોઈ જીવ મોહિ જબહીં।
જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥

કનિષ્ઠિકાભ્યાં નમઃ ।

મામભિરક્ષય રઘુકુલ નાયક।
ધૃત બર ચાપ રુચિર કર સાયક ॥

કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ ।

ઈતિ કરન્યાસઃ

## અથ હૃદયાદિન્યાસઃ

જગ મંગલ ગુન ગ્રામ રામ કે।
દાનિ મુકુતિ ધન ધરમ ધામ કે ॥

હૃદયાય નમઃ ।

રામ રામ કહિ જે જમુહાહીં।
તિન્હહિ ન પાપપુંજ સમુહાહીં ॥

શિરસે સ્વાહા ।

રામ સકલ નામન્હ તે અધિકા।
હોઉ નાથ અઘ ખગ ગન બધિકા ॥

શિખાયૈ વષટ્ ।

ઉમા દારુ જોષિત કી નાઈં।
સબહિ નચાવત રામુ ગોસાઈં ॥
કવચાય હુમ્ ।
સનમુખ હોઈ જીવ મોહિ જબહીં।
જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥
નૈત્રાભ્યાં વૌષટ્ ।
મામભિરક્ષય રઘુકુલનાયક।
ધૃત બર ચાપ રુચિર કર સાયક ॥
અસ્ત્રાય ફટ્ ।
ઈતિ હૃદયાદિન્યાસઃ

**અથ ધ્યાનમ્**

મામવલોકય પંકજલોચન।
કૃપા બિલોકનિ સોચ બિમોચન ॥
નીલ તામરસ સ્યામ કામ અરિ।
હૃદય કંજ મકરંદ મધુપ હરિ ॥
જાતુધાન બરૂથ બલ ભંજન।
મુનિ સજ્જન રંજન અઘ ગંજન ॥
ભૂસુર સસિ નવ બૃંદ બલાહક।
અસરન સરન દીન જન ગાહક ॥
ભુજબલ બિપુલ ભાર મહિ ખંડિત।
ખર દૂષન બિરાધ બધ પંડિત ॥
રાવનારિ સુખરૂપ ભૂપબર।
જય દસરથ કુલ કુમુદ સુધાકર ॥
સુજસ પુરાન બિદિત નિગમાગમ।
ગાવત સુર મુનિ સંત સમાગમ ॥
કારુનીક બ્યલીક મદ ખંડન।
સબ બિધિ કુસલ કોસલા મંડન ॥
કલિ મલ મથન નામ મમતાહન।
તુલસિદાસ પ્રભુ પાહિ પ્રનત જન ॥
ઈતિ ધ્યાનમ્

॥ ॐ શ્રીપરમાત્મને નમઃ ॥

પ્રનવઉં પવનકુમાર ખલ બન પાવક ગ્યાનઘન ।
જાસુ હૃદય આગાર બસહિં રામ સર ચાપ ધર ॥

# કિષ્કિન્ધાકાંડ

[દોહા ૨૯]

બલિ બાઁધત પ્રભુ બાઢ઼ેઉ સો તનુ બરનિ ન જાઇ ।
ઉભય ઘરી મહઁ દીન્હીં સાત પ્રદચ્છિન ધાઇ ॥

અંગદ કહઇ જાઉઁ મૈં પારા ।
જિયઁ સંસય કછુ ફિરતી બારા ॥
જામવંત કહ તુમ્હ સબ લાયક ।
પઠઇઅ કિમિ સબહી કર નાયક ॥ ૧ ॥
કહઇ રીછપતિ સુનુ હનુમાના ।
કા ચુપ સાધિ રહેઉ બલવાના ॥
પવન તનય બલ પવન સમાના ।
બુધિ બિબેક બિગ્યાન નિધાના ॥ ૨ ॥
કવન સો કાજ કઠિન જગ માહીં ।
જો નહિં હોઇ તાત તુમ્હ પાહીં ॥
રામ કાજ લગિ તવ અવતારા ।
સુનતહિં ભયઉ પર્બતાકારા ॥ ૩ ॥
કનક બરન તન તેજ બિરાજા ।
માનહુઁ અપર ગિરિન્હ કર રાજા ॥
સિંહનાદ કરિ બારહિં બારા ।
લીલહિં નાઘઉઁ જલનિધિ ખારા ॥ ૪ ॥

સહિત સહાય રાવનહિ મારી ।
આનઉँ ઈહાँ ત્રિકૂટ ઉપારી ॥
જામવંત મૈં પૂँછઉ તોહી ।
ઉચિત સિખાવનુ દીજહુ મોહી ॥ ૫ ॥
એતના કરહુ તાત તુમ્હ જાઈ ।
સીતહિ દેખિ કહહુ સુધિ આઈ ॥
તબ નિજ ભુજ બલ રાજિવનૈના ।
કૌતુક લાગિ સંગ કપિ સેના ॥ ૬ ॥

[છંદ]

કપિ સેન સંગ સँઘારિ નિસિચર રામુ સીતહિ આનિહૈં ।
ત્રૈલોક પાવન સુજસુ સુર મુનિ નારદાદિ બખાનિહૈં ॥
જો સુનત ગાવત કહત સમુઝત પરમ પદ નર પાવઈ ।
રઘુબીર પદ પાથોજ મધુકર દાસ તુલસી ગાવઈ ॥

[દોહા ૩૦ (ક)]

ભવ ભેષજ રઘુનાથ જસુ સુનહિં જે નર અરુ નારિ ।
તિન્હ કર સકલ મનોરથ સિદ્ધ કરહિં ત્રિસિરારિ ॥

[સોરઠા ૩૦ (ખ)]

નીલોત્પલ તન સ્યામ કામ કોટિ સોભા અધિક ।
સુનિઅ તાસુ ગુન ગ્રામ જાસુ નામ અઘ ખગ બધિક ॥

~~ ० ~~

શ્રી ગણેશાય નમઃ

શ્રી જાનકીવલ્લભો વિજયતે

# શ્રીરામચરિતમાનસ

## પંચમ સોપાન

## સુંદરકાંડ

*શ્લોક*

શાન્તં શાશ્વતમપ્રમેયમનઘં નિર્વાણશાન્તિપ્રદં
બ્રહ્માશમ્ભુફણીન્દ્રસેવ્યમનિશં વેદાન્તવેદ્યં વિભુમ ।
રામાખ્યં જગદીશ્વરં સુરગુરું માયામનુષ્યં હરિં
વન્દેઽહં કરુણાકરં રઘુવરં ભૂપાલચૂડામણિમ્ ॥ ૧॥

શાંત, સનાતન, અપ્રમેય (પ્રમાણોથી પર), નિષ્પાપ, મોક્ષરૂપ પરમ શાન્તિ આપનારા, બ્રહ્મા, શંભુ અને શેષજી દ્વારા નિરંતર સેવિત, વેદાન્ત દ્વારા જાણવાયોગ્ય, સર્વવ્યાપક, દેવોમાં સૌથી મોટા, માયાથી મનુષ્યરૂપે દેખાનારા, સમસ્ત પાપોને હરનારા, કરુણાની ખાણ, રઘુકુળમાં શ્રેષ્ઠ તથા રાજાઓના શિરોમણિ, રામ કહેવડાવનારા જગદીશ્વરની હું વંદના કરું છું. ॥ ૧॥

નાન્યા સ્પૃહા રઘુપતે હૃદયેઽસ્મદીયે
સત્યં વદામિ ચ ભવાનખિલાન્તરાત્મા ।
ભક્તિં પ્રયચ્છ રઘુપુઙ્ગવ નિર્ભરાં મે
કામાદિદોષરહિતં કુરુ માનસં ચ ॥ ૨॥

હે રઘુનાથજી! હું સત્ય કહું છું અને વળી, આપ સર્વેના અંતરાત્મા

જ છો (સઘળું જાણો જ છો) કે મારા હૃદયમાં બીજી કોઈ ઇચ્છા નથી. હે રઘુકુળશ્રેષ્ઠ! મને આપની નિર્ભરા (ભરપૂર) ભક્તિ આપો અને મારા મનને કામ આદિ દોષોથી રહિત કરો. ॥ ૨॥

અતુલિતબલધામં હેમશૈલાભદેહં
દનુજવનકૃશાનું જ્ઞાનિનામગ્રગણ્યમ્ ।
સકલગુણનિધાનં વાનરાણામધીશં
રઘુપતિપ્રિયભક્તં વાતજાતં નમામિ ॥ ૩॥

અતુલ બળના ધામ, સોનાના પર્વત (મેરુ) સમાન કાંતિયુક્ત શરીરવાળા, દૈત્યરૂપી વન[નો ધ્વંસ કરવા]ને માટે અગ્નિરૂપ, જ્ઞાનીઓમાં અગ્રગણ્ય, સમસ્ત ગુણોના નિધાન, વાનરોના સ્વામી, શ્રીરઘુનાથજીના પ્રિય ભક્ત પવનપુત્ર શ્રીહનુમાનજીને હું પ્રણામ કરું છું. ॥ ૩॥

**જામવંત કે બચન સુહાએ ।**
**સુનિ હનુમંત હૃદય અતિ ભાએ ॥**
**તબ લગિ મોહિ પરિખેહુ તુમ્હ ભાઈ ।**
**સહિ દુખ કંદ મૂલ ફલ ખાઈ ॥ ૧॥**

જામ્બવાનનાં સુંદર વચનો સાંભળીને હનુમાનજીના હૃદયને તે ઘણાં જ ગમ્યાં. [તે બોલ્યા –] હે ભાઈ! તમે લોકો દુઃખ વેઠીને, કંદ-મૂળ- ફળ ખાઈને ત્યાં સુધી મારી વાટ જોજો કે - ॥ ૧॥

**જબ લગિ આવૌં સીતહિ દેખી ।**
**હોઇહિ કાજુ મોહિ હરષ બિસેષી ॥**
**યહ કહિ નાઇ સબન્હિ કહુઁ માથા ।**
**ચલેઉ હરષિ હિયઁ ધરિ રઘુનાથા ॥ ૨॥**

જ્યાં સુધી હું સીતાજીને જોઈને [પાછો] ન આવું. કાર્ય અવશ્ય થશે, કારણ કે મને ઘણો જ હર્ષ થઈ રહ્યો છે. આમ કહીને અને સર્વેને શીશ નમાવીને તથા હૃદયમાં શ્રીરઘુનાથજીને ધારણ કરીને હનુમાનજી હરખાઈને ચાલ્યા. ॥ ૨॥

**સિંધુ તીર એક ભૂધર સુંદર ।**
**કૌતુક કૂદિ ચઢ઼ેઉ તા ઊપર ॥**
**બાર બાર રઘુબીર સઁભારી ।**
**તરકેઉ પવનતનય બલ ભારી ॥ ૩॥**

સમુદ્ર તટે એક સુંદર પર્વત હતો. હનુમાનજી રમતમાં જ (અનાયાસે જ) કૂદીને તેની ઉપર જઈ ચઢ્યા અને વારંવાર શ્રીરઘુવીરનું સ્મરણ કરીને અત્યંત બળવાન હનુમાનજી તેના પરથી મોટા વેગથી કૂદ્યા (ઉછળ્યા) ॥ ૩॥

**જેહિં ગિરિ ચરન દેઈ હનુમંતા ।**
**ચલેઉ સો ગા પાતાલ તુરંતા ॥**
**જિમિ અમોઘ રઘુપતિ કર બાના ।**
**એહી ભાઁતિ ચલેઉ હનુમાના ॥ ૪॥**

જે પર્વત પરથી હનુમાનજી પગ મૂકીને ચાલ્યા (જેના પરથી તેમણે છલાંગ લગાવી), તે તરત જ પાતાળમાં ધસી પડ્યો. જેમ શ્રીરઘુનાથજીનું અમોઘ બાણ ચાલે છે, તેવી જ રીતે હનુમાનજી ચાલ્યા. ॥ ૪॥

**જલનિધિ રઘુપતિ દૂત બિચારી ।**
**તૈં મૈનાક હોહિ શ્રમહારી ॥ ૫॥**

સમુદ્રએ તેમને શ્રીરઘુનાથજીના દૂત સમજીને મૈનાક પર્વતને કહ્યું કે હે મૈનાક! તું એમનો થાક ઉતારનાર બન (અર્થાત્ પોતાના ઉપર એમને વિશ્રામ આપ). ॥ ૫॥

[દોહા ૧]

હનૂમાન તેહિ પરસા કર પુનિ કીન્હ પ્રનામ।
રામ કાજુ કીન્હેં બિનુ મોહિ કહાઁ બિશ્રામ॥

હનુમાનજીએ તેને હાથથી સ્પર્શ કર્યો, પછી પ્રણામ કરીને કહ્યું - ભાઈ! શ્રીરામચન્દ્રજીનું કાર્ય કર્યા વિના મને વિશ્રામ ક્યાં? ॥૧॥

જાત પવનસુત દેવન્હ દેખા।
જાનૈં કહુઁ બલ બુદ્ધિ બિસેષા॥
સુરસા નામ અહિન્હ કૈ માતા।
પઠઇન્હિ આઈ કહી તેહિં બાતા॥૧॥

દેવોએ પવનપુત્ર હનુમાનજીને જતાં જોયા. તેમનાં વિશિષ્ટ બળ-બુદ્ધિની પરીક્ષા માટે તેમણે સુરસા નામે સર્પોની માતાને મોકલી, તેણીએ આવીને હનુમાજીને કહ્યું – ॥૧॥

આજુ સુરન્હ મોહિ દીન્હ અહારા।
સુનત બચન કહ પવનકુમારા॥
રામ કાજુ કરિ ફિરિ મૈ આવૌં।
સીતા કઇ સુધિ પ્રભુહિ સુનાવૌં॥૨॥

આજે દેવોએ મને ભોજન આપ્યું છે. આ વચન સાંભળીને પવનકુમાર હનુમાનજીએ કહ્યું - શ્રીરામજીનું કાર્ય કરીને હું પાછો વળું અને સીતાજીના ખબર પ્રભુને સંભળાવી દઉં, ॥૨॥

તબ તવ બદન પૈઠિહઉઁ આઈ।
સત્ય કહઉઁ મોહિ જાન દે માઈ॥
કવનેહુઁ જતન દેઇ નહિં જાના।
ગ્રસસિ ન મોહિ કહેઉ હનુમાના॥૩॥

પછી હું આવીને તમારા મુખમાં પેસી જઈશ [તમે મને ખાઈ જજે]. હે માતા! હું સત્ય કહું છું, અત્યારે મને જવા દે. જ્યારે કોઈ પણ ઉપાયે તેણે જવા ન દીધા, ત્યારે હનુમાનજીએ કહ્યું - તો પછી મને ખાઈ જ લે ને! ॥ ૩॥

**જોજન ભરિ તેહિં બદનુ પસારા ।**
**કપિ તનુ કીન્હ દુગુન બિસ્તારા ॥**
**સોરહ જોજન મુખ તેહિં ઠયઊ ।**
**તુરત પવનસુત બત્તિસ ભયઊ ॥ ૪॥**

તેણીએ યોજન જેટલું (ચાર ગાઉ) મુખ ફેલાવ્યું; ત્યારે હનુમાનજીએ પોતાના શરીરને તેનાથી બમણું વધારી દીધું. તેણીએ સોળ યોજનનું મુખ કર્યું. હનુમાનજી તરત જ બત્રીસ યોજનના થઈ ગયા. ॥ ૪॥

**જસ જસ સુરસા બદનુ બઢ઼ાવા ।**
**તાસુ દૂન કપિ રૂપ દેખાવા ॥**
**સત જોજન તેહિં આનન કીન્હા ।**
**અતિ લઘુ રૂપ પવનસુત લીન્હા ॥ ૫॥**

જેમ જેમ સુરસા મુખનો વિસ્તાર વધારતી હતી, હનુમાનજી તેનાથી બમણું રૂપ બતાવતા હતા. તેણીએ સો યોજન(ચારસો ગાઉ)નું મુખ કર્યું, ત્યારે હનુમાનજીએ ઘણું જ નાનું રૂપ ધારણ કરી લીધું; ॥ ૫॥

**બદન પઈઠિ પુનિ બાહેર આવા ।**
**માગા બિદા તાહિ સિરુ નાવા ॥**
**મોહિ સુરન્હ જેહિ લાગિ પઠાવા ।**
**બુધિ બલ મરમુ તોર મૈં પાવા ॥ ૬॥**

અને તેઓ તેના મુખમાં પેસીને [તરત જ] પાછા બહાર નીકળી આવ્યા અને તેને શીશ નમાવીને વિદાય માગવા લાગ્યા. [તેણીએ કહ્યું -] મેં તમારાં બુદ્ધિ - બળનો ભેદ પામી લીધો; જેના માટે દેવોએ મને મોકલી હતી; ॥ ૬॥

[દોહા ૨]

**રામ કાજુ સબુ કરિહહુ તુમ્હ બલ બુદ્ધિ નિધાન।**
**આસિષ દેઇ ગઈ સો હરષિ ચલેઉ હનુમાન॥**

તમે શ્રીરામચન્દ્રજીનાં સર્વે કાર્ય કરશો, કેમકે તમે બળ-બુદ્ધિના ભંડાર છો. આ આશીર્વાદ આપીને તે ચાલી ગઈ; પછી હનુમાનજી હર્ષિત થઈને ચાલ્યા. ॥ ૨॥

**નિસિચરિ એક સિંધુ મહુઁ રહઈ।**
**કરિ માયા નભુ કે ખગ ગહઈ॥**
**જીવ જંતુ જે ગગન ઉડ઼ાહીં।**
**જલ બિલોકિ તિન્હ કૈ પરિછાહીં॥ ૧॥**

સમુદ્રમાં એક રાક્ષસી રહેતી હતી. તે માયા કરીને આકાશમાંથી ઊડતાં પંખીઓને પકડી લેતી હતી. આકાશમાં જે જીવ-જંતુ ઊડ્યા કરતાં હતાં, તેમનો પડછાયો જોઈને તે, ॥ ૧॥

**ગહઇ છાહઁ સક સો ન ઉડ઼ાઈ।**
**એહિ બિધિ સદા ગગનચર ખાઈ॥**
**સોઇ છલ હનૂમાન કહઁ કીન્હા।**
**તાસુ કપટુ કપિ તુરતહિં ચીન્હા॥ ૨॥**

એ પડછાયાને પકડી લેતી હતી; તેથી તે ઊડી શકતાં ન હતાં [અને જળમાં પડી જતાં હતાં]. આ પ્રમાણે તે કાયમ આકાશમાં ઊડનારા જીવોને ખાધે રાખતી હતી. તેણીએ એ જ છળ હનુમાનજી સાથે પણ

કર્યું. હનુમાનજીએ તરત જ તેનું કપટ ઓળખી લીધું. ॥ ૨॥

**તાહિ મારિ મારુત સુત બીરા ।**
**બારિધિ પાર ગયઉ મતિધીરા ॥**
**તહાઁ જાઈ દેખી બન સોભા ।**
**ગુંજત ચંચરીક મધુ લોભા ॥ ૩॥**

પવનપુત્ર ધીરબુદ્ધિ વીર હનુમાનજી તેને મારીને સમુદ્રની પાર ગયા. ત્યાં જઈને તેમણે વનની શોભા જોઈ. મધુ(પુષ્પરસ)ના લોભે ભમરા ગુંજન કરી રહ્યા હતા. ॥ ૩॥

**નાના તરુ ફલ ફૂલ સુહાએ ।**
**ખગ મૃગ બૃંદ દેખિ મન ભાએ ॥**
**સૈલ બિસાલ દેખિ એક આગેં ।**
**તા પર ધાઈ ચઢ઼ેઉ ભય ત્યાગેં ॥ ૪॥**

અનેક પ્રકારનાં વૃક્ષ ફળ-ફૂલથી શોભિત છે. પક્ષી અને પશુઓના સમૂહને જોઈને તો તેઓ મનમાં ઘણા જ પ્રસન્ન થયા. સામે એક વિશાળ પર્વતને જોઈને હનુમાનજી ભય ત્યાગીને તેના પર દોડીને જઈ ચઢ્યા. ॥ ૪॥

**ઉમા ન કછુ કપિ કૈ અધિકાઈ ।**
**પ્રભુ પ્રતાપ જો કાલહિ ખાઈ ॥**
**ગિરિ પર ચઢ઼િ લંકા તેહિં દેખી ।**
**કહિ ન જાઈ અતિ દુર્ગ બિસેષી ॥ ૫॥**

[શિવજી કહે છે –] હે ઉમા! આમાં વાનર હનુમાનની કંઈ મોટાઈ નથી. આ તો પ્રભુનો પ્રતાપ છે, જે કાળને પણ ખાઈ જાય છે. પર્વત પર ચઢીને તેમણે લંકા જોઈ. ઘણો જ મોટો કિલ્લો છે, કંઈ કહી નથી શકાતો. ॥ ૫॥

**અતિ ઉતંગ જલનિધિ ચહુઁ પાસા ।**
**કનક કોટ કર પરમ પ્રકાસા ॥ ૬॥**

તે અત્યંત ઊંચો છે, તેની ચારેય કોર સમુદ્ર છે. સોનાના કોટ(વંડા)નો પરમ પ્રકાશ થઈ રહ્યો છે. ॥ ૬॥

[છંદ ૧]

**કનક કોટ બિચિત્ર મનિ કૃત સુંદરાયતના ઘના ।**
**ચઉહટ્ટ હટ્ટ સુબટ્ટ બીથીં ચારુ પુર બહુ બિધિ બના ॥**
**ગજ બાજિ ખચ્ચર નિકર પદચર રથ બરૂથન્હિ કો ગનૈ ।**
**બહુરૂપ નિસિચર જૂથ અતિબલ સેન બરનત નહિં બનૈ ॥ ૧॥**

વિચિત્ર મણિઓથી જડેલો સોનાનો કોટ છે, તેની અંદર ઘણાં જ સુંદર-સુંદર ઘર છે. ચાર રસ્તાઓ, બજાર, સુંદર માર્ગો અને શેરીઓ છે; સુંદર નગર અનેક પ્રકારે શણગારેલું છે. હાથી, ઘોડા, ખચ્ચરોના સમૂહ તથા પગપાળા (પાયદળ) અને રથોના સમૂહોને કોણ ગણી શકે છે! અનેક પ્રકારનાં રાક્ષસોનાં દળો છે, તેમની અત્યંત બળશાળી સેના વર્ણવી જ શકાતી નથી. ॥ ૧॥

[છંદ ૨]

**બન બાગ ઉપબન બાટિકા સર કૂપ બાપીં સોહહીં ।**
**નર નાગ સુર ગંધર્બ કન્યા રૂપ મુનિ મન મોહહીં ॥**
**કહુઁ માલ દેહ બિસાલ સૈલ સમાન અતિબલ ગર્જહીં ।**
**નાના અખારેન્હ ભિરહિં બહુબિધિ એક એકન્હ તર્જહીં ॥ ૨॥**

વન, બાગ, ઉપવન, ફૂલવાડી, તળાવ, કૂવા અને વાવડીઓ સુશોભિત છે. મનુષ્ય, નાગ, દેવો અને ગંધર્વોની કન્યાઓ પોતાના સૌન્દર્યથી મુનિઓનાંય મનોને મોહી લે છે. ક્યાંક પર્વત સમાન વિશાળ શરીરવાળા ઘણા જ બળવાન મલ્લ (પહેલવાન) ગરજી રહ્યા છે. તેઓ અનેક અખાડાઓમાં અનેક પ્રકારે ભીડાય છે અને એકબીજાને લલકારે છે. ॥ ૨॥

[છંદ ૩]

કરિ જતન ભટ કોટિન્હ બિકટ તન નગર ચહુઁ દિસિ રચ્છહીં ।
કહુઁ મહિષ માનુષ ધેનુ ખર અજ ખલ નિસાચર ભચ્છહીં ॥
એહિ લાગિ તુલસીદાસ ઇન્હ કી કથા કછુ એક હૈ કહી ।
રઘુબીર સર તીરથ સરીરન્હિ ત્યાગિ ગતિ પૈહહિં સહી ॥ ૩॥

ભયંકર શરીરવાળા કરોડો યોદ્ધા યત્ન કરીને (ઘણી ચોકસાઈથી) નગરની ચારેય દિશાઓમાં (સર્વ બાજુથી) રખેવાળી કરે છે. ક્યાંક દુષ્ટ રાક્ષસ ભેંસો, મનુષ્યો, ગાયો, ગધેડાં અને બકરાઓને ખાઈ રહ્યા છે. તુલસીદાસે આની કથા એટલા માટે કંઈક ટૂંકમાં જ કહી છે કે તે (રાક્ષસો) ચોક્કસ શ્રીરામચન્દ્રજીના બાણરૂપી તીર્થમાં શરીરોને ત્યાગીને પરમગતિને પામશે. ॥ ૩॥

[દોહા ૩]

પુર રખવારે દેખિ બહુ કપિ મન કીન્હ બિચાર ।
અતિ લઘુ રૂપ ધરૌં નિસિ નગર કરૌં પઈસાર ॥

નગરના બહુસંખ્યક રખેવાળોને જોઈને હનુમાનજીએ મનમાં વિચાર કર્યો કે અત્યંત નાનું રૂપ ધરું અને રાત્રિના સમયે નગરમાં પ્રવેશ કરું. ॥ ૩॥

મસક સમાન રૂપ કપિ ધરી ।
લંકહિ ચલેઉ સુમિરિ નરહરી ॥
નામ લંકિની એક નિસિચરી ।
સો કહ ચલેસિ મોહિ નિંદરી ॥ ૧॥

હનુમાનજી મચ્છર સમાન (નાનકડું) રૂપ ધારણ કરીને નરસિંહરૂપે લીલા કરનારા પુરુષસિંહ રામ અને લક્ષ્મણનું સ્મરણ કરીને લંકાએ ચાલ્યા. [લંકાના દ્વાર ઉપર] લંકિની નામની એક રાક્ષસી રહેતી હતી. તે બોલી - મારો અનાદર કરીને (મને પૂછ્યા

વિના) ક્યાં ચાલ્યો જઈ રહ્યો છે? ॥ ૧॥

**જાનેહિ નહીં મરમુ સઠ મોરા।**
**મોર અહાર જહાँ લગિ ચોરા॥**
**મુઠિકા એક મહા કપિ હની।**
**રુધિર બમત ધરનીં ઢનમની॥ ૨॥**

હે મૂર્ખ! તેં મારો ભેદ નથી જાણ્યો? જ્યાં સુધી (જેટલા) ચોર છે, તે સર્વે મારા આહાર છે. મહાકપિ હનુમાનજીએ તેને એક ઠૂંસો માર્યો, જેનાથી તે લોહીની ઊલટી કરતાં પૃથ્વી પર ઢળી પડી. ॥ ૨॥

**પુનિ સંભારિ ઉઠી સો લંકા।**
**જોરિ પાનિ કર બિનય સસંકા॥**
**જબ રાવનહિ બ્રહ્મ બર દીન્હા।**
**ચલત બિરંચિ કહા મોહિ ચીન્હા॥ ૩॥**

તે લંકિની પછી સંભાળીને ઊઠી અને ભયને લીધે હાથ જોડીને વિનંતી કરવા લાગી. [તે બોલી] રાવણને જ્યારે બ્રહ્માજીએ વર આપ્યો હતો, ત્યારે જતી વખતે તેમણે મને રાક્ષસોના વિનાશની આ ઓળખાણ આપી દીધી હતી કે - ॥ ૩॥

**બિકલ હોસિ તૈં કપિ કે મારે।**
**તબ જાનેસુ નિસિચર સંઘારે॥**
**તાત મોર અતિ પુન્ય બહૂતા।**
**દેખેઉઁ નયન રામ કર દૂતા॥ ૪॥**

જ્યારે તું વાનરના મારવાથી વ્યાકુળ થઈ જાય, ત્યારે તું રાક્ષસોનો સંહાર થયો જાણી લેજે. હે તાત! મારાં અત્યંત મોટાં પુણ્ય છે. કે હું શ્રીરામચન્દ્રજીના દૂત(આપ)ને નેત્રોથી જોવા પામી. ॥ ૪॥

[દોહા ૪]

**તાત સ્વર્ગ અપબર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ।**
**તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સતસંગ ॥**

હે તાત! સ્વર્ગ અને મોક્ષનાં સર્વે સુખોને ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે, તો પણ તે સર્વે મળીને [બીજા પલ્લામાં રાખેલા] તે સુખોની બરાબર નથી થઈ શકતાં, જે લવમાત્રના (ક્ષણમાત્ર)ના સત્સંગથી થાય છે. ॥૪॥

**પ્રબિસિ નગર કીજે સબ કાજા।**
**હૃદયઁ રાખિ કોસલપુર રાજા ॥**
**ગરલ સુધા રિપુ કરહિં મિતાઈ।**
**ગોપદ સિંધુ અનલ સિતલાઈ ॥ ૧॥**

અયોધ્યાપુરીના રાજા શ્રીરઘુનાથજીને હૃદયમાં રાખીને નગરમાં પ્રવેશીને સર્વે કાર્ય કરો. જેને શ્રીરામચન્દ્રજીએ એક વાર કૃપા કરીને જોઈ લીધો. તેની સાથે શત્રુ પણ મિત્રતા કરવા માંડે છે, એને માટે વિષ અમૃત થઈ જાય છે, સમુદ્ર ગાયની ખરી જેટલો થઈ જાય છે, અગ્નિમાં શીતળતા આવી જાય છે. ॥ ૧॥

**ગરુડ઼ સુમેરુ રેનુ સમ તાહી।**
**રામ કૃપા કરિ ચિતવા જાહી ॥**
**અતિ લઘુ રૂપ ધરેઉ હનુમાના।**
**પૈઠા નગર સુમિરિ ભગવાના ॥ ૨॥**

અને હે ગરુડજી! સુમેરુ પર્વત એને માટે રજ સમાન થઈ જાય છે, પછી હનુમાનજીએ ઘણું જ નાનું રૂપ ધારણ કર્યું અને ભગવાનનું સ્મરણ કરીને નગરમાં પ્રવેશ કર્યો. ॥ ૨॥

**મંદિર મંદિર પ્રતિ કરિ સોધા।**
**દેખે જહઁ તહઁ અગનિત જોધા ॥ ૩।**

**ગયઉ દસાનન મંદિર માહીં।**
**અતિ બિચિત્ર કહિ જાત સો નાહીં ॥૩॥**

તેમણે એકેએક (પ્રત્યેક) મહેલમાં તપાસ કરી. જ્યાં - ત્યાં અસંખ્ય યોદ્ધા જોયા. પછી તે રાવણના મહેલમાં ગયા. તે અત્યંત વિચિત્ર હતો, જેનું વર્ણન નથી થઈ શકતું. ॥૩॥

**સયન કિએँ દેખા કપિ તેહી।**
**મંદિર મહુઁ ન દીખિ બૈદેહી ॥**
**ભવન એક પુનિ દીખ સુહાવા।**
**હરિ મંદિર તહઁ ભિન્ન બનાવા ॥૪॥**

હનુમાનજીએ તેને (રાવણને) શયન કરતાં જોયો; પરંતુ મહેલમાં જાનકીજી જોવામાં ન આવ્યાં. પછી એક સુંદર મહેલ દેખાયો; જ્યાં ભગવાનનું એક જુદું મંદિર પણ બનેલું હતું. ॥૪॥

[દોહા ૫]

**રામાયુધ અંકિત ગૃહ સોભા બરનિ ન જાઇ।**
**નવ તુલસિકા બૃંદ તહઁ દેખિ હરષ કપિરાઇ ॥**

તે મહેલ શ્રીરામજીના આયુધ(ધનુષ-બાણ)ના ચિહ્નોથી અંકિત હતો, તેની શોભા વર્ણવી શકાતી નથી. ત્યાં નવીન-નવીન (તાજાં તાજાં) તુલસીના વૃક્ષસમૂહોને જોઈને કપિરાજ શ્રીહનુમાનજી હરખાયા. ॥૫॥

**લંકા નિસિચર નિકર નિવાસા।**
**ઇહાઁ કહાઁ સજ્જન કર બાસા ॥**
**મન મહુઁ તરક કરૈં કપિ લાગા।**
**તેહીં સમય બિભીષનુ જાગા ॥૧॥**

લંકા તો રાક્ષસોના સમૂહનું નિવાસસ્થાન છે. અહીં સજ્જન(સાધુ પુરુષ)નો નિવાસ ક્યાંથી? હનુમાનજી મનમાં આ પ્રકારનો તર્ક કરવા લાગ્યા. તે જ સમયે વિભીષણજી જાગ્યા. ॥ ૧॥

**રામ રામ તેહિં સુમિરન કીન્હા ।**
**હૃદયઁ હરષ કપિ સજ્જન ચીન્હા ॥**
**એહિ સન હઠિ કરિહઉઁ પહિચાની ।**
**સાધુ તે હોઈ ન કારજ હાની ॥ ૨॥**

તેમણે (વિભીષણે) રામનામનું સ્મરણ કર્યું. હનુમાનજીએ તેમને સજ્જન જાણ્યા અને હૃદયમાં હર્ષિત થયા. [હનુમાનજીએ વિચાર કર્યો કે] આમનો પોતાની તરફથી જ હું પરિચય કરીશ, કેમકે સાધુથી કાર્યની હાનિ થતી નથી [પ્રત્યુત લાભ જ થાય છે] ॥ ૨॥

**બિપ્ર રૂપ ધરિ બચન સુનાએ ।**
**સુનત બિભીષન ઉઠિ તહઁ આએ ॥**
**કરિ પ્રનામ પૂઁછી કુસલાઈ ।**
**બિપ્ર કહહુ નિજ કથા બુઝાઈ ॥ ૩॥**

બ્રાહ્મણનું રૂપ ધરીને હનુમાનજીએ તેમને વચન સંભળાવ્યાં. સાંભળતાં જ વિભીષણજી ઊઠીને ત્યાં આવ્યા. પ્રણામ કરીને કુશળ પૂછ્યા [અને કહ્યું કે] હે બ્રાહ્મણ દેવ! આપની કથા સમજાવીને કહો. ॥ ૩॥

**કી તુમ્હ હરિ દાસન્હ મહઁ કોઈ ।**
**મોરેં હૃદય પ્રીતિ અતિ હોઈ ॥**
**કી તુમ્હ રામુ દીન અનુરાગી ।**
**આયહુ મોહિ કરન બડ઼ભાગી ॥ ૪॥**

શું આપ હરિભક્તોમાંથી કોઈ છો? કેમકે આપને જોઈને મારા હૃદયમાં અત્યંત પ્રેમ ઊભરાઈ રહ્યો છે. અથવા શું આપ દીનોને પ્રેમ

કરનારા સ્વયં શ્રીરામજી જ છો, જે મને ધનભાગી બનાવવા (ઘેરબેઠાં દર્શન દઈને કૃતાર્થ કરવા) આવ્યા છો? ॥ ૪॥

[દોહા ૬]

**તબ હનુમંત કહી સબ રામ કથા નિજ નામ।**
**સુનત જુગલ તન પુલક મન મગન સુમિરિ ગુન ગ્રામ ॥**

પછી હનુમાનજીએ શ્રીરામચન્દ્રજીની સમસ્ત કથા કહીને પોતાનું નામ જણાવ્યું. સાંભળતાં જ બંનેનાં શરીર પુલકિત થઈ ગયાં અને શ્રીરામજીના ગુણસમૂહોનું સ્મરણ કરીને બંનેનાં મન [પ્રેમ અને આનંદમાં] મગ્ન થઈ ગયાં. ॥ ૬॥

**સુનહુ પવનસુત રહનિ હમારી।**
**જિમિ દસનન્હિ મહુઁ જીભ બિચારી ॥**
**તાત કબહુઁ મોહિ જાનિ અનાથા।**
**કરિહહિં કૃપા ભાનુકુલ નાથા ॥ ૧॥**

[વિભીષણજીએ કહ્યું -] હે પવનપુત્ર! મારી રહેણી સાંભળો. હું અહીં એમ રહું છું, જેમ દાંતોની વચ્ચે બિચારી જીભ! હે તાત! મને અનાથ જાણીને સૂર્યકુળના નાથ શ્રીરામચન્દ્રજી શું મારા ઉપર ક્યારેક કૃપા કરશે? ॥ ૧॥

**તામસ તનુ કછુ સાધન નાહીં।**
**પ્રીતિ ન પદ સરોજ મન માહીં ॥**
**અબ મોહિ ભા ભરોસ હનુમંતા।**
**બિનુ હરિકૃપા મિલહિં નહિં સંતા ॥ ૨॥**

મારું તામસી (રાક્ષસ) શરીર હોવાથી સાધન તો કંઈ થતું નથી અને મનમાંય શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોમાં પ્રેમેય નથી. પરંતુ હે હનુમાન! હવે મને વિશ્વાસ થઈ ગયો કે શ્રીરામજીની મારા પર કૃપા

છે; કારણ કે હરિની કૃપા વિના સંત મળતા નથી. ॥ ૨॥

**જૌં રઘુબીર અનુગ્રહ કીન્હા ।**
**તૌ તુમ્હ મોહિ દરસુ હઠિ દીન્હા ॥**
**સુનહુ બિભીષન પ્રભુ કૈ રીતી ।**
**કરહિં સદા સેવક પર પ્રીતી ॥ ૩॥**

જ્યારે શ્રીરઘુવીરે કૃપા કરી છે, ત્યારે જ તો તમે મને હઠ કરીને (પોતાની તરફથી) દર્શન આપ્યાં છે. [હનુમાનજીએ કહ્યું -] હે વિભીષણજી! સાંભળો, પ્રભુની આ જ રીત છે કે તેઓ સેવક પર સદાય પ્રેમ કર્યા કરે છે. ॥ ૩॥

**કહહુ કવન મૈં પરમ કુલીના ।**
**કપિ ચંચલ સબહીં બિધિ હીના ॥**
**પ્રાત લેઈ જો નામ હમારા ।**
**તેહિ દિન તાહિ ન મિલૈ અહારા ॥ ૪॥**

ભલા કહો, હું જ કયો મોટો કુળવાન છું? [જાતિએ] ચંચળ વાનર છું અને સર્વ પ્રકારે નીચ છું. પ્રાતઃકાળે જે અમારા લોકોનું નામ લઈ લે તો તેને તે દિવસે ભોજન ન મળે; ॥ ૪॥

[દોહા ૭]

**અસ મૈં અધમ સખા સુનુ મોહૂ પર રઘુબીર ।**
**કીન્હી કૃપા સુમિરિ ગુન ભરે બિલોચન નીર ॥**

હે સખા! સાંભળો, હું આવો અધમ છું; પણ શ્રીરામચન્દ્રજીએ તો મારા પર પણ કૃપા જ કરી છે. ભગવાનના ગુણોનું સ્મરણ કરીને હનુમાનજીનાં બંને નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરાઈ આવ્યું. ॥ ૭॥

**જાનતહૂઁ અસ સ્વામિ બિસારી ।**
**ફિરહિં તે કાહે ન હોહિં દુખારી ॥**

એહિ બિધિ કહત રામ ગુન ગ્રામા ।
પાવા અનિર્બાચ્ય બિશ્રામા ॥ ૧ ॥

જાણવા છતાંય આવા સ્વામી(શ્રીરઘુનાથજી)ને ભૂલીને જે [વિષયો પાછળ] ભટકતાં ફરે છે, તે દુઃખી કેમ ન થાય? આ પ્રમાણે શ્રીરામજીના ગુણસમૂહોને કહેતાં તેમણે અનિર્વચનીય (પરમ) શાંતિ પ્રાપ્ત કરી. ॥ ૧ ॥

પુનિ સબ કથા બિભીષન કહી ।
જેહિ બિધિ જનકસુતા તહઁ રહી ॥
તબ હનુમંત કહા સુનુ ભ્રાતા ।
દેખી ચહઉઁ જાનકી માતા ॥ ૨ ॥

પછી વિભીષણજીએ, શ્રીજાનકીજી જે રીતે ત્યાં રહેતાં હતાં, તે સઘળી કથા કહી સંભળાવી. ત્યારે હનુમાનજીએ કહ્યું - હે ભાઈ! સાંભળો, હું જાનકી માતાને જોવા માગું છું. ॥ ૨ ॥

જુગુતિ બિભીષન સકલ સુનાઈ ।
ચલેઉ પવનસુત બિદા કરાઈ ॥
કરિ સોઈ રૂપ ગયઉ પુનિ તહવાઁ ।
બન અસોક સીતા રહ જહવાઁ ॥ ૩ ॥

વિભીષણજીએ [માતાનાં દર્શન માટે] સર્વે યુક્તિઓ કહી સંભળાવી. પછી હનુમાનજી વિદાય લઈને ચાલ્યા. પાછા તે જ પહેલાના મચ્છર જેવા રૂપને ધરીને ત્યાં ગયા, જ્યાં અશોક વનમાં વનના જે ભાગમાં સીતાજી રહેતાં હતાં. ॥ ૩ ॥

દેખિ મનહિં મહુઁ કીન્હ પ્રનામા ।
બૈઠેહિં બીતિ જાત નિસિ જામા ॥

**કૃસ તનુ સીસ જટા એક બેની।**
**જપતિ હૃદયઁ રઘુપતિ ગુન શ્રેની ॥૪॥**

સીતાજીને જોઈને હનુમાનજીએ તેમને મનોમન પ્રણામ કર્યાં. તેમને બેઠાં બેઠાં જ રાત્રિના ચારેય પ્રહર વીતી જાય છે. શરીર દૂબળું થઈ ગયું છે, સિર પર જટાઓની એક વેણી (લટ) છે. હૃદયમાં શ્રીરઘુનાથજીના ગુણસમૂહોના જપ કરતાં રહે છે. ॥૪॥

[દોહા ૮]

**નિજ પદ નયન દિએઁ મન રામ પદ કમલ લીન।**
**પરમ દુખી ભા પવનસુત દેખિ જાનકી દીન॥**

શ્રીજાનકીજીએ નેત્રોને પોતાનાં ચરણોમાં લગાવી રાખ્યાં છે (નીચું જ જોઈ રહ્યાં છે) અને મન શ્રીરામજીનાં ચરણકમળોમાં લીન છે. જાનકીજીને દીન જોઈને પવનપુત્ર હનુમાનજી ઘણા જ દુ:ખી થયા. ॥૮॥

**તરુ પલ્લવ મહુઁ રહા લુકાઈ।**
**કરઈ બિચાર કરૌં કા ભાઈ॥**
**તેહિ અવસર રાવનુ તહઁ આવા।**
**સંગ નારિ બહુ કિએઁ બનાવા॥૧॥**

હનુમાનજી વૃક્ષનાં પાંદડાંઓમાં છુપાઈ રહ્યા અને વિચાર કરવા લાગ્યા કે હે ભાઈ! શું કરું (આમનું દુ:ખ કેવી રીતે દૂર કરું)? તે જ સમયે ઘણી જ સ્ત્રીઓને સાથે લઈને ઠાઠ-માઠથી રાવણ ત્યાં આવ્યો. ॥૧॥

**બહુ બિધિ ખલ સીતહિ સમુઝાવા।**
**સામ દાન ભય ભેદ દેખાવા॥**
**કહ રાવનુ સુનુ સુમુખિ સયાની।**
**મંદોદરી આદિ સબ રાની॥૨॥**

તે દુષ્ટે સીતાજીને ઘણી રીતે સમજાવ્યાં. સામ, દાન, ભય અને ભેદ બતાડ્યો. રાવણે કહ્યું - હે સુમુખી! હે ચતુર! સાંભળ, મંદોદરી આદિ સર્વે રાણીઓને– ॥ ૨॥

**તવ અનુચરીં કરઉઁ પન મોરા।**
**એક બાર બિલોકુ મમ ઓરા॥**
**તૃન ધરિ ઓટ કહતિ બૈદેહી।**
**સુમિરિ અવધપતિ પરમ સનેહી॥૩॥**

હું તારી દાસી બનાવી દઈશ, આ મારું પ્રણ છે. તું એકવાર મારી સામે જો તો ખરી! પોતાના પરમ સ્નેહી કૌશલાધીશ શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરીને જાનકીજી તણખલાની આડ કરીને કહેવા લાગ્યાં– ॥ ૩॥

**સુનુ દસમુખ ખદ્યોત પ્રકાસા।**
**કબહુઁ કિ નલિની કરઇ બિકાસા॥**
**અસ મન સમુઝુ કહતિ જાનકી।**
**ખલ સુધિ નહિં રઘુબીર બાન કી॥૪॥**

હે દશમુખ! સાંભળ, આગિયાના પ્રકાશથી કદીય કમલિની ખીલી શકે છે? જાનકીજી પાછા કહે છે - તું [પોતાના માટેય] આવું જ મનમાં સમજી લે. અરે દુષ્ટ! તને શ્રીરઘુવીરના બાણની ખબર જ નથી. ॥ ૪॥

**સઠ સૂનેં હરિ આનેહિ મોહી।**
**અધમ નિલજ્જ લાજ નહિં તોહી॥૫॥**

અરે પાપી! તું મને એકાંતમાંથી હરી લાવ્યો છે. અરે અધમ! નિર્લજ્જ! તને લાજ નથી આવતી? ॥ ૫॥

[દોહા ૯]

આપુહિ સુનિ ખદ્યોત સમ રામહિ ભાનુ સમાન ।
પરુષ બચન સુનિ કાઢ઼િ અસિ બોલા અતિ ખિસિઆન ॥

પોતાને આગિયા સમાન અને રામચન્દ્રજીને સૂર્યની સમાન સાંભળીને અને સીતાજીનાં કઠોર વચનોને સાંભળી રાવણ ઘણો ખસિયાણો પડી ગયો અને તલવાર કાઢીને બહુ ગુસ્સામાં આવીને બોલ્યો - ॥ ૯॥

સીતા તૈં મમ કૃત અપમાના ।
કટિહઉઁ તવ સિર કઠિન કૃપાના ॥
નાહિં ત સપદિ માનુ મમ બાની ।
સુમુખિ હોતિ ન ત જીવન હાની ॥ ૧ ॥

સીતા! તેં મારું અપમાન કર્યું છે. હું તારું સિર આ કઠોર કૃપાણથી કાપી નાંખીશ. નહીં તો [હજી પણ] જલદી મારી વાત માની લે. હે સુમુખી! નહીં તો જીવનથી હાથ ધોવા પડશે! ॥ ૧॥

સ્યામ સરોજ દામ સમ સુંદર ।
પ્રભુ ભુજ કરિ કર સમ દસકંધર ॥
સો ભુજ કંઠ કિ તવ અસિ ઘોરા ।
સુનુ સઠ અસ પ્રવાન પન મોરા ॥ ૨॥

[સીતાજીએ કહ્યું -] હે દશગ્રીવ! પ્રભુની ભુજા જે શ્યામ કમળની માળા સમાન સુંદર અને હાથીની સૂંઢ જેવી [પુષ્ટ તથા વિશાળ] છે, કાં તો તે ભુજા જ મારા કંઠમાં પડશે કાં તારી ભયાનક તલવાર! અરે શઠ! સાંભળ, આ જ મારું ખરું પ્રણ છે. ॥ ૨॥

ચંદ્રહાસ હરુ મમ પરિતાપં ।
રઘુપતિ બિરહ અનલ સંજાતં ॥
સીતલ નિસિત બહસિ બર ધારા ।
કહ સીતા હરુ મમ દુખ ભારા ॥ ૩॥

સીતાજી કહે છે - હે ચન્દ્રહાસ (તલવાર)! શ્રીરઘુનાથજીના વિરહની અગ્નિથી ઉત્પન્ન મારા ઘણા ભારે દાહને તું હરી લે! હે તલવાર! તું શીતળ, તીવ્ર અને શ્રેષ્ઠ ધારા વહાવે છે (અર્થાત્ તારી ધાર ઠંડી અને તેજ છે), તું મારા દુઃખના ભારને હરી લે. ॥ ૩॥

**સુનત બચન પુનિ મારન ધાવા ।**
**મયતનયાઁ કહિ નીતિ બુઝાવા ॥**
**કહેસિ સકલ નિસિચરન્હિ બોલાઈ ।**
**સીતહિ બહુ બિધિ ત્રાસહુ જાઈ ॥ ૪॥**

સીતાજીનાં આ વચન સાંભળતાં જ તે મારવા દોડ્યો. ત્યારે મયદાનવની પુત્રી મંદોદરીએ નીતિ કહીને તેને સમજાવ્યો. પછી રાવણે સર્વે રાક્ષસીઓને બોલાવીને કહ્યું કે જઈને સીતાજીને ઘણી રીતે ભય પમાડો. ॥ ૪॥

**માસ દિવસ મહુઁ કહા ન માના ।**
**તૌ મૈં મારબિ કાઢ઼િ કૃપાના ॥ ૫॥**

જો માસભરમાં આ કહેવું ન માને તો હું આ તલવાર કાઢીને એને મારી નાંખીશ. ॥ ૫॥

[દોહા ૧૦]

**ભવન ગયઉ દસકંધર ઈહાઁ પિસાચિનિ બૃંદ ।**
**સીતહિ ત્રાસ દેખાવહિં ધરહિં રૂપ બહુ મંદ ॥**

[આમ કહીને] રાવણ ઘેર ચાલ્યો ગયો. અહીં રાક્ષસીઓના સમૂહ ઘણાં જ કુરૂપ ધારણ કરીને સીતાને ભય પમાડવા લાગ્યા. ॥ ૧૦॥

**ત્રિજટા નામ રાચ્છસી એકા ।**
**રામ ચરન રતિ નિપુન બિબેકા ॥**
**સબન્હૌ બોલિ સુનાએસિ સપના ।**
**સીતહિ સેઈ કરહુ હિત અપના ॥ ૧॥**

તેમાં એક ત્રિજટા નામની રાક્ષસી હતી. તેની શ્રીરામચન્દ્રજીના ચરણોમાં પ્રીતિ હતી અને તે વિવેક(જ્ઞાન)માં નિપુણ હતી. તેણે સર્વેને બોલાવીને પોતાનું સ્વપ્ન સંભળાવ્યું અને કહ્યું - સીતાજીની સેવા કરીને પોતાનું કલ્યાણ કરી લો. ॥ ૧॥

**સપનેં બાનર લંકા જારી ।**
**જાતુધાન સેના સબ મારી ॥**
**ખર આરુઢ઼ નગન દસસીસા ।**
**મુંડિત સિર ખંડિત ભુજ બીસા ॥ ૨॥**

સ્વપ્નમાં [મેં જોયું કે] એક વાનરે લંકા બાળી નાખી. રાક્ષસોની આખી સેના મારી નાખવામાં આવી. રાવણ ગધેડા પર નાગો બેઠેલો છે. તેનાં માથાં મુંડાવેલાં છે, વીસેય ભુજાઓ કપાયેલી છે. ॥ ૨॥

**એહિ બિધિ સો દચ્છિન દિસિ જાઈ ।**
**લંકા મનહુઁ બિભીષન પાઈ ॥**
**નગર ફિરી રઘુબીર દોહાઈ ।**
**તબ પ્રભુ સીતા બોલિ પઠાઈ ॥ ૩॥**

આ પ્રમાણે તે દક્ષિણ (યમપુરીની) દિશામાં જઈ રહ્યો છે અને જાણે લંકા વિભીષણને મળી છે. નગરમાં શ્રીરામચન્દ્રજીની આણ વર્તાઈ ગઈ છે. પછી પ્રભુએ સીતાજીને તેડું મોકલ્યું. ॥ ૩॥

**યહ સપના મૈં કહઉઁ પુકારી ।**
**હોઇહિ સત્ય ગએઁ દિન ચારી ॥**
**તાસુ બચન સુનિ તે સબ ડરીં ।**
**જનકસુતા કે ચરનન્હિ પરીં ॥ ૪॥**

હુ પોકારીને (નિશ્ચય સાથે) કહું છું કે આ સ્વપ્ન ચાર (થોડાક જ) દિવસો પછી સત્ય થઈને રહેશે. તેનાં વચન સાંભળીને તે સર્વે રાક્ષસીઓ ડરી ગઈ અને જાનકીજીના ચરણે પડી ગઈ. ॥૪॥

[દોહા ૧૧]

**જહઁ તહઁ ગઈં સકલ તબ સીતા કર મન સોચ ।**
**માસ દિવસ બીતેં મોહિ મારિહિ નિસિચર પોચ ॥**

(આ પછી) તે સર્વે આસ-પાસ ચાલી ગઈ. સીતાજી મનમાં વિચાર કરવા લાગ્યાં કે એક મહિનો વીત્યે નીચ રાક્ષસ રાવણ મને મારશે. ॥૧૧॥

**ત્રિજટા સન બોલીં કર જોરી ।**
**માતુ બિપતિ સંગિનિ તૈં મોરી ॥**
**તજૌં દેહ કરુ બેગિ ઉપાઈ ।**
**દુસહ બિરહુ અબ નહિં સહિ જાઈ ॥ ૧ ॥**

સીતાજીએ હાથ જોડીને ત્રિજટાને કહ્યું - હે માતા! તું મારી વિપત્તિની સંગિની (સાથી) છે. જલદી કોઈ એવો ઉપાય કર, જેથી હું શરીર ત્યજી શકું. વિરહ અસહ્ય થઈ ચાલ્યો છે. હવે, એ સહેવાતો નથી. ॥૧॥

**આનિ કાઠ રચુ ચિતા બનાઈ ।**
**માતુ અનલ પુનિ દેહિ લગાઈ ॥**
**સત્ય કરહિ મમ પ્રીતિ સયાની ।**
**સુનૈ કો શ્રવન સૂલ સમ બાની ॥ ૨ ॥**

લાકડાં લાવીને ચિતા બનાવી તૈયાર કરી દે. હે માતા! પછી તેમાં આગ ચાંપી દે. હે સમજુ! તું મારી પ્રીતિને સત્ય કરી દે. રાવણની શૂળ સમાન દુઃખ આપનારી વાણી કાનોથી કોણ સાંભળે? ॥ ૨॥

**સુનત બચન પદ ગહિ સમુઝાએસિ ।**
**પ્રભુ પ્રતાપ બલ સુજસુ સુનાએસિ ॥**
**નિસિ ન અનલ મિલ સુનુ સુકુમારી ।**
**અસ કહિ સો નિજ ભવન સિધારી ॥ ૩॥**

સીતાજીનાં વચન સાંભળીને ત્રિજટાએ ચરણ પકડીને તેમને સમજાવ્યાં અને પ્રભુનો પ્રતાપ, બળ અને સુયશ સંભળાવ્યો. [તેણીએ કહ્યું -] હે સુકુમારી! સાંભળો, રાત્રિના સમયે આગ નહિ મળે. એમ કહીને તે પોતાના ઘેર ચાલી ગઈ. ॥ ૩॥

**કહ સીતા બિધિ ભા પ્રતિકૂલા ।**
**મિલિહિ ન પાવક મિટિહિ ન સૂલા ॥**
**દેખિઅત પ્રગટ ગગન અંગારા ।**
**અવનિ ન આવત એકઉ તારા ॥ ૪॥**

સીતાજી [મનમાં ને મનમાં] કહેવા લાગ્યાં - [શું કરું?] વિધાતા જ વિપરીત થઈ ગયો. ન આગ મળશે, ન પીડા મટશે. આકાશમાં અંગારા પ્રગટ દેખાઈ રહ્યા છે, પણ પૃથ્વી પર એકેય તારો નથી આવતો. ॥ ૪॥

**પાવકમય સસિ સ્ત્રવત ન આગી ।**
**માનહુઁ મોહિ જાનિ હતભાગી ॥**
**સુનહિ બિનય મમ બિટપ અસોકા ।**
**સત્ય નામ કરુ હરુ મમ સોકા ॥ ૫॥**

ચન્દ્ર અગ્નિમય છે, પરંતુ તે પણ જાણે મને ભાગ્યહીન જાણીને આગ નથી વરસાવતો. હે અશોકવૃક્ષ! મારી વિનંતી સાંભળ! મારો શોક હરી લે અને પોતાનું અશોક નામ સાર્થક કર. ॥ ૫॥

નૂતન કિસલય અનલ સમાના।
દેહિ અગિનિ જનિ કરહિ નિદાના॥
દેખિ પરમ બિરહાકુલ સીતા।
સો છન કપિહિ કલપ સમ બીતા॥૬॥

તારા નવાં નવાં [તાજાં-તાજાં] કોમળ પાંદડાં અગ્નિ સમાન છે. અગ્નિ આપ. તેના કારણનો વિચાર ન કર અર્થાત્ અગ્નિ આપું કે નહિ તે વિચારવાની જરૂર નથી. સીતાજીને વિરહથી પરમ વ્યાકુળ થયેલાં જોતાં તે ક્ષણ હનુમાનજીને કલ્પ સમાન વીત્યો. ॥૬॥

[સોરઠા ૧૨]

કપિ કરિ હૃદયઁ બિચાર દીન્હિ મુદ્રિકા ડારિ તબ।
જનુ અસોક અંગાર દીન્હ હરષિ ઉઠિ કર ગહેઉ॥

પછી હનુમાનજીએ હૃદયમાં વિચારીને [સીતાજીની સામે] વીંટી નાંખી દીધી, જાણે અશોકે અંગારો આપી દીધો હોય. સીતાજીએ હરખાઈને ઊભા થઈ તેને હાથમાં લઈ લીધો. ॥૧૨॥

તબ દેખી મુદ્રિકા મનોહર।
રામ નામ અંકિત અતિ સુંદર॥
ચકિત ચિતવ મુદરી પહિચાની।
હરષ બિષાદ હૃદયઁ અકુલાની॥૧॥

ત્યારે તેમણે રામનામથી અંકિત અત્યંત સુંદર અને મનોહર વીંટી જોઈ. વીંટીને ઓળખીને સીતાજી આશ્ચર્યચકિત થઈને એને જોવા લાગ્યાં અને હર્ષ તથા વિષાદથી હૃદયમાં અકળાઈ ઊઠ્યાં. ॥૧॥

જીતિ કો સકઇ અજય રઘુરાઈ।
માયા તેં અસિ રચિ નહિં જાઈ॥

**સીતા મન બિચાર કર નાના।**
**મધુર બચન બોલેઉ હનુમાના ॥ ૨॥**

[તે વિચારવા લાગ્યાં -] શ્રીરઘુનાથજી તો સર્વથા અજેય (અજિત) છે, તેમને કોણ જીતી શકે છે? અને માયાથી આવી (માયાના ઉપાદાનથી સર્વથા રહિત દિવ્ય, ચિન્મય) વીંટી બનાવી શકાતી નથી. સીતાજી મનમાં અનેક પ્રકારના વિચાર કરી રહ્યાં હતાં. આ સમયે હનુમાનજી મધુર વચન બોલ્યા – ॥ ૨॥

**રામચંદ્ર ગુન બરનૈં લાગા।**
**સુનતહિં સીતા કર દુખ ભાગા॥**
**લાગી સુનૈં શ્રવન મન લાઈ।**
**આદિહુ તેં સબ કથા સુનાઈ ॥ ૩॥**

તે શ્રીરામચન્દ્રજીના ગુણોનું વર્ણન કરવા લાગ્યા, [જેને] સાંભળતાં જ સીતાજીનું દુઃખ જતું રહ્યું. તેઓ કાન અને મન લગાવી તેને સાંભળવા માંડ્યા. હનુમાનજીએ આદિથી લઈને સમસ્ત કથા કહી સંભળાવી. ॥ ૩॥

**શ્રવનામૃત જેહિં કથા સુહાઈ।**
**કહી સો પ્રગટ હોતિ કિન ભાઈ॥**
**તબ હનુમંત નિકટ ચલિ ગયઊ।**
**ફિરિ બૈઠીં મન બિસમય ભયઊ ॥ ૪॥**

[સીતાજી બોલ્યાં -] જેણે કાનોને માટે અમૃતરૂપ આ સુંદર કથા કહી, તે હે ભાઈ! પ્રગટ કેમ નથી થતો? ત્યારે હનુમાનજી નજીક ચાલ્યા ગયા. તેમને જોઈને સીતાજી પીઠ ફેરવીને બેસી ગયાં; તેમના મનમાં આશ્ચર્ય થયું. ॥ ૪॥

**રામ દૂત મૈં માતુ જાનકી ।**
**સત્ય સપથ કરુનાનિધાન કી ॥**
**યહ મુદ્રિકા માતુ મૈં આની ।**
**દીન્હિ રામ તુમ્હ કહઁ સહિદાની ॥ ૫॥**

[હનુમાનજીએ કહ્યું -] હે માતા જાનકી! હું શ્રીરામજીનો દૂત છું. કરુણાનિધાનની સાચી શપથ લઉં છું. હે માતા! આ વીંટી હું જ લાવ્યો છું. શ્રીરામજીએ આપના માટે મને આ નિશાની (ઓળખ) આપી છે. ॥ ૫॥

**નર બાનરહિ સંગ કહુ કૈસેં ।**
**કહી કથા ભઈ સંગતિ જૈસેં ॥ ૬॥**

[સીતાજીએ પૂછ્યું -] નર અને વાનરનો સંગ કહો કેવી રીતે થયો? પછી હનુમાનજીએ જેવી રીતે સંગ થયો હતો, તે સર્વ કથા કહી સંભળાવી. ॥ ૬॥

[દોહા ૧૩]

**કપિ કે બચન સપ્રેમ સુનિ ઉપજા મન બિસ્વાસ ।**
**જાના મન ક્રમ બચન યહ કૃપાસિંધુ કર દાસ ॥**

હનુમાનજીનાં પ્રેમયુક્ત વચન સાંભળીને સીતાજીના મનમાં વિશ્વાસ ઉત્પન્ન થઈ ગયો. તેમણે જાણી લીધું કે આ મન, વચન અને કર્મથી કૃપાસાગર શ્રીરઘુનાથજીનો દાસ છે. ॥ ૧૩॥

**હરિજન જાનિ પ્રીતિ અતિ ગાઢ઼ી ।**
**સજલ નયન પુલકાવલિ બાઢ઼ી ॥**
**બૂડ઼ત બિરહ જલધિ હનુમાના ।**
**ભયહુ તાત મો કહુઁ જલજાના ॥ ૧॥**

ભગવાનનો સેવક જાણીને અત્યંત ગાઢ પ્રીતિ થઈ ગઈ. નેત્રોમાં

[પ્રેમાશ્રુઓનું] જળ ભરાઈ આવ્યું અને શરીર અત્યંત પુલકિત થઈ ગયું. [સીતાજીએ કહ્યું –] હે તાત હનુમાન! વિરહસાગરમાં ડૂબતી જતી હું, તમે મારા માટે વહાણ થયા. ॥ ૧॥

**અબ કહુ કુસલ જાઉઁ બલિહારી।**
**અનુજ સહિત સુખ ભવન ખરારી॥**
**કોમલચિત કૃપાલ રઘુરાઈ।**
**કપિ કેહિ હેતુ ધરી નિઠુરાઈ॥ ૨॥**

હું વારી જાઉં છું; હવે, નાના ભાઈ લક્ષ્મણજીસહિત ખરના શત્રુ સુખધામ પ્રભુનાં કુશળ-મંગળ કહો. શ્રીરઘુનાથજી તો કોમળ હૃદય અને કૃપાળુ છે. વળી, હે હનુમાન! તેમણે કયા કારણે આ નિષ્ઠુરતા ધારણ કરી લીધી છે? ॥ ૨॥

**સહજ બાનિ સેવક સુખદાયક।**
**કબહુઁક સુરતિ કરત રઘુનાયક॥**
**કબહુઁ નયન મમ સીતલ તાતા।**
**હોઇહહિં નિરખિ સ્યામ મૃદુ ગાતા॥ ૩॥**

સેવકને સુખ આપવું એ એમની સ્વાભાવિક ટેવ છે. તે શ્રીરઘુનાથજી શું કદી મનેય યાદ કરે છે? હે તાત! શું કદીક એમનાં કોમળ શ્યામ અંગોને જોઈને મારાં નેત્રો શીતળ થશે? ॥ ૩॥

**બચનુ ન આવ નયન ભરે બારી।**
**અહહ નાથ હૌં નિપટ બિસારી॥**
**દેખિ પરમ બિરહાકુલ સીતા।**
**બોલા કપિ મૃદુ બચન બિનીતા॥ ૪॥**

[મુખમાંથી] વચન નથી નીકળતાં, નેત્રોમાં [વિરહના આંસુઓનું]

જળ ભરાઈ આવ્યું. [ઘણા દુઃખ સાથે તે બોલ્યાં -] હા નાથ! આપે મને બિલકુલ જ ભુલાવી દીધી! સીતાજીને વિરહથી પરમ વ્યાકુળ જોઈને હનુમાનજી કોમળ અને નમ્ર વચન બોલ્યા - ॥૪॥

**માતુ કુસલ પ્રભુ અનુજ સમેતા।**
**તબ દુખ દુખી સુકૃપા નિકેતા॥**
**જનિ જનની માનહુ જિયઁ ઊના।**
**તુમ્હ તે પ્રેમુ રામ કેં દૂના॥૫॥**

હે માતા! સુંદર કૃપાના ધામ પ્રભુ ભાઈ લક્ષ્મણજી સહિત કુશળ છે, પરંતુ આપના દુઃખથી દુઃખી છે. હે માતા! મનમાં ગ્લાનિ ન અનુભવો (મન નાનું કરીને દુઃખ ન કરો). શ્રીરામચન્દ્રજીના હૃદયમાં આપના માટે બમણો પ્રેમ છે. ॥૫॥

[દોહા ૧૪]

**રઘુપતિ કર સંદેસુ અબ સુનુ જનની ધરિ ધીર।**
**અસ કહિ કપિ ગદગદ ભયઉ ભરે બિલોચન નીર॥**

હે માતા! હવે ધીરજ ધરીને શ્રીરઘુનાથજીનો સંદેશો સાંભળો. આવું કહીને હનુમાનજી પ્રેમથી ગદ્‌ગદ થઈ ગયા. તેમનાં નેત્રોમાં પ્રેમાશ્રુઓનું જળ ઊભરાઈ આવ્યું. ॥૧૪॥

**કહેઉ રામ બિયોગ તવ સીતા।**
**મો કહુઁ સકલ ભએ બિપરીતા॥**
**નવ તરુ કિસલય મનહુઁ કૃસાનૂ।**
**કાલનિસા સમ નિસિ સસિ ભાનૂ॥૧॥**

[હનુમાનજી બોલ્યા -] શ્રીરામચન્દ્રજીએ કહ્યું છે કે હે સીતે! તમારા વિયોગમાં મારા માટે સઘળા પદાર્થ પ્રતિકૂળ થઈ ગયા છે. વૃક્ષોનાં નવાં-નવાં કોમળ પાંદડાં જાણે અગ્નિના સમાન, રાત્રિ કાળ-રાત્રિ સમાન,

ચન્દ્રમા સૂર્ય સમાન - ॥૧॥

**કુબલય બિપિન કુંત બન સરિસા ।**
**બારિદ તપત તેલ જનુ બરિસા ॥**
**જે હિત રહે કરત તેઈ પીરા ।**
**ઉરગ સ્વાસ સમ ત્રિબિધ સમીરા ॥ ૨॥**

અને કમળોનાં વન ભાલાના (કાંટાના) વનને સમાન થઈ ગયા છે. મેઘ જાણે ઉકળતું તેલ વરસાવે છે. જે હિત કરનારા હતા, તે જ હવે પીડા આપવા લાગ્યા છે. ત્રિવિધ (શીતળ, મંદ, સુગંધિત) વાયુ સર્પના શ્વાસ સમાન (ઝેરી અને ગરમ) થઈ ગયો છે. ॥ ૨॥

**કહેહૂ તેં કછુ દુખ ઘટિ હોઈ ।**
**કાહિ કહૌં યહ જાન ન કોઈ ॥**
**તત્વ પ્રેમ કર મમ અરુ તોરા ।**
**જાનત પ્રિયા એકુ મનુ મોરા ॥ ૩॥**

મનનું દુઃખ કહી નાખવાથી કંઈક ઓછું થઈ જાય છે. પણ કહું કોને? આ દુઃખ કોઈ જાણતું નથી. હે પ્રિયે! મારા અને તારા પ્રેમનું તત્ત્વ (રહસ્ય) એક મારું મન જ જાણે છે. ॥ ૩॥

**સો મનુ સદા રહત તોહિ પાહીં ।**
**જાનુ પ્રીતિ રસુ એતનેહિ માહીં ॥**
**પ્રભુ સંદેસુ સુનત બૈદેહી ।**
**મગન પ્રેમ તન સુધિ નહિં તેહી ॥૪॥**

અને તે મન સદા તારી જ પાસે રહે છે. બસ, મારા પ્રેમનો સાર એટલામાં જ સમજી લો. પ્રભુનો સંદેશ સાંભળતાં જ જાનકીજી પ્રેમમાં મગ્ન થઈ ગયાં. તેમને શરીરની સૂધ ન રહી. ॥૪॥

કહ કપિ હૃદયઁ ધીર ધરુ માતા ।
સુમિરુ રામ સેવક સુખદાતા ॥
ઉર આનહુ રઘુપતિ પ્રભુતાઈ ।
સુનિ મમ બચન તજહુ કદરાઈ ॥૫॥

હનુમાનજીએ કહ્યું - હે માતા! હૃદયમાં ધૈર્ય ધારણ કરો અને સેવકોને સુખ આપનારા શ્રીરામજીનું સ્મરણ કરો. શ્રીરઘુનાથજીની પ્રભુતાને હૃદયમાં લાવો અને મારાં વચન સાંભળીને કાયરતા મૂકી દો. ॥૫॥

[દોહા ૧૫]

નિસિચર નિકર પતંગ સમ રઘુપતિ બાન કૃસાનુ ।
જનની હૃદયઁ ધીર ધરુ જરે નિસાચર જાનુ ॥

રાક્ષસોના સમૂહ પતંગિયા સમાન અને શ્રીરઘુનાથજીનાં બાણ અગ્નિ સમાન છે. હે માતા! હૃદયમાં ધૈર્ય ધારણ કરો અને રાક્ષસોને બળ્યા જ સમજો. ॥૧૫॥

જૌં રઘુબીર હોતિ સુધિ પાઈ ।
કરતે નહિં બિલંબુ રઘુરાઈ ॥
રામ બાન રબિ ઉએઁ જાનકી ।
તમ બરૂથ કહઁ જાતુધાન કી ॥૧॥

શ્રીરામચન્દ્રજીને જો ભાળ મળી હોત તો તેઓ વિલંબ ન કરત. હે જાનકીજી! રામબાણરૂપી સૂર્યનો ઉદય થયે રાક્ષસોનો સેનારૂપી અંધકાર ક્યાં રહી શકે છે? ॥૧॥

અબહિં માતુ મૈં જાઉઁ લવાઈ ।
પ્રભુ આયસુ નહિં રામ દોહાઈ ॥

**કછુક દિવસ જનની ધરુ ધીરા ।**
**કપિન્હ સહિત અઇહહિં રઘુબીરા ॥ ૨॥**

હે માતા! હું આપને હમણાં જ અહીંથી લઈ જાઉં, પણ શ્રીરામચન્દ્રજીના સોગંદ છે; મને પ્રભુની આજ્ઞા નથી. એટલે હે માતા! થોડાક દિવસ હજુ ધીરજ ધરો. શ્રીરામચન્દ્રજી વાનરો સહિત અહીં આવશે. ॥ ૨॥

**નિસિચર મારિ તોહિ લૈ જૈહહિં ।**
**તિહુઁ પુર નારદાદિ જસુ ગૈહહિં ॥**
**હૈં સુત કપિ સબ તુમ્હહિ સમાના ।**
**જાતુધાન અતિ ભટ બલવાના ॥ ૩॥**

અને રાક્ષસોને મારીને આપને લઈ જશે. નારદ આદિ [ઋષિ-મુનિ] ત્રણેય લોકમાં એમનો યશ ગાશે. [સીતાજીએ કહ્યું -] હે પુત્ર! સર્વે વાનર તમારા જ જેવા (નાના-નાના) હશે, રાક્ષસો તો ઘણા બળવાન યોદ્ધાઓ છે. ॥ ૩॥

**મોરેં હૃદય પરમ સંદેહા ।**
**સુનિ કપિ પ્રગટ કીન્હિ નિજ દેહા ॥**
**કનક ભૂધરાકાર સરીરા ।**
**સમર ભયંકર અતિબલ બીરા ॥ ૪॥**

તેથી મારા હૃદયમાં મોટો ભારે સંશય થાય છે [કે તમારા - જેવા વાનરો રાક્ષસોને કેવી રીતે જીતશે!]. આ સાંભળીને હનુમાનજીએ પોતાનું શરીર પ્રગટ કર્યું. સોનાના પર્વત સુમેરુના આકારનું અત્યંત વિશાળ શરીર હતું, જે યુદ્ધમાં શત્રુઓના હૃદયમાં ભય ઉત્પન્ન કરનારું, અત્યંત બળવાન અને વીર હતું. ॥ ૪॥

સીતા મન ભરોસ તબ ભયઊ ।
પુનિ લઘુ રૂપ પવનસુત લયઊ ॥૫॥

ત્યારે (એને જોઈને) સીતાજીના મનમાં વિશ્વાસ થયો. હનુમાનજીએ પાછું નાનું રૂપ ધારણ કરી લીધું. ॥૫॥

[દોહા ૧૬]

સુનુ માતા સાખામૃગ નહિં બલ બુદ્ધિ બિસાલ ।
પ્રભુ પ્રતાપ તેં ગરુડ઼હિ ખાઇ પરમ લઘુ બ્યાલ ॥

હે માતા! સાંભળો, વાનરોમાં ઘણાં બળ-બુદ્ધિ નથી હોતાં. પરંતુ પ્રભુના પ્રતાપથી અત્યંત નાના સર્પ પણ ગરુડને ખાઈ શકે છે (અત્યંત નિર્બળ પણ મહાબળવાનને મારી શકે છે). ॥૧૬॥

મન સંતોષ સુનત કપિ બાની ।
ભગતિ પ્રતાપ તેજ બલ સાની ॥
આસિષ દીન્હિ રામપ્રિય જાના ।
હોહુ તાત બલ સીલ નિધાના ॥૧॥

ભક્તિ, પ્રતાપ, તેજ અને બળથી ભરેલી હનુમાનજીની વાણી સાંભળીને સીતાજીના મનમાં સંતોષ થયો. શ્રીસીતાજીએ હનુમાનજીને શ્રીરામજીના પ્રિય જાણીને આશીર્વાદ આપ્યા કે હે તાત! તમે બળ અને શીલના ભંડાર થાવ. ॥૧॥

અજર અમર ગુનનિધિ સુત હોહૂ ।
કરહુઁ બહુત રઘુનાયક છોહૂ ॥
કરહુઁ કૃપા પ્રભુ અસ સુનિ કાના ।
નિર્ભર પ્રેમ મગન હનુમાના ॥૨॥

હે પુત્ર! તમે અજર, અમર અને ગુણોનો ખજાનો થાવ.

શ્રીરઘુનાથજી તમારા પર ઘણી કૃપા કરે. 'પ્રભુ કૃપા કરે' - આવું કાનેથી સાંભળતાં જ હનુમાનજી પૂર્ણ પ્રેમમાં મગ્ન થઈ ગયાં. ॥ ૨॥

**બાર બાર નાએસિ પદ સીસા ।**
**બોલા બચન જોરિ કર કીસા ॥**
**અબ કૃતકૃત્ય ભયઉઁ મૈં માતા ।**
**આસિષ તવ અમોઘ બિખ્યાતા ॥ ૩॥**

હનુમાનજીએ વારંવાર સીતાજીના ચરણોમાં સિર નમાવ્યું અને પછી હાથ જોડીને કહ્યું - હે માતા! હવે, હું કૃતાર્થ થઈ ગયો. આપનો આશીર્વાદ અમોઘ છે, આ વાત પ્રસિદ્ધ છે. ॥ ૩॥

**સુનહુ માતુ મોહિ અતિસય ભૂખા ।**
**લાગિ દેખિ સુંદર ફલ રૂખા ॥**
**સુનુ સુત કરહિં બિપિન રખવારી ।**
**પરમ સુભટ રજનીચર ભારી ॥ ૪॥**

હે માતા! સાંભળો, સુંદર ફળવાળાં વૃક્ષોને જોઈને મને ઘણી જ ભૂખ લાગી ગઈ છે. [સીતાજીએ કહ્યું –] હે બેટા! સાંભળો, મોટા ભારે યોદ્ધા રાક્ષસ આ વનની રખેવાળી કરે છે. ॥ ૪॥

**તિન્હ કર ભય માતા મોહિ નાહીં ।**
**જૌં તુમ્હ સુખ માનહુ મન માહીં ॥ ૫॥**

[હનુમાનજીએ કહ્યું -] હે માતા! જો આપ મનમાં સુખ માનો (પ્રસન્ન થઈને આજ્ઞા આપો) તો મને તેમનો ભય તો બિલકુલ નથી. ॥ ૫॥

[દોહા ૧૭]

**દેખિ બુદ્ધિ બલ નિપુન કપિ કહેઉ જાનકીં જાહુ ।**
**રઘુપતિ ચરન હૃદયઁ ધરિ તાત મધુર ફલ ખાહુ ॥**

હનુમાનજીને બુદ્ધિ અને બળમાં નિપુણ જોઈને જાનકીજીએ કહ્યું- જાઓ. હે તાત! શ્રીરઘુનાથજીના ચરણોને હૃદયમાં ધારણ કરીને મીઠાં ફળ ખાઓ. ॥૧૭॥

**ચલેઉ નાઈ સિરુ પૈઠેઉ બાગા ।**
**ફલ ખાએસિ તરુ તોરૈં લાગા ॥**
**રહે તહાઁ બહુ ભટ રખવારે ।**
**કછુ મારેસિ કછુ જાઈ પુકારે ॥ ૧ ॥**

તેઓ સીતાજીને શીશ નમાવીને ચાલ્યા અને બગીચામાં પેસી ગયા. ફળ ખાધાં અને વૃક્ષોને તોડવા માંડ્યાં. ત્યાં ઘણા જ યોદ્ધા રખેવાળ હતા. તેમાંથી કેટલાકને મારી નાખ્યા અને કેટલાકે જઈને રાવણને પોકાર કર્યો - ॥ ૧॥

**નાથ એક આવા કપિ ભારી ।**
**તેહિં અસોક બાટિકા ઉજારી ॥**
**ખાએસિ ફલ અરુ બિટપ ઉપારે ।**
**રચ્છક મર્દિ મર્દિ મહિ ડારે ॥ ૨॥**

[અને કહ્યું -] હે નાથ! એક મોટો ભારે વાનર આવ્યો છે. તેણે અશોકવાટિકા ઉજાડી નાખી. ફળ ખાધાં, વૃક્ષોને ઉખાડી નાંખ્યાં અને રખેવાળોને મસળી-મસળીને જમીન પર નાખી દીધા. ॥ ૨॥

**સુનિ રાવન પઠએ ભટ નાના ।**
**તિન્હહિ દેખિ ગર્જેઉ હનુમાના ॥**
**સબ રજનીચર કપિ સંઘારે ।**
**ગએ પુકારત કછુ અધમારે ॥ ૩॥**

આ સાંભળીને રાવણે ઘણા જ યોદ્ધા મોકલ્યા. તેમને જોઈને હનુમાનજીએ ગર્જના કરી. હનુમાનજીએ સર્વ રાક્ષસોને મારી નાખ્યા, કેટલાક જે અધમૂઆ હતા તે, બૂમરાણ કરતાં નાઠા. ॥ ૩॥

પુનિ પઠયઉ તેહિં અચ્છકુમારા ।
ચલા સંગ લૈ સુભટ અપારા ॥
આવત દેખિ બિટપ ગહિ તર્જા ।
તાહિ નિપાતિ મહાધુનિ ગર્જા ॥૪॥

પછી રાવણે અક્ષકુમારને મોકલ્યો. તે અસંખ્ય શ્રેષ્ઠ યોદ્ધાઓને સાથે લઈને ચાલ્યો. તેને આવતો જોઈને હનુમાનજીએ એક વૃક્ષ [હાથમાં] લઈને પડકાર્યો અને તેને મારીને મહાધ્વનિથી ગર્જના કરી. ॥૪॥

[દોહા ૧૮]

કછુ મારેસિ કછુ મર્દેસિ કછુ મિલએસિ ધરિ ધૂરિ ।
કછુ પુનિ જાઈ પુકારે પ્રભુ મર્કટ બલ ભૂરિ ॥

તેમણે સેનામાંથી કેટલાકને મારી નાખ્યા અને કેટલાકને મસળી નાખ્યા અને કેટલાકને પકડી-પકડીને ધૂળમાં રગદોળી નાખ્યા. કેટલાકે પાછા [રાવણ પાસે] જઈને પોકાર કર્યો કે હે પ્રભુ! વાનર ઘણો જ બળવાન છે. ॥૧૮॥

સુનિ સુતબધ લંકેસ રિસાના ।
પઠએસિ મેઘનાદ બલવાના ॥
મારસિ જનિ સુત બાઁધેસુ તાહી ।
દેખિઅ કપિહિ કહાઁ કર આહી ॥૧॥

પુત્રનો વધ સાંભળીને રાવણ ક્રોધિત થઈ ગયો. અને તેણે [પોતાના જ્યેષ્ઠ પુત્ર] બળવાન મેઘનાદને મોકલ્યો. [તેને કહ્યું કે -] હે પુત્ર! મારી ન નાખતો, તેને બાંધી લાવજે. તે વાનર ક્યાંનો છે તે જોઈ લઈએ. ॥ ૧॥

ચલા ઇંદ્રજિત અતુલિત જોધા ।
બંધુ નિધન સુનિ ઉપજા ક્રોધા ॥

**કપિ દેખા દારુન ભટ આવા।**
**કટકટાઇ ગર્જા અરુ ધાવા ॥ ૨॥**

ઇન્દ્રને જીતનારો અતુલનીય યોદ્ધા મેઘનાદ ચાલ્યો. ભાઈના માર્યા જવાનું સાંભળીને તેને ક્રોધ થઈ આવ્યો. હનુમાનજીએ જોયું કે આ વખતે ભયાનક યોદ્ધા આવ્યો છે. ત્યારે તેઓ કટકટાવીને ગર્જ્યા અને દોડ્યા. ॥ ૨॥

**અતિ બિસાલ તરુ એક ઉપારા।**
**બિરથ કીન્હ લંકેસ કુમારા॥**
**રહે મહાભટ તાકે સંગા।**
**ગહિ ગહિ કપિ મર્દઇ નિજ અંગા॥ ૩॥**

તેમણે એક ઘણું મોટું વૃક્ષ ઉખાડી લીધું અને તેના પ્રહારથી લંકેશ્વર રાવણના પુત્ર મેઘનાદને રથ વિનાનો કરી દીધો (રથને તોડીને તેને નીચે પાડી નાખ્યો). તેની સાથે જે મોટા મોટા યોદ્ધા હતા, તેમને પકડી-પકડીને હનુમાનજી પોતાના શરીરથી મસળવા લાગ્યા. ॥ ૩॥

**તિન્હહિ નિપાતિ તાહિ સન બાજા।**
**ભિરે જુગલ માનહુઁ ગજરાજા॥**
**મુઠિકા મારિ ચઢ઼ા તરુ જાઈ।**
**તાહિ એક છન મુરુછા આઈ॥ ૪॥**

તે સર્વેને મારીને પછી મેઘનાદથી લડવા લાગ્યા. [લડતાં તેઓ એવા જણાતા હતા કે] જાણે બે ગજરાજ ભિડાયા હોય. હનુમાનજી તેને એક ઠૂંસો મારીને વૃક્ષ પર જઈ ચઢ્યા. તેને પળવાર માટે મૂર્છા આવી ગઈ. ॥ ૪॥

**ઉઠિ બહોરિ કીન્હિસિ બહુ માયા ।**
**જીતિ ન જાઈ પ્રભંજન જાયા ॥૫॥**

પછી ઊઠીને તેણે (મેઘનાદે) ઘણી માયા રચી; પરંતુ પવનના પુત્ર તેનાથી જીતી શકાતા નથી. ॥૫॥

[દોહા ૧૯]

**બ્રહ્મ અસ્ત્ર તેહિ સાઁધા કપિ મન કીન્હ બિચાર ।**
**જૌં ન બ્રહ્મસર માનઉઁ મહિમા મિટઇ અપાર ॥**

અંતમાં તેણે બ્રહ્માસ્ત્રનુ સંધાન કર્યું, ત્યારે હનુમાનજીએ મનમાં વિચાર કર્યો કે જો બ્રહ્માસ્ત્રને ન માનું તો તેનો અપાર મહિમા નષ્ટ પામશે. ॥૧૯॥

**બ્રહ્મબાન કપિ કહુઁ તેહિં મારા ।**
**પરતિહુઁ બાર કટકુ સઁઘારા ॥**
**તેહિં દેખા કપિ મુરુછિત ભયઊ ।**
**નાગપાસ બાઁધેસિ લૈ ગયઊ ॥૧॥**

મેઘનાદે હનુમાનજીને બ્રહ્મબાણ માર્યું [જે વાગતાં જ તેઓ વૃક્ષની જેમ નીચે પડી ગયા]. પરંતુ પડતી વખતે પણ તેઓએ ઘણી જ સેનાને મારી નાખી. જ્યારે તેણે જોયું કે હનુમાનજી મૂર્છિત થઈ ગયા છે ત્યારે તે તેમને પોતાના નાગપાશથી બાંધીને લઈ ગયો. ॥૧॥

**જાસુ નામ જપિ સુનહુ ભવાની ।**
**ભવ બંધન કાટહિં નર ગ્યાની ॥**
**તાસુ દૂત કિ બંધ તરુ આવા ।**
**પ્રભુ કારજ લગિ કપિહિં બઁધાવા ॥૨॥**

[શિવજી કહે છે-] હે ભવાની! સાંભળો, જેમનું નામ જપીને જ્ઞાની

(વિવેકી) મનુષ્ય સંસારના બંધનને કાપી નાંખે છે, તેમનો દૂત શું બંધનમાં આવી શકે છે? પરંતુ પ્રભુના કાર્ય માટે હનુમાનજીએ સ્વયં પોતાને બંધાવી લીધા. ॥ ૨॥

**કપિબંધન સુનિ નિસિચર ધાએ ।**
**કૌતુક લાગિ સભાઁ સબ આએ ॥**
**દસમુખ સભા દીખિ કપિ જાઈ ।**
**કહિ ન જાઈ કછુ અતિ પ્રભુતાઈ ॥ ૩॥**

વાનરનું બંધાવું જાણીને રાક્ષસો દોડ્યા અને કૌતુક માટે સર્વે સભામાં આવ્યા. હનુમાનજીએ જઈને રાવણની સભા જોઈ. તેની અત્યંત પ્રભુતા (ઐશ્વર્ય) કંઈ કહી શકાતી નથી. ॥ ૩॥

**કર જોરેં સુર દિસિપ બિનીતા ।**
**ભૃકુટિ બિલોકત સકલ સભીતા ॥**
**દેખિ પ્રતાપ ન કપિ મન સંકા ।**
**જિમિ અહિગન મહુઁ ગરુડ઼ અસંકા ॥ ૪॥**

દેવો અને દિગપાળો હાથ જોડીને ઘણી નમ્રતા સાથે ભયભીત થતાં સર્વે રાવણની ભૃકુટી સામે જોઈ રહ્યા છે (તેનું વલણ જોઈ રહ્યા છે). તેનો આવો પ્રતાપ જોઈનેય હનુમાનજીના મનને જરાય ડર ન લાગ્યો. તે એવા નિઃશંક ઊભા રહ્યા, જેમ સર્પોના સમૂહમાં ગરુડ નિઃશંક રહે છે. ॥ ૪॥

[દોહા ૨૦]

**કપિહિ બિલોકિ દસાનન બિહસા કહિ દુર્બાદ ।**
**સુતબધ સુરતિ કીન્હિ પુનિ ઉપજા હૃદયઁ બિષાદ ॥**

હનુમાનજીને જોઈને રાવણ દુર્વચન કહેતો ઘણો હસ્યો. પછી

પુત્ર-વધનું સ્મરણ કર્યું તો તેના હૃદયમાં વિષાદ ઉત્પન્ન થઈ ગયો. ॥ ૨૦॥

**કહ લંકેસ કવન તૈં કીસા ।**
**કેહિ કેં બલ ઘાલેહિ બન ખીસા ॥**
**કી ધૌં શ્રવન સુનેહિ નહિં મોહી ।**
**દેખઉઁ અતિ અસંક સઠ તોહી ॥ ૧ ॥**

લંકાપતિ રાવણે કહ્યું - અરે વાનર! તું કોણ છે? કોના બળે તે વનને ઊજાડીને નષ્ટ કરી નાખ્યું? શું તે કદીય મને કાનેથી નથી સાંભળ્યો? અરે શઠ! હું તને અત્યંત નિઃશંક જોઈ રહ્યો છું. ॥ ૧॥

**મારે નિસિચર કેહિં અપરાધા ।**
**કહુ સઠ તોહિ ન પ્રાન કઈ બાધા ॥**
**સુનુ રાવન બ્રહ્માંડ નિકાયા ।**
**પાઈ જાસુ બલ બિરચતિ માયા ॥ ૨ ॥**

તેં કયા અપરાધે રાક્ષસોને માર્યા? અરે મૂર્ખ! બતાવ, શું તને પ્રાણ જવાનો ભય નથી? [હનુમાનજીએ કહ્યું -] હે રાવણ! સાંભળ, જેમનું બળ પામીને માયા સમસ્ત બ્રહ્માંડોના સમૂહોની રચના કરે છે; ॥ ૨॥

**જાકેં બલ બિરંચિ હરિ ઈસા ।**
**પાલત સૃજત હરત દસસીસા ॥**
**જા બલ સીસ ધરત સહસાનન ।**
**અંડકોસ સમેત ગિરિ કાનન ॥ ૩ ॥**

જેમના બળે હે દશશીશ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ (ક્રમશઃ) સૃષ્ટિનું

સર્જન, પાલન અને સંહાર કરે છે; જેમના બળથી સહસ્રમુખ (ફેણો) વાળા શેષજી પર્વત અને વનસહિત સમસ્ત બ્રહ્માંડને સિર પર ધારણ કરે છે; ॥૩॥

**ધરઈ જો બિબિધ દેહ સુરત્રાતા।**
**તુમ્હ સે સઠન્હ સિખાવનુ દાતા॥**
**હર કોદંડ કઠિન જેહિં ભંજા।**
**તેહિ સમેત નૃપ દલ મદ ગંજા॥૪॥**

જે દેવોની રક્ષાને માટે અનેક પ્રકારના દેહ ધારણ કરે છે અને જે તમારા જેવા મૂર્ખોને દંડ આપનારા છે; જેમણે શિવજીના કઠોર ધનુષને તોડી નાંખ્યુ અને એ સાથે જ રાજાઓના સમૂહના ગર્વનો ચૂરો કરી નાખ્યો; ॥૪॥

**ખર દૂષન ત્રિસિરા અરુ બાલી।**
**બધે સકલ અતુલિત બલસાલી॥૫॥**

જેમણે ખર, દૂષણ, ત્રિશિરા અને વાલિને મારી નાંખ્યા, જે સર્વેસર્વ અતુલનીય બળવાન હતા. ॥૫॥

[દોહા ૨૧]

**જાકે બલ લવલેસ તેં જિતેહુ ચરાચર ઝારિ।**
**તાસુ દૂત મૈં જા કરિ હરિ આનેહુ પ્રિય નારિ॥**

જેના લેશમાત્ર બળથી તેં સમસ્ત ચરાચર જગતને જીતી લીધું અને જેમની પ્રિય પત્નીને તું ચોરીથી હરી લાવ્યો છે; હું એમનો જ દૂત છું. ॥૨૧॥

**જાનઉઁ મૈં તુમ્હારિ પ્રભુતાઈ।**
**સહસબાહુ સન પરી લરાઈ॥**

**સમર બાલિ સન કરિ જસુ પાવા ।**
**સુનિ કપિ બચન બિહસિ બિહરાવા ॥ ૧ ॥**

હું તારી પ્રભુતાને ખૂબ જાણું છું, સહસ્રબાહુ સાથે તારું યુદ્ધ થયું હતું અને વાલિ સાથે યુદ્ધ કરીને યશ પ્રાપ્ત કર્યો હતો. હનુમાનજીનાં માર્મિક વચન સાંભળીને રાવણે હસીને વાત ટાળી દીધી. ॥ ૧॥

**ખાયઉઁ ફલ પ્રભુ લાગી ભૂઁખા ।**
**કપિ સુભાવ તેં તોરેઉઁ રૂખા ॥**
**સબ કેં દેહ પરમ પ્રિય સ્વામી ।**
**મારહિં મોહિ કુમારગ ગામી ॥ ૨ ॥**

હે [રાક્ષસોના] સ્વામી! મને ભૂખ લાગી હતી, (માટે) મેં ફળ ખાધાં અને વાનર-સ્વભાવના કારણે વૃક્ષ તોડ્યાં. હે (નિશાચરોના) માલિક! દેહ સર્વને પરમ પ્રિય છે; કુમાર્ગે ચાલનારા (દુષ્ટ) રાક્ષસ જ્યારે મને મારવા લાગ્યા - ॥ ૨॥

**જિન્હ મોહિ મારા તે મૈં મારે ।**
**તેહિ પર બાઁધેઉઁ તનયઁ તુમ્હારે ॥**
**મોહિ ન કછુ બાઁધે કઇ લાજા ।**
**કીન્હ ચહઉઁ નિજ પ્રભુ કર કાજા ॥ ૩ ॥**

ત્યારે જેમણે મને માર્યા, તેમને મેં પણ માર્યા. તેમ છતાંય તારા પુત્રે મને બાંધી લીધો. [પરંતુ] મને પોતાના બંધાઈ જવાની કંઈ પણ લાજ (શરમ) નથી. મેં તો પોતાના પ્રભુનું કાર્ય પાર પાડવા ઇચ્છ્યું છે. ॥ ૩॥

**બિનતી કરઉઁ જોરિ કર રાવન ।**
**સુનહુ માન તજિ મોર સિખાવન ॥**

દેખહુ તુમ્હ નિજ કુલહિ બિચારી।
ભ્રમ તજિ ભજહુ ભગત ભય હારી ॥૪॥

હે રાવણ! હું હાથ જોડીને તમને વિનંતી કરું છું, તમે અભિમાન ત્યજીને મારી શિખામણ સાંભળો. તમે પોતાના પવિત્ર કુળનો વિચાર કરીને જુઓ અને ભ્રમને છોડીને ભક્તભયહારી (ભક્તના ભયને હરનારા) ભગવાનને ભજો. ॥૪॥

જાકેં ડર અતિ કાલ ડેરાઈ।
જો સુર અસુર ચરાચર ખાઈ॥
તાસોં બયરુ કબહું નહિં કીજૈ।
મોરે કહેં જાનકી દીજૈ ॥૫॥

જે દેવો, રાક્ષસો અને સમસ્ત ચરાચરને ખાઈ જાય છે, તે કાળ પણ જેના ડરથી અત્યંત બીવે છે; તેમની સાથે કદાપિ વેર ન રાખો અને મારા કહેવાથી જાનકીજીને આપી દો. ॥૫॥

[દોહા ૨૨]

પ્રનતપાલ રઘુનાયક કરુના સિંધુ ખરારિ।
ગએઁ સરન પ્રભુ રાખિહેં તવ અપરાધ બિસારિ॥

ખરના શત્રુ શ્રીરઘુનાથજી શરણાગતોના રક્ષક અને દયાના સમુદ્ર છે. શરણે જવાથી પ્રભુ તમારો અપરાધ ભૂલીને તમને પોતાની શરણમાં રાખી લેશે. ॥૨૨॥

રામ ચરન પંકજ ઉર ધરહૂ।
લંકા અચલ રાજુ તુમ્હ કરહૂ॥
રિષિ પુલસ્તિ જસુ બિમલ મયંકા।
તેહિ સસિ મહું જનિ હોહુ કલંકા ॥૧॥

તમે શ્રીરામજીનાં ચરણકમળોને હૃદયમાં ધારણ કરો. અને લંકાનું

અચળ રાજ્ય કરો. ઋષિ પુલસ્ત્યજીનો યશ નિર્મળ ચન્દ્રમા સમાન છે. તે ચન્દ્રમામાં તમે કલંક ન બનો. ॥ ૧ ॥

**રામ નામ બિનુ ગિરા ન સોહા ।**
**દેખુ બિચારિ ત્યાગિ મદ મોહા ॥**
**બસન હીન નહિં સોહ સુરારી ।**
**સબ ભૂષન ભૂષિત બર નારી ॥ ૨ ॥**

રામનામ વિના વાણી શોભા નથી પામતી, મદ-મોહ છોડીને વિચાર કરી જુઓ. હે દેવોના શત્રુ! સર્વ દાગીનાઓથી સજ્જ થયેલ સુંદરી પણ કપડાં વિના શોભા નથી પામતી. ॥ ૨ ॥

**રામ બિમુખ સંપતિ પ્રભુતાઈ ।**
**જાઈ રહી પાઈ બિનુ પાઈ ॥**
**સજલ મૂલ જિન્હ સરિતન્હ નાહીં ।**
**બરષિ ગએँ પુનિ તબહિં સુખાહીં ॥ ૩ ॥**

રામવિમુખ પુરુષની સંપત્તિ અને પ્રભુતા જે ભૂતકાળમાં રહી હોય, વર્તમાનમાં હોય અને ભવિષ્યમાં જે પ્રાપ્ત થવાની હોય તે સઘળી ચાલી જાય છે અને તે ન પામવા સમાન થઈ જાય છે. જે નદીઓના મૂળમાં કોઈ જળસ્રોત નથી (અર્થાત્ જેમને કેવળ વરસાદનો જ આધાર છે) તે વર્ષા વીતી ગયે પાછી તરત જ સુકાઈ જાય છે. ॥ ૩ ॥

**સુનુ દસકંઠ કહઉँ પન રોપી ।**
**બિમુખ રામ ત્રાતા નહિં કોપી ॥**
**સંકર સહસ બિષ્નુ અજ તોહી ।**
**સકહિં ન રાખિ રામ કર દ્રોહી ॥ ૪ ॥**

હે રાવણ! સાંભળો, હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે રામવિમુખની રક્ષા કરનારો કોઈ પણ નથી. હજારો શંકર, વિષ્ણુ અને બ્રહ્મા પણ

શ્રીરામજીની સાથે દ્રોહ કરનારા–તમને બચાવી નહીં શકે. ॥૪॥

[દોહા ૨૩]

**મોહમૂલ બહુ સૂલ પ્રદ ત્યાગહુ તમ અભિમાન।**
**ભજહુ રામ રઘુનાયક કૃપા સિંધુ ભગવાન॥**

મોહ જ જેમનું મૂળ છે એવા (અજ્ઞાનજનિત), ઘણા પીડા આપનારા, તમરૂપ અભિમાનને ત્યજી દો અને રઘુકુળના સ્વામી, કૃપાના સમુદ્ર ભગવાન શ્રીરામચન્દ્રજીનું ભજન કરો. ॥૨૩॥

**જદપિ કહી કપિ અતિ હિત બાની।**
**ભગતિ બિબેક બિરતિ નય સાની॥**
**બોલા બિહસિ મહા અભિમાની।**
**મિલા હમહિ કપિ ગુર બડ઼ ગ્યાની॥૧॥**

જોકે હનુમાનજીએ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને નીતિથી ભરપૂર ઘણા જ હિતની વાણી કહી, તો પણ તે મહાન અભિમાની રાવણ ઘણુ હસીને (વ્યંગથી) બોલ્યો કે અમને આ વાનર મોટો જ્ઞાની ગુરુ મળ્યો! ॥૧॥

**મૃત્યુ નિકટ આઈ ખલ તોહી।**
**લાગેસિ અધમ સિખાવન મોહી॥**
**ઉલટા હોઇહિ કહ હનુમાના।**
**મતિભ્રમ તોર પ્રગટ મૈં જાના॥૨॥**

અરે દુષ્ટ! તારું મૃત્યુ નિકટ આવી ગયું છે. અધમ! મને શિખામણ આપવા આવ્યો છે? હનુમાનજીએ કહ્યું - આથી વિપરીત જ થશે (અર્થાત્ મૃત્યુ તારા સમીપ આવ્યું છે, મારા નહીં). આ તારો મતિભ્રમ છે, મેં પ્રત્યક્ષ જાણી લીધું છે. ॥૨॥

**સુનિ કપિ બચન બહુત ખિસિઆના ।**
**બેગિ ન હરહુ મૂઢ઼ કર પ્રાના ॥**
**સુનત નિસાચર મારન ધાએ ।**
**સચિવન્હ સહિત બિભીષનુ આએ ॥ ૩॥**

હનુમાનજીનાં વચન સાંભળીને તે ઘણો જ ખસિયાણો પડી ક્રોધિત થઈ ગયો [અને બોલ્યો -] અરે! આ મૂર્ખનો પ્રાણ શીઘ્ર જ કેમ નથી હરી લેતા? સાંભળતાં જ રાક્ષસ તેમને મારવા દોડ્યા. તે જ સમયે મંત્રીઓની સાથે વિભીષણ ત્યાં આવી પહોંચ્યા. ॥ ૩॥

**નાઈ સીસ કરિ બિનય બહૂતા ।**
**નીતિ બિરોધ ન મારિઅ દૂતા ॥**
**આન દંડ કછુ કરિઅ ગોસાઁઈ ।**
**સબહીં કહા મંત્ર ભલ ભાઈ ॥ ૪॥**

તેમણે શીશ નમાવીને અને ઘણી નમ્રતા સાથે રાવણને કહ્યું કે દૂતને મારવો ન જોઈએ, આ નીતિના વિરુદ્ધ છે. હે ગોસાઈ! કોઈ અન્ય દંડ આપવામાં આવે. સર્વેએ કહ્યું - ભાઈ! આ સલાહ ઉત્તમ છે. ॥ ૪॥

**સુનત બિહસિ બોલા દસકંધર ।**
**અંગ ભંગ કરિ પઠઇઅ બંદર ॥ ૫॥**

આ સાંભળતાં જ રાવણ હસીને બોલ્યો - સારું, તો વાનરને અંગ-ભંગ કરીને મોકલી આપવામાં આવે. ॥ ૫॥

[દોહા ૨૪]

**કપિ કેં મમતા પૂઁછ પર સબહિ કહઉઁ સમુઝાઇ ।**
**તેલ બોરિ પટ બાઁધિ પુનિ પાવક દેહુ લગાઇ ॥**

હું સર્વેને સમજાવીને કહું છું કે વાનરની મમતા પૂંછ પર હોય

છે. માટે તેલમાં કાપડ બોળીને તે આની પૂંછડીએ બાંધીને પછી આગ ચાંપી દો. ॥૨૪॥

**પૂઁછહીન બાનર તહઁ જાઇહિ।**
**તબ સઠ નિજ નાથહિ લઇ આઇહિ॥**
**જિન્હ કૈ કીન્હિસિ બહુત બડ઼ાઈ।**
**દેખઉઁ મૈં તિન્હ કૈ પ્રભુતાઈ॥૧॥**

જ્યારે પૂંછ વિના આ વાનર ત્યાં (પોતાના સ્વામીની પાસે) જશે, ત્યારે આ મૂર્ખ પોતાના માલિકને સાથે લઈ આવશે, જેમની પ્રશંસા એણે ઘણી કરી છે. હું જરા તેમની પ્રભુતા (સામર્થ્ય) તો જોઉં! ॥૧॥

**બચન સુનત કપિ મન મુસુકાના।**
**ભઇ સહાય સારદ મૈં જાના॥**
**જાતુધાન સુનિ રાવન બચના।**
**લાગે રચૈં મૂઢ઼ સોઇ રચના॥૨॥**

આ વચન સાંભળતાં જ હનુમાનજી મનમાં મલકાયા [અને મનમાં ને મનમાં બોલ્યા કે] હું જાણી ગયો, સરસ્વતીજી [આને આવી બુદ્ધિ આપવામાં] સહાયક થયાં છે. રાવણનાં વચન સાંભળીને મૂર્ખ રાક્ષસ ત્યાં જ (પૂંછમાં આગ ચાંપવાની) તૈયારી કરવા લાગ્યા. ॥૨॥

**રહા ન નગર બસન ઘૃત તેલા।**
**બાઢ઼ી પૂઁછ કીન્હ કપિ ખેલા॥**
**કૌતુક કહઁ આએ પુરબાસી।**
**મારહિં ચરન કરહિં બહુ હાઁસી॥૩॥**

[પૂંછડું વીંટવામાં એટલું કાપડ અને ઘી તેલ વપરાયું કે] નગરમાં કાપડ, ઘી અને તેલ ન રહ્યું. હનુમાનજીએ એવો ખેલ કર્યો કે પૂંછડું

વધતું ગયું (લાંબુ થઈ ગયું). નગરવાસી લોકો કૌતુક જોવા આવ્યા. તેઓ હનુમાનજીને પગેથી ઠોકરો મારે છે અને એમની બહુ મશ્કરી કરે છે. ॥૩॥

**બાજહિં ઢોલ દેહિં સબ તારી ।**
**નગર ફેરિ પુનિ પૂઁછ પ્રજારી ॥**
**પાવક જરત દેખિ હનુમંતા ।**
**ભયઉ પરમ લઘુરૂપ તુરંતા ॥૪॥**

ઢોલ વાગે છે, સર્વે લોકો તાળીઓ પાડે છે. હનુમાનજીને નગરમાં ફેરવીને, પછી પૂંછડામાં આગ ચાંપી દીધી. અગ્નિને બળતો જોઈને હનુમાનજી તરત જ ઘણા નાના રૂપમાં થઈ ગયા. ॥૪॥

**નિબુકિ ચઢ઼ેઉ કપિ કનક અટારીં ।**
**ભઈ સભીત નિસાચર નારીં ॥૫॥**

બંધનમાંથી નીકળીને તેઓ સોનાની અટારીઓ પર જઈ ચઢ્યા. તેમને જોઈને રાક્ષસોની પત્નીઓ ભયભીત થઈ ગઈ. ॥૫॥

[દોહા ૨૫]

**હરિ પ્રેરિત તેહિ અવસર ચલે મરુત ઉનચાસ ।**
**અટ્ટહાસ કરિ ગર્જા કપિ બઢ઼િ લાગ આકાસ ॥**

તે સમયે ભગવાનની પ્રેરણાથી ઓગણપચાસ પવનો એકી સાથે ફુંકાવા લાગ્યા. હનુમાનજી અટ્ટહાસ્ય કરીને ગર્જ્યા અને વધીને આકાશે જઈ પહોંચ્યા. ॥૨૫॥

**દેહ બિસાલ પરમ હરુઆઈ ।**
**મંદિર તેં મંદિર ચઢ઼ ધાઈ ॥**
**જરઇ નગર ભા લોગ બિહાલા ।**
**ઝપટ લપટ બહુ કોટિ કરાલા ॥૧॥**

દેહ ઘણો વિશાળ, પરંતુ ઘણો જ હલકો (સ્ફૂર્તિવાળો) છે. તેઓ દોડીને એક મહેલથી બીજા મહેલ પર ચઢી જાય છે. નગર સળગી રહ્યું છે, લોકો બેહાલ થઈ ગયા છે. અગ્નિની કરોડો ભયંકર જ્વાળાઓ ભડકી રહી છે. ॥ ૧॥

**તાત માતુ હા સુનિઅ પુકારા ।**
**એહિં અવસર કો હમહિ ઉબારા ॥**
**હમ જો કહા યહ કપિ નહિં હોઈ ।**
**બાનર રૂપ ધરેં સુર કોઈ ॥ ૨॥**

હે બાપા! હાય મા! આ અવસરે અમને કોણ બચાવશે? [ચારેય કોર] આ જ પોકારો સંભળાઈ રહ્યા છે. અમે તો પહેલાથી જ કહ્યું હતું કે આ વાનર નથી, વાનરનું રૂપ ધરેલો કોઈ દેવ છે! ॥ ૨॥

**સાધુ અવગ્યા કર ફલુ ઐસા ।**
**જરઈ નગર અનાથ કર જૈસા ॥**
**જારા નગરુ નિમિષ એક માહીં ।**
**એક બિભીષન કર ગૃહ નાહીં ॥ ૩॥**

સાધુના અપમાનનું આ જ ફળ છે કે નગર અનાથના નગરની જેમ સળગી રહ્યું છે. હનુમાનજીએ એક જ ક્ષણમાં આખું નગર બાળી નાખ્યું. એક વિભીષણનું ઘર ન બાળ્યું. ॥ ૩॥

**તા કર દૂત અનલ જેહિં સિરિજા ।**
**જરા ન સો તેહિ કારન ગિરિજા ॥**
**ઉલટિ પલટિ લંકા સબ જારી ।**
**કૂદિ પરા પુનિ સિંધુ મઝારી ॥ ૪॥**

[શિવજી કહે છે –] હે પાર્વતી! જેમણે અગ્નિ બનાવ્યો, હનુમાનજી તેમના જ દૂત છે. આ જ કારણે તે અગ્નિથી બળતા નથી. હનુમાનજીએ એક છેડાથી લઈને બીજા છેડા સુધી ફરી ફરીને સમસ્ત લંકા બાળી નાખી. પછી તે સમુદ્રમાં કૂદી પડ્યા. ॥ ૪॥

[દોહા ૨૬]

**પૂઁછ બુઝાઈ ખોઈ શ્રમ ધરિ લઘુ રૂપ બહોરિ ।**
**જનકસુતા કેં આગેં ઠાઢ઼ ભયઉં કર જોરિ ॥**

પૂંછ બુજાવીને, થાક દૂર કરીને અને પાછું નાનકડું રૂપ ધરીને હનુમાનજી શ્રીજાનકીજીની સામે હાથ જોડીને ઊભા રહી ગયા. ॥ ૨૬॥

**માતુ મોહિ દીજે કછુ ચીન્હા ।**
**જૈસેં રઘુનાયક મોહિ દીન્હા ॥**
**ચૂડ઼ામનિ ઉતારિ તબ દયઊ ।**
**હરષ સમેત પવનસુત લયઊ ॥ ૧॥**

[હનુમાનજીએ કહ્યું –] હે માતા! મને કોઈ ચિહ્ન-નિશાની આપો, જેમ શ્રીરઘુનાથજીએ આપ્યું હતું. પછી સીતાજીએ ચૂડામણિ ઉતારીને આપ્યો. હનુમાનજીએ હર્ષપૂર્વક તે લઈ લીધો. ॥ ૧॥

**કહેહુ તાત અસ મોર પ્રનામા ।**
**સબ પ્રકાર પ્રભુ પૂરનકામા ॥**
**દીન દયાલ બિરિદુ સંભારી ।**
**હરહુ નાથ મમ સંકટ ભારી ॥ ૨॥**

જાનકીજીએ અંગુલિનિર્દેશ દ્વારા પ્રણામની ચેષ્ટા કરીને અર્થાત્ શ્રીરામજી - લક્ષ્મણજીનું ધ્યાન કરીને આપનાં ચરણોમાં પ્રણામ કરીને કહ્યું કે હે પ્રભો! જોકે આપ સર્વ પ્રકારે પૂર્ણકામ છો (આપને કોઈ

પ્રકારની કામના નથી), તો પણ દીનો પર દયા કરવાનું આપનું બિરુદ છે [અને હું દીન છું] માટે તે બિરુદને યાદ કરીને હે નાથ! મારા મોટા સંકટને દૂર કરો. ॥ ૨॥

**તાત સક્રસુત કથા સુનાએહુ ।**
**બાન પ્રતાપ પ્રભુહિ સમુઝાએહુ ॥**
**માસ દિવસ મહુઁ નાથ ન આવા ।**
**તૌ પુનિ મોહિ જિઅત નહિં પાવા ॥ ૩॥**

હે તાત! ઇન્દ્રપુત્ર જયંતની કથા સંભળાવજો અને પ્રભુને એમના બાણનો મહિમા સમજાવજો (સ્મરણ કરાવજો). જો મહિનામાત્રમાં નાથ ન આવ્યા તો પછી મને જીવતી નહીં પામે. ॥ ૩॥

**કહુ કપિ કેહિ બિધિ રાખૌં પ્રાના ।**
**તુમ્હહૂ તાત કહત અબ જાના ॥**
**તોહિ દેખિ સીતલિ ભઇ છાતી ।**
**પુનિ મો કહુઁ સોઇ દિનુ સો રાતી ॥ ૪॥**

હે હનુમાન! કહો, હું કઈ રીતે પ્રાણ રાખું! હે તાત! તમે પણ હવે જવાનું કહી રહ્યા છો. તમને જોઈને છાતી શીતળ થઈ હતી. પાછા મારે એ જ દિવસ અને એ જ રાત્રિ. ॥ ૪॥

[દોહા ૨૭]

**જનકસુતહિ સમુઝાઇ કરિ બહુ બિધિ ધીરજુ દીન્હ ।**
**ચરન કમલ સિરુ નાઇ કપિ ગવનુ રામ પહિં કીન્હ ॥**

હનુમાનજીએ જાનકીજીને સમજાવીને અનેક પ્રકારે ધીરજ આપી અને એમનાં ચરણકમળોમાં શીશ નમાવીને શ્રીરામજી પાસે જવા પ્રયાણ કર્યું. ॥ ૨૭॥

**ચલત મહાધુનિ ગર્જેસિ ભારી।**
**ગર્ભ સ્રવહિં સુનિ નિસિચર નારી॥**
**નાઘિ સિંધુ એહિ પારહિ આવા।**
**સબદ કિલિકિલા કપિન્હ સુનાવા॥૧॥**

ચાલતી વખતે તેમણે મહાધ્વનિથી ભારે ગર્જના કરી, જેને સાંભળીને રાક્ષસોની સ્ત્રીઓના ગર્ભ પડવા લાગ્યા. સમુદ્ર લાંઘીને તેઓ આ પાર આવ્યા અને તેમણે વાનરોને કિલકિલાટનો નાદ સંભળાવ્યો. ॥૧॥

**હરષે સબ બિલોકિ હનુમાના।**
**નૂતન જન્મ કપિન્હ તબ જાના॥**
**મુખ પ્રસન્ન તન તેજ બિરાજા।**
**કીન્હેસિ રામચંદ્ર કર કાજા॥૨॥**

હનુમાનજીને જોઈને સર્વે હર્ષિત થઈ ગયા અને ત્યારે વાનરો પોતાનો નવો જન્મ થયો સમજ્યા. હનુમાનજીનું મુખ પ્રસન્ન છે અને શરીરમાં તેજ વિરાજમાન છે, [જેથી એમણે સમજી લીધું કે] આ શ્રીરામચન્દ્રજીનું કાર્ય કરીને આવ્યા છે. ॥૨॥

**મિલે સકલ અતિ ભએ સુખારી।**
**તલફત મીન પાવ જિમિ બારી॥**
**ચલે હરષિ રઘુનાયક પાસા।**
**પૂઁછત કહત નવલ ઈતિહાસા॥૩॥**

સર્વે હનુમાનજીને ભેટ્યા અને ઘણા જ સુખી થયા; જેમ તડપતી માછલીને જળ મળી ગયું હોય. સર્વે હર્ષિત થઈને નવો - નવો ઈતિહાસ (વૃત્તાન્ત) પૂછતાં - કહેતાં શ્રીરઘુનાથજીની પાસે ચાલ્યા. ॥૩॥

તબ મધુબન ભીતર સબ આએ ।
અંગદ સંમત મધુ ફલ ખાએ ॥
રખવારે જબ બરજન લાગે ।
મુષ્ટિ પ્રહાર હનત સબ ભાગે ॥૪॥

ત્યારે સર્વે લોકો મધુવનમાં આવ્યા અને અંગદની સંમતિથી સર્વેએ મધુર ફળ [અથવા મધ અને ફળ] ખાધાં. જ્યારે રખેવાળો રોકીને ના પાડવા લાગ્યા તો ઠૂંસાઓનો માર મારતાં જ તે સર્વે રખેવાળો ભાગી છૂટ્યા. ॥૪॥

[દોહા ૨૮]

જાઈ પુકારે તે સબ બન ઉજાર જુબરાજ ।
સુનિ સુગ્રીવ હરષ કપિ કરિ આએ પ્રભુ કાજ ॥

ત્યારે દધિમુખજી તથા અન્ય રક્ષકોએ જઈને સુગ્રીવને ફરિયાદ કરી કે યુવરાજ અંગદ વન ઉજાડી રહ્યા છે. આ સાંભળીને સુગ્રીવ હર્ષિત થયા કે વાનર પ્રભુનું કાર્ય કરી આવ્યા છે. ॥૨૮॥

જૌં ન હોતિ સીતા સુધિ પાઈ ।
મધુબન કે ફલ સકહિં કિ ખાઈ ॥
એહિ બિધિ મન બિચાર કર રાજા ।
આઈ ગએ કપિ સહિત સમાજા ॥૧॥

જો સીતાજીની ભાળ ન મળી હોત તો શું તે મધુવનનાં ફળ ખાઈ શકવાના હતા? આ પ્રમાણે રાજા સુગ્રીવ મનમાં વિચાર કરી જ રહ્યા હતા કે સમાજસહિત વાનરો આવી ગયા. ॥૧॥

આઈ સબન્હિ નાવા પદ સીસા ।
મિલેઉ સબન્હિ અતિ પ્રેમ કપીસા ॥

પૂઁછી કુસલ કુસલ પદ દેખી ।
રામ કૃપાઁ ભા કાજુ બિસેષી ॥ ૨॥

સર્વેએ આવીને સુગ્રીવના ચરણોમાં શીશ નમાવ્યું. કપિરાજ સુગ્રીવ સર્વેને ઘણા પ્રેમથી ભેટ્યા! તેમણે કુશળ પૂછ્યા [ત્યારે વાનરોએ ઉત્તર આપ્યો –] આપના ચરણોનાં દર્શનથી સર્વે કુશળ છે. શ્રીરામજીની કૃપાથી જે વિશેષ કાર્ય હતું તે થયું (કાર્યમાં વિશેષ સફળતા મળી છે). ॥ ૨॥

નાથ કાજુ કીન્હેઉ હનુમાના ।
રાખે સકલ કપિન્હ કે પ્રાના ॥
સુનિ સુગ્રીવ બહુરિ તેહિ મિલેઊ ।
કપિન્હ સહિત રઘુપતિ પહિં ચલેઊ ॥ ૩॥

જામ્બવાને કહ્યું કે હે નાથ! હનુમાને જ સર્વ કાર્ય કર્યું છે અને સર્વે વાનરોના પ્રાણ બચાવી લીધા. આ સાંભળીને સુગ્રીવજી હનુમાનજીને ફરીથી ભેટ્યા અને સર્વે વાનરો સાથે શ્રીરઘુનાથજીની પાસે ચાલ્યા. ॥ ૩॥

રામ કપિન્હ જબ આવત દેખા ।
કિએઁ કાજુ મન હરષ બિસેષા ॥
ફટિક સિલા બૈઠે દ્વૌ ભાઈ ।
પરે સકલ કપિ ચરનન્હિ જાઈ ॥ ૪॥

શ્રીરામજીએ જ્યારે વાનરોને કાર્ય કરીને આવતા જોયા ત્યારે તેમના મનમાં વિશેષ હર્ષ થયો. બંને ભાઈ ગુફાની બહાર આવીને સ્ફટિક શિલા પર બેસી ગયા. સર્વે વાનર જઈને એમના ચરણોમાં નમી પડ્યા. ॥ ૪॥

[દોહા ૨૯]

પ્રીતિ સહિત સબ ભેટે રઘુપતિ કરુના પુંજ ।
પૂઁછી કુસલ નાથ અબ કુસલ દેખિ પદ કંજ ॥

દયાના ભંડાર શ્રી રઘુનાથજી સર્વેને પ્રેમસહિત ગળે લાગીને ભેટ્યા અને કુશળ પૂછ્યા. [વાનરોએ કહ્યું –] હે નાથ! આપનાં ચરણકમળોનાં દર્શન પામવાથી હવે કુશળ છીએ. ॥ ૨૯॥

**જામવંત કહ સુનુ રઘુરાયા ।**
**જા પર નાથ કરહુ તુમ્હ દાયા ॥**
**તાહિ સદા સુભ કુસલ નિરંતર ।**
**સુર નર મુનિ પ્રસન્ન તા ઊપર ॥ ૧॥**

જામ્બવાને કહ્યું – હે રઘુનાથજી! સાંભળો. હે નાથ! જેની પર આપ દયા કરો છો, તેને સદાય કલ્યાણ અને નિરંતર કુશળ છે. દેવો, મનુષ્ય અને મુનિ સર્વે એની પર પ્રસન્ન રહે છે. ॥ ૧॥

**સોઈ બિજઈ બિનઈ ગુન સાગર ।**
**તાસુ સુજસુ ત્રૈલોક ઉજાગર ॥**
**પ્રભુ કીં કૃપા ભયઉ સબુ કાજૂ ।**
**જન્મ હમાર સફલ ભા આજૂ ॥ ૨॥**


તે જ વિજયી છે, તે જ વિનયી છે અને તે જ ગુણોનો સમુદ્ર બની જાય છે. તેનો સુંદર યશ ત્રણેય લોકોમાં પ્રકાશિત થાય છે. પ્રભુની કૃપાથી સર્વે કાર્ય થયું. આજે અમારો જન્મ સફળ થઈ ગયો. ॥ ૨॥

**નાથ પવનસુત કીન્હિ જો કરની ।**
**સહસહુઁ મુખ ન જાઈ સો બરની ॥**
**પવનતનય કે ચરિત સુહાએ ।**
**જામવંત રઘુપતિહિ સુનાએ ॥ ૩॥**

હે નાથ! પવનપુત્ર હનુમાને જે કરણી કરી, તેનું હજાર મુખોથીય



तेहिं असोक बाटिका उजारी




चूड़ामनि उतारि तब दयऊ

વર્ણન નથી કરી શકાતું. પછી જામ્બવાને હનુમાનજીનાં સુંદર ચરિત્ર શ્રીરઘુનાથજીને સંભળાવ્યાં. ॥ ૩॥

**સુનત કૃપાનિધિ મન અતિ ભાએ ।**
**પુનિ હનુમાન હરષિ હિયઁ લાએ ॥**
**કહહુ તાત કેહિ ભાઁતિ જાનકી ।**
**રહતિ કરતિ રચ્છા સ્વપ્રાન કી ॥૪॥**

[તે ચરિત્ર] સાંભળવામાં કૃપાનિધાન શ્રીરામચન્દ્રજીના મનને ઘણાં જ ગમ્યાં. તેમણે હર્ષિત થઈને હનુમાનજીને ફરી હૃદય સરસા ચાંપી દીધા અને કહ્યું – હે તાત! કહો, સીતા કઈ રીતે રહે છે અને પોતાના પ્રાણોની રક્ષા કરે છે? ॥ ૪॥

[દોહા ૩૦]

**નામ પાહરૂ દિવસ નિસિ ધ્યાન તુમ્હાર કપાટ ।**
**લોચન નિજ પદ જંત્રિત જાહિં પ્રાન કેહિં બાટ ॥**

[હનુમાનજીએ કહ્યું] આપનું નામ રાત-દિવસ ચોકી કરનારું છે, આપનું ધ્યાન જ કમાડ છે. નેત્રોને આપનાં ચરણોમાં લગાવેલાં રાખે છે, એ જ તાળું છે; પછી પ્રાણ જાય તો કયા માર્ગે? ॥ ૩૦॥

**ચલત મોહિ ચૂડ઼ામનિ દીન્હી ।**
**રઘુપતિ હૃદયઁ લાઈ સોઈ લીન્હી ॥**
**નાથ જુગલ લોચન ભરિ બારી ।**
**બચન કહે કછુ જનકકુમારી ॥ ૧॥**

આવતી વેળાએ તેમણે મને ચૂડામણિ ઉતારીને આપ્યો. શ્રીરઘુનાથજીએ તેને લઈને હૃદયે ચાંપી દીધો. [હનુમાનજીએ પાછું કહ્યું –] હે નાથ! બંને નેત્રોમાં જળ ભરીને જાનકીજીએ મને થોડાંક વચનો કહ્યાં – ॥ ૧॥

**અનુજ સમેત ગહેહુ પ્રભુ ચરના।**
**દીન બંધુ પ્રનતારતિ હરના॥**
**મન ક્રમ બચન ચરન અનુરાગી।**
**કેહિં અપરાધ નાથ હૌં ત્યાગી॥૨॥**

નાના ભાઈ સહિત પ્રભુના ચરણ પકડજો. [અને કહેજો કે] આપ દીનબંધુ છો, શરણાગતનાં દુ:ખોને હરનારા છો અને હું મન, વચન અને કર્મથી આપના ચરણોની અનુરાગિણી છું. તોય સ્વામીએ મને કયા અપરાધે ત્યાગી દીધી? ॥૨॥

**અવગુન એક મોર મૈં માના।**
**બિછુરત પ્રાન ન કીન્હ પયાના॥**
**નાથ સો નયનન્હિ કો અપરાધા।**
**નિસરત પ્રાન કરહિં હઠિ બાધા॥૩॥**

[હા] એક દોષ હું પોતાનો [અવશ્ય] માનું છું કે આપનો વિયોગ થતાં જ મારા પ્રાણ જતા ન રહ્યા. પરંતુ હે નાથ! આ તો નેત્રોનો અપરાધ છે, જે પ્રાણોને નીકળવામાં હઠપૂર્વક વિઘ્ન કરે છે. ॥૩॥

**બિરહ અગિનિ તનુ તૂલ સમીરા।**
**સ્વાસ જરઈ છન માહિં સરીરા॥**
**નયન સ્ત્રવહિં જલુ નિજ હિત લાગી।**
**જરૈં ન પાવ દેહ બિરહાગી॥૪॥**

વિરહ અગ્નિ છે, શરીર રૂ છે અને શ્વાસ પવન છે; આ પ્રમાણે અગ્નિ અને પવનનો સંયોગ થવાથી આ શરીર ક્ષણમાત્રમાં બળી શકે છે. પરંતુ નેત્ર પોતાના હિતને માટે (પ્રભુનું સ્વરૂપ જોઈને સુખી થવા માટે) જળ વરસાવે છે, જેથી વિરહના અગ્નિથી પણ દેહ બળવા નથી પામતો. ॥૪॥

**સીતા કૈ અતિ બિપતિ બિસાલા।**
**બિનહિં કહે ભલિ દીનદયાલા ॥૫॥**

સીતાજીની વિપત્તિ બહુ મોટી છે. હે દીનદયાળુ! તે વગર કહ્યે જ સારી છે કહેવાથી આપને ઘણો કલેશ થશે. ॥૫॥

[દોહા ૩૧]

**નિમિષ નિમિષ કરુનાનિધિ જાહિં કલપ સમ બીતિ।**
**બેગિ ચલિઅ પ્રભુ આનિઅ ભુજ બલ ખલ દલ જીતિ ॥**

હે કરુણાનિધાન! તેમનો એક એક પળ કલ્પ સમાન વીતે છે. માટે હે પ્રભુ! તુરત ચાલો અને પોતાની ભુજાઓના બળે દુષ્ટોના સૈન્યને જીતીને સીતાજીને લઈ આવો. ॥૩૧॥

**સુનિ સીતા દુખ પ્રભુ સુખ અયના।**
**ભરિ આએ જલ રાજિવ નયના ॥**
**બચન કાયઁ મન મમ ગતિ જાહી।**
**સપનેહુઁ બૂઝિઅ બિપતિ કિ તાહી ॥૧॥**

સીતાજીનું દુઃખ સાંભળીને સુખના ધામ પ્રભુનાં કમળનેત્રોમાં જળ ઊભરાયું [અને તે બોલ્યા-] મન, વચન અને દેહથી જેણે મારી જ ગતિ (મારો જ આશ્રય) છે, તેને શું સ્વપ્નમાંય વિપત્તિ આવી શકે છે? ॥૧॥

**કહ હનુમંત બિપતિ પ્રભુ સોઈ।**
**જબ તવ સુમિરન ભજન ન હોઈ ॥**
**કેતિક બાત પ્રભુ જાતુધાન કી।**
**રિપુહિ જીતિ આનિબી જાનકી ॥૨॥**

હનુમાનજીએ કહ્યું – હે પ્રભો! વિપત્તિ તો એ (ત્યારે) જ છે જ્યારે

આપનું ભજન-સ્મરણ ન થાય! પરંતુ સીતાજીનો સઘળો સમય આપના જ અનન્ય ભજન-ચિંતનમાં વીતે છે, માટે વિપત્તિ કેવી? પ્રભુ! રાક્ષસોની વાત જ કેટલી છે? આપ શત્રુને જીતીને જાનકીજીને લઈ આવશો. ॥ ૨॥

**સુનુ કપિ તોહિ સમાન ઉપકારી।**
**નહિં કોઉ સુર નર મુનિ તનુધારી॥**
**પ્રતિ ઉપકાર કરૌં કા તોરા।**
**સનમુખ હોઈ ન સકત મન મોરા॥૩॥**

[ભગવાન કહેવા લાગ્યા –] હે હનુમાન! સાંભળ, તારા સમાન મારો ઉપકારી દેવ, મનુષ્ય અથવા મુનિ કોઈ પણ શરીરધારી નથી. હું તારો પ્રત્યુપકાર તો શું કરું, મારું મન પણ તારા સામે નથી થઈ શકતું. ॥ ૩॥

**સુનુ સુત તોહિ ઉરિન મૈં નાહીં।**
**દેખેઉઁ કરિ બિચાર મન માહીં॥**
**પુનિ પુનિ કપિહિ ચિતવ સુરત્રાતા।**
**લોચન નીર પુલક અતિ ગાતા॥૪॥**

હે પુત્ર! સાંભળ; મેં મનમાં [ઘણો] વિચાર કરીને જોઈ લીધું કે હું તારાથી (ઉઋણ ) ઋણમુક્ત નથી થઈ શકતો. દેવતાઓના રક્ષક પ્રભુ વારંવાર હનુમાનજીને જોઈ રહ્યા છે. નેત્રોમાં પ્રેમાશ્રુઓનું જળ ભરાયું છે અને શરીર અત્યંત પુલકિત છે. ॥૪॥

[દોહા ૩૨]

**સુનિ પ્રભુ બચન બિલોકિ મુખ ગાત હરષિ હનુમંત।**
**ચરન પરેઉ પ્રેમાકુલ ત્રાહિ ત્રાહિ ભગવંત॥**

પ્રભુનાં વચન સાંભળીને અને એમના [પ્રસન્ન] મુખ તથા [પુલકિત] અંગોને જોઈને હનુમાનજી હર્ષિત થઈ ગયા અને પ્રેમમાં

વ્યાકુળ થઈને 'હે ભગવન! મારી રક્ષા કરો, રક્ષા કરો' કહેતાં શ્રીરામજીના ચરણોમાં નમી પડ્યા. ॥ ૩૨॥

**બાર બાર પ્રભુ ચહઈ ઉઠાવા।**
**પ્રેમ મગન તેહિ ઉઠબ ન ભાવા॥**
**પ્રભુ કર પંકજ કપિ કેં સીસા।**
**સુમિરિ સો દસા મગન ગૌરીસા॥ ૧॥**

પ્રભુ એમને વારંવાર ઉઠાડવા ઈચ્છે છે, પરંતુ પ્રેમમાં ડૂબેલા હનુમાનજીને ચરણોમાંથી ઊઠવું ગમતું નથી. પ્રભુના કરકમળ હનુમાનજીના સિર ઉપર છે. એ સ્થિતિનું સ્મરણ કરીને અર્થાત્ હનુમાનજીરૂપે શિવજી પોતાના જ સિરે શ્રીરામજીનો કરકમળ રાખેલો સમજીને શિવજી પ્રેમમગ્ન થઈ ગયા અને તેમને સમાધિ લાગી ગઈ. ॥ ૧॥

**સાવધાન મન કરિ પુનિ સંકર।**
**લાગે કહન કથા અતિ સુંદર॥**
**કપિ ઉઠાઈ પ્રભુ હૃદયઁ લગાવા।**
**કર ગહિ પરમ નિકટ બૈઠાવા॥ ૨॥**

[સમાધિમાંથી જાગ્રત થઈ] મનને સાવધાન કરીને શંકરજી અત્યંત સુંદર કથા કહેવા લાગ્યા – હનુમાનજીને ઉઠાડીને પ્રભુએ હૃદયે ચાંપ્યા અને હાથ પકડીને અત્યંત નજીક બેસાડી દીધા. ॥ ૨॥

**કહુ કપિ રાવન પાલિત લંકા।**
**કેહિ બિધિ દહેઉ દુર્ગ અતિ બંકા॥**
**પ્રભુ પ્રસન્ન જાના હનુમાના।**
**બોલા બચન બિગત અભિમાના॥ ૩॥**

હે હનુમાન! કહો તો, રાવણ દ્વારા સુરક્ષિત લંકા અને તેના ઘણા

બંકા કોટને તમે કઈ રીતે સળગાવ્યો? હનુમાનજીએ પ્રભુને પ્રસન્ન જાણ્યા અને તેઓ અભિમાનરહિત વચન બોલ્યા – ॥ ૩॥

**સાખામૃગ કૈ બડ઼િ મનુસાઈ।**
**સાખા તેં સાખા પર જાઈ॥**
**નાઘિ સિંધુ હાટકપુર જારા।**
**નિસિચર ગન બધિ બિપિન ઉજારા॥૪॥**

વાનરનો બસ, આ જ મોટો પુરુષાર્થ છે કે તે એક ડાળીથી બીજી ડાળીએ ચાલ્યો જાય છે. મેં જે સમુદ્ર ઓળંગીને સોનાનું નગર બાળ્યું અને રાક્ષસગણોને મારી અશોકવનને ઉજાડી નાંખ્યું, ॥ ૪॥

**સો સબ તવ પ્રતાપ રઘુરાઈ।**
**નાથ ન કછૂ મોરિ પ્રભુતાઈ॥૫॥**

આ સર્વે તો હે શ્રીરઘુનાથજી! આપનો જ પ્રતાપ છે. હે નાથ! આમાં મારી પ્રભુતા (સામર્થ્ય) કંઈ પણ નથી. ॥ ૫॥

[દોહા ૩૩]

**તા કહુઁ પ્રભુ કછુ અગમ નહિં જા પર તુમ્હ અનુકૂલ।**
**તવ પ્રભાવઁ બડ઼વાનલહિ જારિ સકઈ ખલુ તૂલ॥**

હે પ્રભુ! જેની પર આપ પ્રસન્ન હોવ, તેના માટે કંઈ પણ કઠિન નથી. આપના પ્રભાવથી રૂ [જે સ્વયં બહુ ઝડપથી બળી જનાર વસ્તુ છે] વડવાનળને નિશ્ચયે જ બાળી શકે છે (અર્થાત્ અસંભવ પણ સંભવ થઈ શકે છે). ॥ ૩૩॥

**નાથ ભગતિ અતિ સુખદાયની।**
**દેહુ કૃપા કરિ અનપાયની॥**
**સુનિ પ્રભુ પરમ સરલ કપિ બાની।**
**એવમસ્તુ તબ કહેઉ ભવાની॥૧॥**

હે નાથ! મને અત્યંત સુખ આપનારી પોતાની નિશ્ચલ ભક્તિ કૃપા કરીને આપો. હનુમાનજીની અત્યંત સરળ વાણી સાંભળીને, હે ભવાની! ત્યારે પ્રભુ શ્રીરામચન્દ્રજીએ 'એવમસ્તુ' (એમ જ થાઓ) કહ્યું. ॥ ૧॥

**ઉમા રામ સુભાઉ જેહિં જાના ।**
**તાહિ ભજનુ તજિ ભાવ ન આના ॥**
**યહ સંબાદ જાસુ ઉર આવા ।**
**રઘુપતિ ચરન ભગતિ સોઈ પાવા ॥ ૨॥**

હે ઉમા! જેણે શ્રીરામજીનો સ્વભાવ જાણી લીધો, તેને ભજન સિવાયની બીજી વાત જ નથી ગમતી. આ સ્વામી-સેવકનો સંવાદ જેના હૃદયમાં આવી ગયો, તે જ શ્રીરઘુનાથજીના ચરણોની ભક્તિ પામી ગયો. ॥ ૨॥

**સુનિ પ્રભુ બચન કહહિં કપિબૃંદા ।**
**જય જય જય કૃપાલ સુખકંદા ॥**
**તબ રઘુપતિ કપિપતિહિ બોલાવા ।**
**કહા ચલૈં કર કરહુ બનાવા ॥ ૩॥**

પ્રભુનાં વચન સાંભળીને વાનરજનો કહેવા લાગ્યા – કૃપાળુ આનંદકંદ શ્રીરામજીનો જય હો, જય હો, જય હો. પછી શ્રીરઘુનાથજીએ કપિરાજ સુગ્રીવને બોલાવ્યા અને કહ્યું – જવાની તૈયારી કરો. ॥ ૩॥

**અબ બિલંબુ કેહિ કારન કીજે ।**
**તુરત કપિન્હ કહુઁ આયસુ દીજે ॥**
**કૌતુક દેખિ સુમન બહુ બરષી ।**
**નભ તેં ભવન ચલે સુર હરષી ॥ ૪॥**

હવે, વિલંબ શા કારણે કરાય? વાનરોને તુરત જ આજ્ઞા આપો.

[ભગવાનની] આ લીલા (રાવણવધની તૈયારી) જોઈને, ઘણાં જ ફૂલ વરસાવીને અને હરખાઈને દેવતા આકાશમાંથી પોતપોતાના લોકે ચાલ્યા. ॥૪॥

[દોહા ૩૪]

**કપિપતિ બેગિ બોલાએ આએ જૂથપ જૂથ।**
**નાના બરન અતુલ બલ બાનર ભાલુ બરૂથ॥**

વાનરરાજ સુગ્રીવે શીઘ્રતાથી વાનરોને બોલાવ્યા, સેનાપતિઓના સમૂહ આવી ગયા. વાનર-રીંછોનાં ટોળાં અનેક રંગોનાં છે અને તેમનામાં અતુલનીય બળ છે. ॥૩૪॥

**પ્રભુ પદ પંકજ નાવહિં સીસા।**
**ગર્જહિં ભાલુ મહાબલ કીસા॥**
**દેખી રામ સકલ કપિ સેના।**
**ચિતઈ કૃપા કરિ રાજિવ નૈના॥૧॥**

તેઓ પ્રભુના ચરણોમાં શીશ નમાવે છે. મહા બળવાન રીંછ અને વાનર ગરજી રહ્યા છે. શ્રીરામજીએ વાનરોની સમસ્ત સેના જોઈ, ત્યારે કમળનેત્રોથી કૃપાપૂર્વક તેમની સામે દૃષ્ટિ ફેરવી. ॥૧॥

**રામ કૃપા બલ પાઈ કપિંદા।**
**ભએ પચ્છજુત મનહુઁ ગિરિંદા॥**
**હરષિ રામ તબ કીન્હ પયાના।**
**સગુન ભએ સુંદર સુભ નાના॥૨॥**

રામકૃપાનું બળ પામીને શ્રેષ્ઠ વાનરો જાણે પાંખોવાળા મોટા પર્વત થઈ ગયા. પછી શ્રીરામજીએ હરખાઈને પ્રસ્થાન કર્યું. અનેક સુંદર અને શુભ શુકન થયાં. ॥૨॥

જાસુ સકલ મંગલમય કીતી।
તાસુ પયાન સગુન યહ નીતી॥
પ્રભુ પયાન જાના બૈદેહીં।
ફરકિ બામ અઁગ જનુ કહિ દેહીં॥૩॥

જેમની કીર્તિ સર્વ મંગળોથી પૂર્ણ છે, તેમના પ્રસ્થાનના સમયે શુકન થવા, આ નીતિ છે (લીલાની મર્યાદા છે). પ્રભુનું પ્રસ્થાન જાનકીજીએ પણ જાણી લીધું. તેમનાં ડાબા અંગો ફરકીને જાણે કહી દેતાં હતાં [કે શ્રીરામજી આવી રહ્યા છે]. ॥૩॥

જોઈ જોઈ સગુન જાનકિહિ હોઈ।
અસગુન ભયઉ રાવનહિ સોઈ॥
ચલા કટકુ કો બરનૈં પારા।
ગર્જહિં બાનર ભાલુ અપારા॥૪॥

જાનકીજીને જે જે શુકન થતાં હતાં, તે તે રાવણ માટે અપશુકન થયાં. સેના ચાલી નીકળી, તેનું વર્ણન કોણ કરી શકે છે? અસંખ્ય વાનર અને રીંછ ગર્જના કરી રહ્યાં છે. ॥૪॥

નખ આયુધ ગિરિ પાદપધારી।
ચલે ગગન મહિ ઈચ્છાચારી॥
કેહરિનાદ ભાલુ કપિ કરહીં।
ડગમગાહિં દિગ્ગજ ચિક્કરહીં॥૫॥

નખ જ જેમનાં શસ્ત્ર છે, તે ઈચ્છાનુસાર (સર્વત્ર વિના રોકટોકે) ચાલનારા રીંછ-વાનર પર્વતો અને વૃક્ષોને ધારણ કરીને કોઈ આકાશમાર્ગે અને કોઈ પૃથ્વી પર ચાલ્યા જઈ રહ્યા છે. તેઓ સિંહ સમાન ગર્જના કરી રહ્યા છે. [તેમના ચાલવા અને ગર્જનાથી] દિશાઓના હાથી વિચલિત થઈને ચિત્કારી રહ્યા છે. ॥૫॥

[છંદ ૧]

**ચિક્કરહિં દિગ્ગજ ડોલ મહિ ગિરિ લોલ સાગર ખરભરે ।**
**મન હરષ સભ ગંધર્બ સુર મુનિ નાગ કિંનર દુખ ટરે ॥**
**કટકટહિં મર્કટ બિકટ ભટ બહુ કોટિ કોટિન્હ ધાવહીં ।**
**જય રામ પ્રબલ પ્રતાપ કોસલનાથ ગુન ગન ગાવહીં ॥ ૧॥**

દિશાઓના હાથી ચિત્કારવા લાગ્યા, પૃથ્વી ડોલવા લાગી, પર્વત ચંચળ થઈ ગયા (કંપવા લાગ્યા) અને સમુદ્ર ખળભળી ઊઠ્યા. ગંધર્વ, દેવતા, મુનિ, નાગ, કિન્નર સર્વેસર્વ મનમાં હરખાયા કે [હવે] અમારાં દુઃખ ટળી ગયાં. કરોડે કરોડો ભયાનક વાનર યોદ્ધા દાંત કટકટાવે છે અને કરોડોય દોડી રહ્યા છે. 'પ્રબળપ્રતાપ કૌશલનાથ શ્રીરામચન્દ્રજીનો જય હો' એમ પોકારતાં તેઓ તેમના ગુણસમૂહોનું ગાન કરી રહ્યા છે. ॥ ૧॥

[છંદ ૨]

**સહિ સક ન ભાર ઉદાર અહિપતિ બાર બારહિં મોહઈ ।**
**ગહ દસન પુનિ પુનિ કમઠ પૃષ્ટ કઠોર સો કિમિ સોહઈ ॥**
**રઘુબીર રુચિર પ્રયાન પ્રસ્થિતિ જાનિ પરમ સુહાવની ।**
**જનુ કમઠ ખર્પર સર્પરાજ સો લિખત અબિચલ પાવની ॥ ૨॥**

ઉદાર (પરમ શ્રેષ્ઠ અને મહાન) સર્પરાજ શેષજી પણ સેનાનો ભાર નથી સહી શકતા, તેઓ વારંવાર મોહિત થઈ જાય (ગભરાઈ જાય) છે અને વારંવાર કચ્છપની કઠોર પીઠને દાંતોથી પકડે છે. આમ કરતાં (અર્થાત્ વારંવાર દાંતોને ગડાવીને કચ્છપની પીઠ ઉપર લીટી જેવું દોરતાં) તે એવા શોભી રહ્યા છે જાણે શ્રીરામચન્દ્રજીની સુંદર પ્રસ્થાનયાત્રાને પરમ સોહામણી જાણીને તેની અચળ પવિત્ર કથાને સર્પરાજ શેષજી કચ્છપની પીઠ પર લખી રહ્યા હોય. ॥ ૨॥

[દોહા ૩૫]

એહિ બિધિ જાઈ કૃપાનિધિ ઉતરે સાગર તીર ।
જહઁ તહઁ લાગે ખાન ફલ ભાલુ બિપુલ કપિ બીર ॥

આ પ્રમાણે કૃપાનિધાન શ્રીરામજી સમુદ્રતટે જઈ રોકાયા. અનેક રીંછ-વાનર યત્ર તત્ર ફળ ખાવા લાગ્યાં. ॥ ૩૫॥

ઉહાઁ નિસાચર રહહિં સસંકા ।
જબ તેં જારિ ગયઉ કપિ લંકા ॥
નિજ નિજ ગૃહઁ સબ કરહિં બિચારા ।
નહિં નિસિચર કુલ કેર ઉબારા ॥ ૧॥

ત્યાં (લંકામાં) જ્યારથી હનુમાનજી લંકાને બાળીને ગયા, ત્યારથી રાક્ષસો ભયભીત રહેવા લાગ્યા. પોતપોતાનાં ઘરોમાં સર્વે વિચાર કરે છે કે હવે રાક્ષસકુળની રક્ષાનો કોઈ ઉપાય નથી. ॥ ૧॥

જાસુ દૂત બલ બરનિ ન જાઈ ।
તેહિ આએઁ પુર કવન ભલાઈ ॥
દૂતિન્હ સન સુનિ પુરજન બાની ।
મંદોદરી અધિક અકુલાની ॥ ૨॥

જેના દૂતનું બળ વર્ણન નથી કરી શકાતું, તેના સ્વયં નગરમાં આવવાથી કઈ ભલાઈ છે (આપણા લોકોની ઘણી ખરાબ દશા થશે)? દૂતીઓ દ્વારા નગરનિવાસીઓનાં વચન સાંભળીને મંદોદરી ઘણી જ વ્યાકુળ થઈ ગઈ. ॥ ૨॥

રહસિ જોરિ કર પતિ પગ લાગી ।
બોલી બચન નીતિ રસ પાગી ॥
કંત કરષ હરિ સન પરિહરહૂ ।
મોર કહા અતિ હિત હિયઁ ધરહૂ ॥ ૩॥

તે એકાંતમાં હાથ જોડીને પતિ(રાવણ)ના ચરણે પડી અને નીતિરસમાં રસબસ થયેલ વાણી બોલી – હે પ્રિયતમ! શ્રીહરિ સાથેનો વિરોધ ત્યજી દો. મારા કહ્યાને અત્યંત હિતકારી જાણીને હૃદયમાં ધારણ કરો. ॥ ૩॥

**સમુઝત જાસુ દૂત કઈ કરની।**
**સ્ત્રવહિં ગર્ભ રજનીચર ઘરની॥**
**તાસુ નારિ નિજ સચિવ બોલાઈ।**
**પઠવહુ કંત જો ચહહુ ભલાઈ॥૪॥**

જેમના દૂતની કરણીનો વિચાર કરતાં જ (સ્મરણ આવતા જ) રાક્ષસોની સ્ત્રીઓના ગર્ભ પડી જાય છે, હે પ્રિય સ્વામી! જો ભલું ઈચ્છતા હોવ તો મંત્રીને બોલાવી તેની સાથે તેમની (શ્રીરામજીની) સ્ત્રીને મોકલી આપો. ॥ ૪॥

**તવ કુલ કમલ બિપિન દુખદાઈ।**
**સીતા સીત નિસા સમ આઈ॥**
**સુનહુ નાથ સીતા બિનુ દીન્હેં।**
**હિત ન તુમ્હાર સંભુ અજ કીન્હેં॥૫॥**

સીતા આપના કુળરૂપી કમળોના વનને દુઃખ આપનારી શિયાળાની રાત્રિ સમાન આવી છે. હે નાથ! સાંભળો, સીતાને આપ્યા (પરત કર્યા) વિના શંભુ અને બ્રહ્માના કર્યા છતાંય આપનું ભલું નહીં થઈ શકે. ॥ ૫॥

[દોહા ૩૬]

**રામ બાન અહિ ગન સરિસ નિકર નિસાચર ભેક।**
**જબ લગિ ગ્રસત ન તબ લગિ જતનુ કરહુ તજિ ટેક।**

શ્રીરામજીનાં બાણ સર્પોના સમૂહ સમાન છે અને રાક્ષસોના સમૂહ

દેડકાં સમાન. જ્યાં સુધી તે એમને ગ્રસી ન લે (ગળી ન જાય) ત્યાં સુધીમાં હઠ છોડીને ઉપાય કરી લો. ॥ ૩૬॥

**શ્રવન સુની સઠ તા કરિ બાની।**
**બિહસા જગત બિદિત અભિમાની॥**
**સભય સુભાઉ નારિ કર સાચા।**
**મંગલ મહુઁ ભય મન અતિ કાચા॥ ૧॥**

મૂર્ખ અને જગત્પ્રસિદ્ધ અભિમાની રાવણ કાનેથી તેની વાત સાંભળીને ખૂબ હસ્યો [અને કહ્યું -] સ્ત્રીઓનો સ્વભાવ ખરેખર જ બહુ ડરપોક હોય છે. મંગળમાંય ભય કરો છો! તમારું મન (હૃદય) ઘણું જ કાચું (કમજોર) છે. ॥ ૧॥

**જૌં આવઇ મર્કટ કટકાઈ।**
**જિઅહિં બિચારે નિસિચર ખાઈ॥**
**કંપહિં લોકપ જાકીં ત્રાસા।**
**તાસુ નારિ સભીત બડ઼િ હાસા॥ ૨॥**

જો વાનરોની સેના આવશે તો બિચારા રાક્ષસ તેને ખાઈને પોતાનો જીવનનિર્વાહ કરશે. લોકપાળ પણ જેના ડરથી કાંપે છે, તેની સ્ત્રી થઈને ડરો છો! આ તો મોટા ઉપહાસની વાત છે. ॥ ૨॥

**અસ કહિ બિહસિ તાહિ ઉર લાઈ।**
**ચલેઉ સભાઁ મમતા અધિકાઈ॥**
**મંદોદરી હૃદયઁ કર ચિંતા।**
**ભયઉ કંત પર બિધિ બિપરીતા॥ ૩॥**

રાવણે આમ કહીને હસીને એને હૃદયે ચાંપી દીધી અને મમતા

વધારીને (અધિક સ્નેહ દર્શાવીને) તે સભામાં ચાલ્યો ગયો. મંદોદરી હૃદયમાં ચિંતા કરવા લાગી કે પતિને વિધાતા પ્રતિકૂળ થઈ ગયા. ॥ ૩॥

**બૈઠેઉ સભાઁ ખબરિ અસિ પાઈ।**
**સિંધુ પાર સેના સબ આઈ॥**
**બૂઝેસિ સચિવ ઉચિત મત કહહૂ।**
**તે સબ હઁસે મષ્ટ કરિ રહહૂ॥૪॥**

જેવો જ તે સભામાં જઈને બેઠો, તેને એવા ખબર મળ્યા કે શત્રુની સમસ્ત સેના સમુદ્રના સામા તટે આવી ગઈ છે. તેણે મંત્રીઓને પૂછ્યું કે ઉચિત સલાહ કહો[હવે, શું કરવું જોઈએ?]. ત્યારે તે સર્વે હસ્યા અને બોલ્યા કે શાંતિથી બેઠા રહીએ(આમાં સલાહની કઈ વાત છે?). ॥૪॥

**જિતેહુ સુરાસુર તબ શ્રમ નાહીં।**
**નર બાનર કેહિ લેખે માહીં॥૫॥**

આપે દેવતાઓ અને રાક્ષસોને જીતી લીધા, ત્યારે તો કંઈ શ્રમ જ નહોતો થયો. તો પછી વાનર અને મનુષ્ય કઈ ગણતરીમાં છે? ॥૫॥

[દોહા ૩૭]

**સચિવ બૈદ ગુર તીનિ જૌં પ્રિય બોલહિં ભય આસ।**
**રાજ ધર્મ તન તીનિ કર હોઈ બેગિહીં નાસ॥**

મંત્રી, વૈદ્ય અને ગુરુ – આ ત્રણેય જો [અપ્રસન્નતાથી] ભય કે [લાભની] આશાએ [હિતની વાત ન કહીને] પ્રિય બોલે છે (ખુશામત કરવા લાગે છે); તો [ક્રમશઃ] રાજ્ય, શરીર અને ધર્મ – આ ત્રણેયનો શીઘ્ર જ નાશ થઈ જાય છે. ॥ ૩૭॥

**સોઇ રાવન કહુઁ બની સહાઈ।**
**અસ્તુતિ કરહિં સુનાઇ સુનાઈ॥**
**અવસર જાનિ બિભીષનુ આવા।**
**ભ્રાતા ચરન સીસુ તેહિં નાવા॥૧॥**

રાવણને માટે પણ એ જ સહાયતા (સંયોગ) આવી ઊભી છે. મંત્રી એને સંભળાવી-સંભળાવીને (મોં પર) સ્તુતિ કરે છે. [આ જ સમયે] અવસર (તક) જાણીને વિભીષણજી આવ્યા. તેમણે મોટા ભાઈના ચરણોમાં શીશ નમાવ્યું. ॥૧॥

**પુનિ સિરુ નાઈ બૈઠ નિજ આસન।**
**બોલા બચન પાઈ અનુસાસન॥**
**જૌ કૃપાલ પૂઁછિહુ મોહિ બાતા।**
**મતિ અનુરૂપ કહઉઁ હિત તાતા॥૨॥**

પછી તે શીશ નમાવીને પોતાના આસન પર બેસી ગયા અને આજ્ઞા પામીને વિભીષણજી બોલ્યા – હે કૃપાળુ! જ્યારે આપે મને વાત (સલાહ) પૂછી જ છે, તો હે તાત! હું પોતાની બુદ્ધિ અનુસાર આપના હિતની વાત કહું છું – ॥૨॥

**જો આપન ચાહૈ કલ્યાના।**
**સુજસુ સુમતિ સુભ ગતિ સુખ નાના॥**
**સો પરનારિ લિલાર ગોસાઈં।**
**તજઉ ચઉથિ કે ચંદ કિ નાઈં॥૩॥**

જે મનુષ્ય પોતાનું કલ્યાણ, સુંદર યશ, સુબુદ્ધિ, શુભ ગતિ અને વિવિધ પ્રકારનાં સુખ ઈચ્છતો હોય, તે હે સ્વામી! પરસ્ત્રીના લલાટને

ચોથના ચન્દ્રમાની જેમ ત્યજી દે (અર્થાત્ જેમ લોકો ચોથના ચન્દ્રમાને નથી જોતા, તે જ રીતે પરસ્ત્રીનું મુખ જ ન જુએ) – ॥ ૩॥

**ચૌદહ ભુવન એક પતિ હોઈ।**
**ભૂતદ્રોહ તિષ્ટઇ નહિં સોઈ॥**
**ગુન સાગર નાગર નર જોઊ।**
**અલપ લોભ ભલ કહઇ ન કોઊ॥૪॥**

ચૌદ ભુવનોનો એક જ સ્વામી હોય, તે પણ જીવોથી વેર કરીને રહી નથી શકતો (નષ્ટ થઈ જાય છે). જે મનુષ્ય ગુણોનો સમુદ્ર અને ચતુર હોય, તેને ભલે થોડોક જ લોભ કેમ ન હોય, તો પણ કોઈ ભલો નથી કહેતા. ॥ ૪॥

[દોહા ૩૮]

**કામ ક્રોધ મદ લોભ સબ નાથ નરક કે પંથ।**
**સબ પરિહરિ રઘુબીરહિ ભજહુ ભજહિં જેહિ સંત॥**

હે નાથ! કામ, ક્રોધ, મદ અને લોભ – આ સર્વે નરકના માર્ગ છે. આ સર્વેને છોડીને શ્રીરામચન્દ્રજીને ભજો, જેમને સંત (સત્પુરુષ) ભજે છે. ॥ ૩૮॥

**તાત રામ નહિં નર ભૂપાલા।**
**ભુવનેસ્વર કાલહુ કર કાલા॥**
**બ્રહ્મ અનામય અજ ભગવંતા।**
**બ્યાપક અજિત અનાદિ અનંતા॥૧॥**

હે તાત! રામ મનુષ્યોના જ રાજા નથી. તે સમસ્ત લોકોના સ્વામી અને કાળના પણ કાળ છે. તે [સંપૂર્ણ ઐશ્વર્ય, યશ, શ્રી, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાનના ભંડાર] ભગવાન છે; તે નિરામય (વિકારરહિત), અજન્મા, વ્યાપક, અજેય, અનાદિ અને અનંત બ્રહ્મ છે. ॥ ૧॥

ગો દ્વિજ ધેનુ દેવ હિતકારી ।
કૃપા સિંધુ માનુષ તનુધારી ॥
જન રંજન ભંજન ખલ બ્રાતા ।
બેદ ધર્મ રચ્છક સુનુ ભ્રાતા ॥ ૨॥

તે કૃપાના સમુદ્ર ભગવાને પૃથ્વી, બ્રાહ્મણ, ગાયો અને દેવતાઓનું હિત કરવા માટે જ મનુષ્ય-શરીર ધારણ કર્યું છે. હે ભાઈ! સાંભળો, તેઓ સેવકોને આનંદ આપનારા, દુષ્ટોના સમૂહનો નાશ કરનારા અને વેદ તથા ધર્મની રક્ષા કરનારા છે. ॥ ૨॥

તાહિ બયરુ તજિ નાઈઅ માથા ।
પ્રનતારતિ ભંજન રઘુનાથા ॥
દેહુ નાથ પ્રભુ કહુઁ બૈદેહી ।
ભજહુ રામ બિનુ હેતુ સનેહી ॥ ૩॥

વેર ત્યાગીને તેમને મસ્તક નમાવો. તે શ્રીરઘુનાથજી શરણાગતનું દુઃખ નાશ કરનારા છે. હે નાથ! તે પ્રભુ(સર્વેશ્વર)ને જાનકીજી આપી દો અને વિના જ કારણે સ્નેહ રાખનારા શ્રીરામજીને ભજો. ॥ ૩॥

સરન ગએઁ પ્રભુ તાહુ ન ત્યાગા ।
બિસ્વ દ્રોહ કૃત અઘ જેહિ લાગા ॥
જાસુ નામ ત્રય તાપ નસાવન ।
સોઈ પ્રભુ પ્રગટ સમુઝુ જિયઁ રાવન ॥ ૪॥

જેને સંપૂર્ણ જગતનો દ્રોહ કરવાનું પાપ લાગ્યું છે, શરણે જવાથી પ્રભુ તેનો પણ ત્યાગ નથી કરતા. જેમનું નામ ત્રણેય તાપોને નાશ કરનારું છે, તે જ પ્રભુ (ભગવાન) મનુષ્યરૂપમાં પ્રગટ થયા છે. હે રાવણ! હૃદયમાં આ સમજી લો. ॥ ૪॥

[દોહા ૩૯ (ક)]

**બાર બાર પદ લાગઉઁ બિનય કરઉઁ દસસીસ।**
**પરિહરિ માન મોહ મદ ભજહુ કોસલાધીસ॥**

હે દશશીશ! હું વારંવાર આપના ચરણે પડું છું અને વિનંતી કરું છું કે માન, મોહ અને મદનો ત્યાગ કરીને આપ કૌશલપતિ શ્રીરામજીનું ભજન કરો. ॥ ૩૯ (ક)॥

[દોહા ૩૯ (ખ)]

**મુનિ પુલસ્તિ નિજ સિષ્ય સન કહિ પઠઈ યહ બાત।**
**તુરત સો મૈં પ્રભુ સન કહી પાઈ સુઅવસરુ તાત॥**

મુનિ પુલસ્ત્યજીએ પોતાના શિષ્યની સાથે આ વાત કહી મોકલી છે. હે તાત! સુંદર અવસર પામીને મેં તરત જ આ વાત પ્રભુ(આપ)ને કહી દીધી. ॥ ૩૯ (ખ)॥

**માલ્યવંત અતિ સચિવ સયાના।**
**તાસુ બચન સુનિ અતિ સુખ માના॥**
**તાત અનુજ તવ નીતિ બિભૂષન।**
**સો ઉર ધરહુ જો કહત બિભીષન॥ ૧॥**

માલ્યવાન નામે એક ઘણો જ બુદ્ધિમાન મંત્રી હતો. તેણે એમનાં (વિભીષણનાં) વચનો સાંભળીને ઘણું સુખ માન્યું [અને કહ્યું –] હે તાત! આપના નાના ભાઈ નીતિ-વિભૂષણ (નીતિને ભૂષણ રૂપમાં ધારણ કરનારા અર્થાત્ નીતિમાન) છે. વિભીષણ જે કંઈ કહી રહ્યા છે તેને હૃદયમાં ધારણ કરી લો. ॥ ૧॥

**રિપુ ઉતકરષ કહત સઠ દોઊ।**
**દૂરિ ન કરહુ ઈહાઁ હઈ કોઊ॥**

**માલ્યવંત ગૃહ ગયઉ બહોરી।**
**કહઈ બિભીષનુ પુનિ કર જોરી ॥ ૨॥**

[રાવણે કહ્યું –] આ બંને મૂર્ખ શત્રુના મહિમાને વખાણી રહ્યા છે. અહીં કોઈ છે? આને દૂર કરો ને! ત્યારે માલ્યવાન તો ઘેર પાછો જતો રહ્યો અને વિભીષણજી હાથ જોડીને ફરી કહેવા લાગ્યા – ॥ ૨॥

**સુમતિ કુમતિ સબ કેં ઉર રહહીં।**
**નાથ પુરાન નિગમ અસ કહહીં ॥**
**જહાઁ સુમતિ તહઁ સંપતિ નાના।**
**જહાઁ કુમતિ તહઁ બિપતિ નિદાના ॥ ૩॥**

હે નાથ! પુરાણ અને વેદ આમ કહે છે કે સુબુદ્ધિ (સારી બુદ્ધિ) અને કુબુદ્ધિ (ખોટી બુદ્ધિ) સર્વેના હૃદયમાં રહે છે, જ્યાં સુબુદ્ધિ છે ત્યાં અનેક પ્રકારની સંપદાઓ (સુખની સ્થિતિ) રહે છે અને જ્યાં કુબુદ્ધિ છે ત્યાં પરિણામમાં વિપત્તિ (દુઃખ) રહે છે. ॥ ૩॥

**તવ ઉર કુમતિ બસી બિપરીતા।**
**હિત અનહિત માનહુ રિપુ પ્રીતા ॥**
**કાલરાતિ નિસિચર કુલ કેરી।**
**તેહિ સીતા પર પ્રીતિ ઘનેરી ॥ ૪॥**

આપના હૃદયમાં ફક્ત કુબુદ્ધિ આવી વસી છે. એનાથી આપ હિતને અહિત અને શત્રુને મિત્ર માની રહ્યા છો. જે રાક્ષસકુળને માટે કાળરાત્રિ [ની સમાન] છે, તે સીતા પર આપની ઘણી પ્રીતિ છે. ॥ ૪॥

[દોહા ૪૦]

**તાત ચરન ગહિ માગઉઁ રાખહુ મોર દુલાર।**
**સીતા દેહુ રામ કહુઁ અહિત ન હોઈ તુમ્હાર ॥**

હે તાત! હું ચરણ પકડીને આપની પાસે ભીખ માગું છું (વિનંતી કરું છું) કે આપ મારા પ્રેમને રાખો, મુજ નાનાભાઈના આગ્રહનો સ્નેહપૂર્વક સ્વીકાર કરો. શ્રીરામજીને સીતાજી આપી દો, જેનાથી આપનું અહિત ન થાય. ॥૪૦॥

**બુધ પુરાન શ્રુતિ સંમત બાની।**
**કહી બિભીષન નીતિ બખાની॥**
**સુનત દસાનન ઉઠા રિસાઈ।**
**ખલ તોહિ નિકટ મૃત્યુ અબ આઈ॥૧॥**

વિભીષણે પંડિતો, પુરાણો અને વેદો દ્વારા સંમત (અનુમોદિત) વાણીથી નીતિ વખાણીને કહી. પણ એને સાંભળતાં જ રાવણ ક્રોધિત થઈને ઊઠ્યો અને બોલ્યો કે અરે દુષ્ટ! હવે મૃત્યુ તારા નિકટ આવી ગયું છે! ॥૧॥

**જિઅસિ સદા સઠ મોર જિઆવા।**
**રિપુ કર પચ્છ મૂઢ઼ તોહિ ભાવા॥**
**કહસિ ન ખલ અસ કો જગ માહીં।**
**ભુજ બલ જાહિ જિતા મૈં નાહીં॥૨॥**

અરે મૂર્ખ! તું જીવે છે તો સદા મારો જીવાડેલો (અર્થાત મારા જ અન્નથી પોષાઈ રહ્યો છે); પણ હે મૂઢ! પક્ષ તને શત્રુનો જ સારો લાગે છે! અરે દુષ્ટ! બતાવ ને, જગતમાં એવો કોણ છે જેને મેં પોતાની ભુજાઓના બળે ન જીત્યો હોય? ॥૨॥

**મમ પુર બસિ તપસિન્હ પર પ્રીતી।**
**સઠ મિલુ જાઈ તિન્હહિ કહુ નીતી॥**
**અસ કહિ કીન્હેસિ ચરન પ્રહારા।**
**અનુજ ગહે પદ બારહિં બારા॥૩॥**

મારા નગરમાં રહીને પ્રેમ કરે છે તપસ્વીઓ પર! મૂર્ખ! તેમને જ જઈને મળ અને એમને જ નીતિ બતાવ. આવું કહીને રાવણે તેમને લાત મારી. પરંતુ [મારવા છતાંય] નાના ભાઈ વિભીષણે વારંવાર તેના ચરણો જ પકડ્યા ॥૩॥

**ઉમા સંત કઈ ઇહઇ બડ઼ાઈ ।**
**મંદ કરત જો કરઇ ભલાઈ ॥**
**તુમ્હ પિતુ સરિસ ભલેહિં મોહિ મારા ।**
**રામુ ભજેં હિત નાથ તુમ્હારા ॥૪॥**

[શિવજી કહે છે –] હે ઉમા! સંતની આ જ મોટાઈ (મહિમા) છે કે નિંદા કરવા છતાંય [નિંદા કરનારનું] ભલું જ કરે છે. [વિભીષણજીએ કહ્યું –] આપ મારા પિતાની સમાન છો, ભલે તમે મને માર્યું પરંતુ હે નાથ! આપનું ભલું શ્રીરામજીને ભજવામાં જ છે. ॥૪॥

**સચિવ સંગ લૈ નભ પથ ગયઊ ।**
**સબહિ સુનાઇ કહત અસ ભયઊ ॥૫॥**

[આટલું કહીને] વિભીષણ પોતાના મંત્રીઓને સાથે લઈને આકાશ-માર્ગમાં ગયા અને સર્વેને સંભળાવીને તેઓ આમ કહેવા લાગ્યા – ॥૫॥

[દોહા ૪૧]

**રામુ સત્યસંકલ્પ પ્રભુ સભા કાલબસ તોરિ ।**
**મૈં રઘુબીર સરન અબ જાઉઁ દેહુ જનિ ખોરિ ॥**

શ્રીરામજી સત્યસંકલ્પ અને [સર્વસમર્થ] પ્રભુ છે અને [હે રાવણ!] તમારી સભા કાળને વશ છે. માટે હું હવે શ્રીરઘુવીરના શરણમાં જઉં છું, મને દોષ ન આપતા. ॥૪૧॥

**અસ કહિ ચલા બિભીષનુ જબહીં ।**
**આયૂહીન ભએ સબ તબહીં ॥**

**સાધુ અવગ્યા તુરત ભવાની ।**
**કર કલ્યાન અખિલ કૈ હાની ॥ ૧ ॥**

આમ કહીને વિભીષણ જેવા ચાલી નીકળ્યા કે તરત જ સર્વે રાક્ષસ આયુહીન થઈ ગયા (તેમનું મૃત્યુ નિશ્ચિત થઈ ગયું) [શિવજી કહે છે –] હે ભવાની! સાધુનું અપમાન તરત જ સંપૂર્ણ કલ્યાણની હાનિ (નાશ) કરી નાખે છે. ॥ ૧ ॥

**રાવન જબહિં બિભીષન ત્યાગા ।**
**ભયઉ બિભવ બિનુ તબહિં અભાગા ॥**
**ચલેઉ હરષિ રઘુનાયક પાહીં ।**
**કરત મનોરથ બહુ મન માહીં ॥ ૨ ॥**

રાવણે જે ક્ષણે વિભીષણને ત્યાગ્યો, તે જ ક્ષણે તે અભાગિયો વૈભવ(ઐશ્વર્ય)થી હીન થઈ ગયો. વિભીષણજી હરખાઈને મનમાં અનેક મનોરથો કરતાં શ્રીરઘુનાથજીની પાસે ચાલ્યા. ॥ ૨ ॥

**દેખિહઉઁ જાઈ ચરન જલજાતા ।**
**અરુન મૃદુલ સેવક સુખદાતા ॥**
**જે પદ પરસિ તરી રિષિનારી ।**
**દંડક કાનન પાવનકારી ॥ ૩ ॥**

[તેઓ વિચારતા જતા હતા કે -] હું જઈને ભગવાનનાં કોમળ અને લાલ રંગનાં સુંદર ચરણકમળોનું દર્શન કરીશ, જે સેવકોને સુખ આપનારાં છે, જે ચરણોનો સ્પર્શ પામીને ઋષિપત્ની અહલ્યા તરી ગયાં અને જે દંડકવનને પવિત્ર કરનારાં છે. ॥ ૩ ॥

**જે પદ જનકસુતાઁ ઉર લાએ ।**
**કપટ કુરંગ સંગ ધર ધાએ ॥**

**હર ઉર સર સરોજ પદ જેઈ।**
**અહોભાગ્ય મૈં દેખિહઉઁ તેઈ ॥૪॥**

જે ચરણોને જાનકીજીએ હૃદયમાં ધારણ કરી રાખ્યા છે, જે કપટમૃગની સાથે પૃથ્વી પર [તેને પકડવા] દોડ્યા હતા અને જે ચરણકમળ સાક્ષાત્ શિવજીના હૃદયરૂપી સરોવરમાં બિરાજમાન છે, મારું અહોભાગ્ય છે કે તેમને જ આજે હું જોઈશ. ॥૪॥

[દોહા ૪૨]

**જિન્હ પાયન્હ કે પાદુકન્હિ ભરતુ રહે મન લાઈ।**
**તે પદ આજુ બિલોકિહઉઁ ઈન્હ નયનન્હિ અબ જાઈ ॥**

જે ચરણોની પાદુકાઓમાં ભરતજીએ પોતાનું મન લગાવી રાખ્યું છે, અહા! આજે હું એ જ ચરણોને હમણાં જ જઈને આ નેત્રોથી જોઈશ. ॥૪૨॥

**એહિ બિધિ કરત સપ્રેમ બિચારા।**
**આયઉ સપદિ સિંધુ એહિં પારા ॥**
**કપિન્હ બિભીષનુ આવત દેખા।**
**જાના કોઉ રિપુ દૂત બિસેષા ॥૧॥**

આ પ્રમાણે પ્રેમસહિત વિચાર કરતાં તેઓ શીઘ્ર જ સમુદ્રની આ પાર (જ્યાં શ્રીરામચન્દ્રજીની સેના હતી ત્યાં) આવી ગયા. વાનરોએ વિભીષણને આવતા જોયા તો તેમણે માન્યું કે શત્રુનો કોઈ ખાસ દૂત છે. ॥૧॥

**તાહિ રાખિ કપીસ પહિં આએ।**
**સમાચાર સબ તાહિ સુનાએ ॥**
**કહ સુગ્રીવ સુનહુ રઘુરાઈ।**
**આવા મિલન દસાનન ભાઈ ॥૨॥**

તેમને [ચોકીએ] રોકીને તે (વાનરો) સુગ્રીવની પાસે આવ્યા અને એમને સર્વે સમાચાર કહી સંભળાવ્યા. સુગ્રીવે [શ્રીરામજીની પાસે જઈને] કહ્યું – હે રઘુનાથજી! સાંભળો, રાવણનો ભાઈ [આપને] મળવા આવ્યો છે. ॥ ૨॥

**કહ પ્રભુ સખા બૂઝિઐ કાહા।**
**કહઈ કપીસ સુનહુ નરનાહા॥**
**જાનિ ન જાઈ નિસાચર માયા।**
**કામરૂપ કેહિ કારન આયા॥ ૩॥**

પ્રભુ શ્રીરામજીએ કહ્યું – હે મિત્ર તમે શું સમજો છો (તમારો શું મત છે)? વાનરરાજ સુગ્રીવે કહ્યું – હે મહારાજ! સાંભળો, રાક્ષસોની માયા ઓળખી શકાતી નથી. આ ઈચ્છાનુસાર રૂપ બદલનારો (કપટી) ન જાણે કયા કારણે આવ્યો છે. ॥ ૩॥

**ભેદ હમાર લેન સઠ આવા।**
**રાખિઅ બાઁધિ મોહિ અસ ભાવા॥**
**સખા નીતિ તુમ્હ નીકિ બિચારી।**
**મમ પન સરનાગત ભયહારી॥ ૪॥**

[જણાય છે કે] આ મૂર્ખ આપણો ભેદ લેવા આવ્યો છે. એટલે મને તો એ જ યોગ્ય લાગે છે કે એને બાંધી રાખવામાં આવે. [શ્રીરામજીએ કહ્યું –] હે મિત્ર! તમે નીતિ તો ઠીક વિચારી! પરંતુ મારું તો પ્રણ છે કે શરણાગતના ભયને હરી લેવો! ॥ ૪॥

**સુનિ પ્રભુ બચન હરષ હનુમાના।**
**સરનાગત બચ્છલ ભગવાના॥ ૫॥**

પ્રભુનાં વચન સાંભળીને હનુમાનજી હર્ષિત થયા [અને મનમાં

ને મનમાં કહેવા લાગ્યા કે] ભગવાન કેવા શરણાગતવત્સલ (શરણમાં આવેલા પર પિતાની જેમ પ્રેમ કરનારા) છે. ॥૫॥

[દોહા ૪૩]

**સરનાગત કહુઁ જે તજહિં નિજ અનહિત અનુમાનિ ।**
**તે નર પાવઁર પાપમય તિન્હહિ બિલોકત હાનિ ॥**

[શ્રીરામજી ફરી બોલ્યા –] જે મનુષ્ય પોતાના અહિતનું અનુમાન કરીને શરણમાં આવેલાનો ત્યાગ કરી દે છે, તે પામર (ક્ષુદ્ર) છે, પાપમય છે; તેમને જોવામાંય હાનિ છે(પાપ લાગે છે). ॥૪૩॥

**કોટિ બિપ્ર બધ લાગહિં જાહૂ ।**
**આએઁ સરન તજઉઁ નહિં તાહૂ ॥**
**સનમુખ હોઇ જીવ મોહિ જબહીં ।**
**જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥૧॥**

જેને કરોડો બ્રાહ્મણોની હત્યા લાગી હોય, શરણમાં આવ્યા પછી હું તેને પણ નથી ત્યજતો. જીવ જેવા જ મારા સન્મુખ થાય છે તેવા જ એના કરોડો જન્મોનાં પાપ નષ્ટ થઈ જાય છે. ॥૧॥

**પાપવંત કર સહજ સુભાઊ ।**
**ભજનુ મોર તેહિ ભાવ ન કાઊ ॥**
**જૌં પૈ દુષ્ટ હૃદય સોઇ હોઈ ।**
**મોરેં સનમુખ આવ કિ સોઈ ॥૨॥**

પાપીનો આ સહેજ સ્વભાવ હોય છે કે મારું ભજન એને કદીય નથી ગમતું. જો તે (રાવણનો ભાઈ) નિશ્ચયે જ દુષ્ટ હૃદયનો હોત તો શું તે મારા સન્મુખ આવી શકત? ॥૨॥

**નિર્મલ મન જન સો મોહિ પાવા ।**
**મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥**

**ભેદ લેન પઠવા દસસીસા ।**
**તબહુઁ ન કછુ ભય હાનિ કપીસા ॥ ૩॥**

જે મનુષ્ય નિર્મળ મનનો હોય છે તે જ મને પામે છે. મને કપટ અને છળ-છિદ્રો ગમતાં જ નથી. જો રાવણે તેને ભેદ લેવા મોકલ્યો છે, તો પણ હે સુગ્રીવ! આપણને તો કોઈ ભય કે હાનિ નથી; ॥ ૩॥

**જગ મહુઁ સખા નિસાચર જેતે ।**
**લછિમનુ હનઇ નિમિષ મહુઁ તેતે ॥**
**જૌં સભીત આવા સરનાઈં ।**
**રખિહઉઁ તાહિ પ્રાન કી નાઈં ॥ ૪॥**

કારણકે હે સખા! જગતમાં જેટલા પણ રાક્ષસો છે, લક્ષ્મણ પળવારમાં તે સર્વેને મારી શકે છે અને જો તે ભયભીત થઈને મારે શરણે આવ્યો છે તો હું એને પ્રાણોની જેમ રાખીશ. ॥ ૪॥

[દોહા ૪૪]

**ઉભય ભાઁતિ તેહિ આનહુ હઁસિ કહ કૃપાનિકેત ।**
**જય કૃપાલ કહિ કપિ ચલે અંગદ હનૂ સમેત ॥**

કૃપાના ધામ શ્રીરામજીએ હસીને કહ્યું – બંને જ દશામાં તેને લઈ આવો. ત્યારે અંગદ અને હનુમાનજીસહિત સર્વે વાનર 'કૃપાળુ શ્રીરામજીનો જય હો' કહેતાં ચાલ્યા. ॥ ૪૪॥

**સાદર તેહિ આગેં કરિ બાનર ।**
**ચલે જહાઁ રઘુપતિ કરુનાકર ॥**
**દૂરિહિ તે દેખે દ્વૌ ભ્રાતા ।**
**નયનાનંદ દાન કે દાતા ॥ ૧॥**

વિભીષણજીને આદરસહિત આગળ કરીને વાનરો પછી ત્યાં ચાલ્યા, જ્યાં કરુણાની ખાણ શ્રીરઘુનાથજી હતા. નેત્રોને આનંદનું દાન આપનારા (અત્યંત સુખદ) બંને ભાઈઓને વિભીષણજીએ દૂરથી જ જોયા. ॥ ૧॥

**બહુરિ રામ છબિધામ બિલોકી।**
**રહેઉ ઠટુકિ એકટક પલ રોકી॥**
**ભુજ પ્રલંબ કંજારુન લોચન।**
**સ્યામલ ગાત પ્રનત ભય મોચન॥ ૨॥**

પછી શોભાના ધામ શ્રીરામજીને જોઈને તેઓ પલકારો રોકીને સ્તબ્ધ થઈને એકીટશે જોતાં જ રહી ગયા. ભગવાનની વિશાળ ભુજાઓ છે, લાલ કમળ સમાન નેત્રો છે અને શરણાગતના ભયને નાશ કરનારું શ્યામ શરીર છે. ॥ ૨॥

**સિંઘ કંધ આયત ઉર સોહા।**
**આનન અમિત મદન મન મોહા॥**
**નયન નીર પુલકિત અતિ ગાતા।**
**મન ધરિ ધીર કહી મૃદુ બાતા॥ ૩॥**

સિંહના જેવા ખભા છે, વિશાળ વક્ષઃસ્થળ (પહોળી છાતી) અત્યંત શોભા આપી રહ્યું છે. અસંખ્ય કામદેવોના મનને મોહિત કરનારું મુખ છે. ભગવાનના સ્વરૂપને જોઈને વિભીષણજીનાં નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરાઈ આવ્યું અને શરીર અત્યંત પુલકિત થઈ ગયું. પછી મનમાં ધીરજ ધરીને તેમણે કોમળ વચન કહ્યાં. ॥ ૩॥

**નાથ દસાનન કર મૈં ભ્રાતા।**
**નિસિચર બંસ જનમ સુરત્રાતા॥**

**સહજ પાપપ્રિય તામસ દેહા।**
**જથા ઉલૂકહિ તમ પર નેહા॥૪॥**

હે નાથ! હું દશમુખ રાવણનો ભાઈ છું. હે દેવોના રક્ષક! મારો જન્મ રાક્ષસકુળમાં થયો છે. મારું તામસી શરીર છે, સ્વભાવથી જ મને પાપ પ્રિય છે, જેમ ઘુવડને અંધકાર ઉપર સ્વાભાવિક રૂપે સ્નેહ હોય છે. ॥૪॥

[દોહા ૪૫]

**શ્રવન સુજસુ સુનિ આયઉઁ પ્રભુ ભંજન ભવ ભીર।**
**ત્રાહિ ત્રાહિ આરતિ હરન સરન સુખદ રઘુબીર॥**

હું કાનેથી આપનો સુયશ સાંભળીને આવ્યો છું કે પ્રભુ ભવના ભયનો નાશ કરનારા છે. હે દુઃખીઓના દુઃખ દૂર કરનારા અને શરણાગતને સુખ આપનારા શ્રીરઘુવીરજી! મારી રક્ષા કરો, રક્ષા કરો. ॥૪૫॥

**અસ કહિ કરત દંડવત દેખા।**
**તુરત ઉઠે પ્રભુ હરષ બિસેષા॥**
**દીન બચન સુનિ પ્રભુ મન ભાવા।**
**ભુજ બિસાલ ગહિ હૃદયઁ લગાવા॥૧॥**

પ્રભુએ એમને આવું કહીને દંડવત કરતાં જોયા તો તેઓ અત્યંત હરખાઈને તુરત જ ઊઠ્યા. વિભીષણજીનાં દીન વચન સાંભળવાથી પ્રભુને મનમાં ઘણાં જ ગમ્યાં. તેમણે પોતાની વિશાળ ભુજાઓમાં પકડીને તેમને હૃદય સરસા ચાંપી દીધા. ॥૧॥

**અનુજ સહિત મિલિ ઢિગ બૈઠારી।**
**બોલે બચન ભગત ભયહારી॥**
**કહુ લંકેસ સહિત પરિવારા।**
**કુસલ કુઠાહર બાસ તુમ્હારા॥૨॥**

નાના ભાઈ લક્ષ્મણજીસહિત ગળે મળીને તેમને પોતાની પાસે બેસાડીને શ્રીરામજી ભક્તોના ભયને હરનારાં વચન બોલ્યા – હે લંકેશ! પરિવારસહિત પોતાની કુશળતા કહો. તમારો નિવાસ ખોટી જગ્યાએ છે. ॥ ૨॥

**ખલ મંડલી બસહુ દિનુ રાતી ।**
**સખા ધરમ નિબહઈ કેહિ ભાઁતી ॥**
**મૈં જાનઉઁ તુમ્હારિ સબ રીતી ।**
**અતિ નય નિપુન ન ભાવ અનીતી ॥ ૩॥**

દિવસ-રાત દુષ્ટોની મંડળીમાં વસો છો. [આવી દશામાં] હે સખા! તમારો ધર્મ ક્યા પ્રકારે નભે છે? હું તમારી સર્વે રીતિ જાણું છું. તમે અત્યંત નીતિનિપુણ છો, તમને અનીતિ નથી ગમતી. ॥ ૩॥

**બરુ ભલ બાસ નરક કર તાતા ।**
**દુષ્ટ સંગ જનિ દેઇ બિધાતા ॥**
**અબ પદ દેખિ કુસલ રઘુરાયા ।**
**જૌં તુમ્હ કીન્હિ જાનિ જન દાયા ॥ ૪॥**

હે તાત! નરકમાં રહેવાનું વરદાન સારું છે, પરંતુ વિધાતા દુષ્ટોનો સંગ [ક્યારેય] ન આપે. [વિભીષણજીએ કહ્યું –] હે રઘુનાથજી! હવે આપના ચરણોનું દર્શન કરીને કુશળ છું, જે આપે પોતાનો સેવક જાણીને મારા પર દયા કરી છે. ॥ ૪॥

[દોહા ૪૬]

**તબ લગિ કુસલ ન જીવ કહુઁ સપનેહુઁ મન બિશ્રામ ।**
**જબ લગિ ભજત ન રામ કહુઁ સોક ધામ તજિ કામ ॥**

ત્યાં લગી જીવની કુશળતા નથી અને સ્વપ્નમાંય તેના મનનેય શાંતિ નથી કે જ્યાં સુધી તે શોકનાં ઘર વિષયભોગોની કામનાને છોડીને શ્રીરામજીને નથી ભજતો. ॥ ૪૬॥

**તબ લગિ હૃદયઁ બસત ખલ નાના ।**
**લોભ મોહ મચ્છર મદ માના ॥**
**જબ લગિ ઉર ન બસત રઘુનાથા ।**
**ધરેં ચાપ સાયક કટિ ભાથા ॥ ૧॥**

લોભ, મોહ, મત્સર (ઈર્ષા), મદ અને માન આદિ અનેક દુષ્ટ ત્યાં સુધી જ હૃદયમાં વસે છે કે જ્યાં સુધી ધનુષ-બાણ અને કમરમાં ભાથો ધારણ કરેલા શ્રીરઘુનાથજી હૃદયમાં નથી વસતા. ॥ ૧॥

**મમતા તરુન તમી અઁધિઆરી ।**
**રાગ દ્વેષ ઉલૂક સુખકારી ॥**
**તબ લગિ બસતિ જીવ મન માહીં ।**
**જબ લગિ પ્રભુ પ્રતાપ રબિ નાહીં ॥ ૨॥**

મમતા પૂર્ણ અંધારી રાત છે, જે રાગ-દ્વેષરૂપી ઘુવડોને સુખ આપનારી છે. તે (મમતારૂપી રાત્રિ) ત્યાં સુધી જ જીવના મનમાં વસે છે, જ્યાં સુધી પ્રભુ(આપ)નો પ્રતાપરૂપી સૂર્ય ઉદય નથી થતો. ॥ ૨॥

**અબ મૈં કુસલ મિટે ભય ભારે ।**
**દેખિ રામ પદ કમલ તુમ્હારે ॥**
**તુમ્હ કૃપાલ જા પર અનુકૂલા ।**
**તાહિ ન બ્યાપ ત્રિબિધ ભવ સૂલા ॥ ૩॥**

હે શ્રીરામજી! આપનાં ચરણારવિંદનાં દર્શન કરી હવે હું કુશળ છું, મારો ભારે ભય ટળી ગયો. હે કૃપાળુ! આપ જેના પર અનુકૂળ

થાવ છો, તેને ત્રણેય પ્રકારના ભવશૂળ (આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક તાપ) નથી વ્યાપતા. ॥ ૩॥

**મૈં નિસિચર અતિ અધમ સુભાઊ।**
**સુભ આચરનુ કીન્હ નહિં કાઊ॥**
**જાસુ રૂપ મુનિ ધ્યાન ન આવા।**
**તેહિં પ્રભુ હરષિ હૃદયઁ મોહિ લાવા॥૪॥**

હું અત્યંત નીચ સ્વભાવનો રાક્ષસ છું. મેં ક્યારેય શુભ આચરણ નથી કર્યું. જેમનું રૂપ મુનિઓનાય ધ્યાનમાં નથી આવતું, તે પ્રભુએ સ્વયં હર્ષિત થઈને મને હૃદયસરસો ચાંપી દીધો. ॥ ૪॥

[દોહા ૪૭]

**અહોભાગ્ય મમ અમિત અતિ રામ કૃપા સુખ પુંજ।**
**દેખેઉઁ નયન બિરંચિ સિવ સેબ્ય જુગલ પદ કંજ॥**

હે કૃપા અને સુખના પુંજ શ્રીરામજી! મારું અત્યંત અસીમ સૌભાગ્ય છે, જે મેં બ્રહ્મા અને શિવજીના દ્વારા સેવિત યુગલ ચરણકમળોને પોતાનાં નેત્રોથી જોયાં. ॥૪૭॥

**સુનહુ સખા નિજ કહઉઁ સુભાઊ।**
**જાન ભુસુંડિ સંભુ ગિરિજાઊ॥**
**જૌં નર હોઇ ચરાચર દ્રોહી।**
**આવૈ સભય સરન તકિ મોહી॥૧॥**

[શ્રીરામજીએ કહ્યું –] હે સખા! સાંભળો, હું તમને પોતાનો સ્વભાવ કહું છું, જેને કાકભુશુંડિ, શિવજી અને પાર્વતીજી પણ જાણે છે. કોઈ મનુષ્ય [સંપૂર્ણ] જડ-ચેતન જગતનો દ્રોહી હોય, જો તે પણ ભયભીત થઈને મારા શરણે આવી જાય, ॥૧॥

**તજિ મદ મોહ કપટ છલ નાના ।**
**કરઉઁ સદ્ય તેહિ સાધુ સમાના ॥**
**જનની જનક બંધુ સુત દારા ।**
**તનુ ધનુ ભવન સુહૃદ પરિવારા ॥ ૨॥**

મદ, મોહ તથા અનેક પ્રકારનાં છળ-કપટ આદિ અવગુણોની ત્યાગી દે તો એના દોષો પર દૃષ્ટિ ન કરી એટલે કે તેના અવગુણો તરફ ધ્યાન ન આપીને હું તેને શીઘ્ર સાધુ સમાન કરી નાખું છું. માતા, પિતા, ભાઈ, પુત્ર, સ્ત્રી, શરીર, ધન, ઘર, મિત્ર અને પરિવાર – ॥ ૨॥

**સબ કૈ મમતા તાગ બટોરી ।**
**મમ પદ મનહિ બાંધ બરિ ડોરી ॥**
**સમદરસી ઇચ્છા કછુ નાહીં ।**
**હરષ સોક ભય નહિં મન માહીં ॥ ૩॥**

આ સર્વના મમત્વરૂપી તાર ભેગા કરીને તે સર્વની એક દોરી વણીને તેના દ્વારા જે પોતાના મનને મારા ચરણોમાં બાંધી દે છે (સમસ્ત સાંસારિક સંબંધોનું કેન્દ્ર મને બનાવી લે છે), જે સમદર્શી છે, જેને કંઈ ઇચ્છા નથી અને જેના મનમાં હર્ષ, શોક અને ભય નથી- ॥ ૩॥

**અસ સજ્જન મમ ઉર બસ કૈસેં ।**
**લોભી હૃદયઁ બસઇ ધનુ જૈસેં ॥**
**તુમ્હ સારિખે સંત પ્રિય મોરેં ।**
**ધરઉઁ દેહ નહિં આન નિહોરેં ॥ ૪॥**

આવા સજ્જન મારા હૃદયમાં એવા વસે છે, જેમ લોભીના હૃદયમાં ધન વસ્યા કરે છે. તમારા જેવા સંત જ મને પ્રિય છે. હું અન્ય કોઈ કારણવશ દેહ ધારણ નથી કરતો. ॥ ૪॥

[દોહા ૪૮]

**સગુન ઉપાસક પરહિત નિરત નીતિ દૃઢ નેમ।**
**તે નર પ્રાન સમાન મમ જિન્હ કેં દ્વિજ પદ પ્રેમ॥**

જે સગુણ (સાકાર) ભગવાનના ઉપાસક છે, બીજાના હિતમાં લાગ્યા રહે છે, નીતિ અને નિયમોમાં દૃઢ છે અને જેને બ્રાહ્મણોના ચરણોમાં પ્રેમ છે, તે મનુષ્ય મારા પ્રાણોના સમાન છે. ॥૪૮॥

**સુનુ લંકેસ સકલ ગુન તોરેં।**
**તાતેં તુમ્હ અતિસય પ્રિય મોરેં॥**
**રામ બચન સુનિ બાનર જૂથા।**
**સકલ કહહિં જય કૃપા બરૂથા॥૧॥**

હે લંકાપતિ! સાંભળો, તમારામાં ઉપર્યુક્ત સર્વ ગુણ છે. એથી તમે મને અત્યંત જ પ્રિય છો. શ્રીરામજીનાં વચન સાંભળીને સર્વ વાનરસમૂહ કહેવા લાગ્યા – કૃપાના સમૂહ શ્રીરામજીનો જય હો! ॥૧॥

**સુનત બિભીષનુ પ્રભુ કૈ બાની।**
**નહિં અઘાત શ્રવનામૃત જાની॥**
**પદ અંબુજ ગહિ બારહિં બારા।**
**હૃદયઁ સમાત ન પ્રેમુ અપારા॥૨॥**

પ્રભુની વાણી સાંભળે છે અને તેને કાનો માટે અમૃત જાણીને વિભીષણજી ધરાતા નથી. તેઓ વારંવાર શ્રીરામજીનાં ચરણકમળને પકડે છે. અપાર પ્રેમ છે, હૃદયમાં સમાતો જ નથી. ॥૨॥

**સુનહુ દેવ સચરાચર સ્વામી।**
**પ્રનતપાલ ઉર અંતરજામી॥**

**ઉર કછુ પ્રથમ બાસના રહી।**
**પ્રભુ પદ પ્રીતિ સરિત સો બહી ॥૩॥**

[વિભીષણજીએ કહ્યું –] હે દેવ! હે ચરાચર જગતના સ્વામી! હે શરણાગતના રક્ષક! હે સર્વેના હૃદયના ભીતરનું જાણનારા! સાંભળો, મારા હૃદયમાં પહેલા કંઈક વાસના હતી, તે પ્રભુના ચરણોની પ્રીતિરૂપ નદીમાં વહી ગઈ. ॥ ૩॥

**અબ કૃપાલ નિજ ભગતિ પાવની।**
**દેહુ સદા સિવ મન ભાવની ॥**
**એવમસ્તુ કહિ પ્રભુ રનધીરા।**
**માગા તુરત સિંધુ કર નીરા ॥૪॥**

હવે તો હે કૃપાળુ! શિવજીના મનને સદાય પ્રિય લાગનારી પોતાની પવિત્ર ભક્તિ મને આપો. 'એવમસ્તુ' (એમ જ થાઓ) કહીને રણધીર પ્રભુ શ્રીરામજીએ તરત જ સમુદ્રનું જળ માગ્યું. ॥ ૪॥

**જદપિ સખા તવ ઈચ્છા નાહીં।**
**મોર દરસુ અમોઘ જગ માહીં ॥**
**અસ કહિ રામ તિલક તેહિ સારા।**
**સુમન બૃષ્ટિ નભ ભઈ અપારા ॥૫॥**

[અને કહ્યું –] હે સખા! જોકે તમારી ઈચ્છા નથી, પણ જગતમાં મારું દર્શન અમોઘ છે (તે નિષ્ફળ નથી જતું). આવું કહીને શ્રીરામજીએ એમને રાજતિલક કરી દીધું. આકાશમાંથી પુષ્પોની અપાર વૃષ્ટિ થઈ. ॥ ૫॥

[દોહા ૪૯ (ક)]

**રાવન ક્રોધ અનલ નિજ સ્વાસ સમીર પ્રચંડ।**
**જરત બિભીષનુ રાખેઉ દીન્હેઉ રાજુ અખંડ ॥**

રાવણનો ક્રોધ પ્રચંડ અગ્નિ છે. વિભીષણનો આહ ભરીને નિશ્વાસ

નાખવો એ વાયુ છે. જેને પામીને રાવણની ક્રોધાગ્નિ ભભકી ઊઠી. તેમાં બળતા વિભીષણને ભગવાન શ્રીરામજીએ બચાવી લીધો અને એને અખંડ રાજ્ય આપ્યું. ॥ ૪૯ (ક)॥

[દોહા ૪૯ (ખ)]

**જો સંપતિ સિવ રાવનહિ દીન્હિ દિએઁ દસ માથ ।**
**સોઈ સંપદા બિભીષનહિ સકુચિ દીન્હિ રઘુનાથ ॥**

શિવજીએ જે સંપત્તિ રાવણને દસ માથાની બલિ આપવાથી આપી હતી, એ જ સંપત્તિ શ્રીરઘુનાથજીએ વિભીષણને ઘણાં જ સંકોચ સાથે આપી. (એટલે કે તેમને એમ લાગ્યું કે મેં કંઈ આપ્યું નથી.) ॥ ૪૯ (ખ)॥

**અસ પ્રભુ છાડ઼િ ભજહિં જે આના ।**
**તે નર પસુ બિનુ પૂઁછ બિષાના ॥**
**નિજ જન જાનિ તાહિ અપનાવા ।**
**પ્રભુ સુભાવ કપિ કુલ મન ભાવા ॥ ૧ ॥**

આવા પરમ કૃપાળુ પ્રભુને છોડીને જે મનુષ્ય બીજાને ભજે છે, તે શિંગડાં-પૂંછડાં વગરનાં પશુ છે. પોતાના સેવક જાણીને વિભીષણને શ્રીરામજીએ અપનાવી લીધા. પ્રભુનો સ્વભાવ વાનરકુળના મનને [ઘણો] ગમ્યો. ॥ ૧ ॥

**પુનિ સર્બગ્ય સર્બ ઉર બાસી ।**
**સર્બરૂપ સબ રહિત ઉદાસી ॥**
**બોલે બચન નીતિ પ્રતિપાલક ।**
**કારન મનુજ દનુજ કુલ ઘાલક ॥ ૨ ॥**

પછી સર્વ કંઈ જાણનારા, સર્વેના હૃદયોમાં વસનારા, સર્વરૂપ (સર્વે રૂપોમાં પ્રકટ), સર્વેથી રહિત, ઉદાસીન, ભક્તો પર કૃપા કરનારા તથા રાક્ષસોના કુળનો નાશ કરનારા, લીલાથી મનુષ્ય બનેલા શ્રીરામજી

નીતિની રક્ષા કરનારાં વચન બોલ્યા – ॥ ૨॥

**સુનુ કપીસ લંકાપતિ બીરા।**
**કેહિ બિધિ તરિઅ જલધિ ગંભીરા॥**
**સંકુલ મકર ઉરગ ઝષ જાતી।**
**અતિ અગાધ દુસ્તર સબ ભાઁતી॥ ૩॥**

હે વીર વાનરરાજ સુગ્રીવ અને લંકાપતિ વિભીષણ! સાંભળો, આ ઊંડા સમુદ્રને કઈ રીતે પાર કરી શકાય? અનેક જાતિનાં મગર, સર્પ અને માછલાંથી ભરેલો આ અત્યંત અગાધ સમુદ્ર પાર કરવો સર્વે પ્રકારે કઠિન છે. ॥ ૩॥

**કહ લંકેસ સુનહુ રઘુનાયક।**
**કોટિ સિંધુ સોષક તવ સાયક॥**
**જદ્યપિ તદપિ નીતિ અસિ ગાઈ।**
**બિનય કરિઅ સાગર સન જાઈ॥ ૪॥**

વિભીષણજીએ કહ્યું – હે રઘુનાથજી! સાંભળો, જોકે આપનું બાણ જ કરોડો સમુદ્રને શોષનારું છે (શોષી શકે છે), તો પણ નીતિ એમ કહેવાઈ છે (યોગ્ય આ હશે) કે [પહેલા] જઈને સમુદ્રને પ્રાર્થના કરવામાં આવે. ॥ ૪॥

[દોહા ૫૦]

**પ્રભુ તુમ્હાર કુલગુર જલધિ કહિહિ ઉપાય બિચારિ।**
**બિનુ પ્રયાસ સાગર તરિહિ સકલ ભાલુ કપિ ધારિ॥**

હે પ્રભુ! સમુદ્ર આપના કુળમાં મોટા (પૂર્વજ) છે, તે વિચારીને ઉપાય બતાવી દેશે. પછી રીંછ અને વાનરોની સમસ્ત સેના વિના પરિશ્રમે સમુદ્રની પાર ઊતરી જશે. ॥ ૫૦॥

**સખા કહી તુમ્હ નીકિ ઉપાઈ ।**
**કરિઅ દૈવ જૌં હોઈ સહાઈ ॥**
**મંત્ર ન યહ લછિમન મન ભાવા ।**
**રામ બચન સુનિ અતિ દુખ પાવા ॥ ૧॥**

[શ્રીરામજીએ કહ્યું –] હે સખા! તમે ઠીક ઉપાય બતાવ્યો. આ જ કરવામાં આવે, જો દૈવ સહાયક થાય. આ સલાહ લક્ષ્મણજીના મનને ઠીક ન લાગી. શ્રીરામજીનાં વચન સાંભળીને તો તેમને ઘણું જ દુ:ખ થયું. ॥ ૧॥

**નાથ દૈવ કર કવન ભરોસા ।**
**સોષિઅ સિંધુ કરિઅ મન રોસા ॥**
**કાદર મન કહુઁ એક અધારા ।**
**દૈવ દૈવ આલસી પુકારા ॥ ૨॥**

[લક્ષ્મણજીએ કહ્યું –] હે નાથ! દૈવનો શું ભરોસો! મનમાં ક્રોધ કરો અને સમુદ્રને સૂકવી નાખો. દૈવ તો કાયરના મનનો એક આધાર છે. આળસુ લોકો જ દૈવ-દૈવ પોકાર્યા કરે છે. ॥ ૨॥

**સુનત બિહસિ બોલે રઘુબીરા ।**
**ઐસેહિં કરબ ધરહુ મન ધીરા ॥**
**અસ કહિ પ્રભુ અનુજહિ સમુઝાઈ ।**
**સિંધુ સમીપ ગએ રઘુરાઈ ॥ ૩॥**

આ સાંભળીને શ્રીરઘુવીર હસીને બોલ્યા – આવું જ કરીશું, મનમાં ધીરજ રાખો. એવું કહીને નાના ભાઈને સમજાવી પ્રભુ શ્રીરઘુનાથજી સમુદ્રની સમીપ ગયા. ॥ ૩॥

**પ્રથમ પ્રનામ કીન્હ સિરુ નાઈ ।**
**બૈઠે પુનિ તટ દર્ભ ડસાઈ ॥**
**જબહિં બિભીષન પ્રભુ પહિં આએ ।**
**પાછેં રાવન દૂત પઠાએ ॥૪॥**

તેમણે પહેલા શીશ નમાવીને પ્રણામ કર્યાં. પછી કિનારા પર દર્ભ પાથરીને બેસી ગયા. અહીં જ્યારે વિભીષણ પ્રભુની પાસે આવ્યા હતા, ત્યારે જ રાવણે એમની પાછળ દૂત મોકલ્યા હતા. ॥૪॥

[દોહા ૫૧]

**સકલ ચરિત તિન્હ દેખે ધરેં કપટ કપિ દેહ ।**
**પ્રભુ ગુન હૃદયઁ સરાહહિં સરનાગત પર નેહ ॥**

કપટથી વાનરોનું શરીર ધારણ કરીને તેમણે સર્વ લીલાઓ જોઈ. તેઓ પોતાના હૃદયમાં પ્રભુના ગુણોની અને શરણાગત પર એમના સ્નેહની પ્રશંસા કરવા લાગ્યા. ॥૫૧॥

**પ્રગટ બખાનહિં રામ સુભાઊ ।**
**અતિ સપ્રેમ ગા બિસરિ દુરાઊ ॥**
**રિપુ કે દૂત કપિન્હ તબ જાને ।**
**સકલ બાઁધિ કપીસ પહિં આને ॥૧॥**

પછી તેઓ પ્રગટરૂપમાં ય અત્યંત પ્રેમની સાથે શ્રીરામજીના સ્વભાવની પ્રશંસા કરવા લાગ્યા. તેઓ છદ્મ વેષ ભૂલી ગયા. પછી વાનરોએ જાણ્યું કે આ શત્રુના દૂત છે અને વાનરો તે સર્વેને બાંધીને સુગ્રીવની પાસે લઈ આવ્યા. ॥૧॥

**કહ સુગ્રીવ સુનહુ સબ બાનર ।**
**અંગ ભંગ કરિ પઠવહુ નિસિચર ॥**

**સુનિ સુગ્રીવ બચન કપિ ધાએ।**
**બાઁધિ કટક ચહુ પાસ ફિરાએ ॥ ૨॥**

સુગ્રીવે કહ્યું – સર્વે વાનરો! સાંભળો, રાક્ષસોના અંગ-ભંગ કરીને મોકલી દો. સુગ્રીવનાં વચન સાંભળીને વાનરો દોડ્યા. દૂતોને બાંધીને તેમને સેનાની ચારેય બાજુએ ફેરવ્યા. ॥ ૨॥

**બહુ પ્રકાર મારન કપિ લાગે।**
**દીન પુકારત તદપિ ન ત્યાગે॥**
**જો હમાર હર નાસા કાના।**
**તેહિ કોસલાધીસ કૈ આના ॥ ૩॥**

વાનર તેમને અનેક પ્રકારે મારવા લાગ્યા. તેઓ દીન થઈને પોકારતા હતા, તોય વાનરોએ તેમને ન છોડ્યા. [પછી દૂતોએ પોકારીને કહ્યું –] જે અમારાં નાક-કાન કાપશે, તેને કૌશલાધીશ શ્રીરામજીનાં સોગંદ છે. ॥ ૩॥

**સુનિ લછિમન સબ નિકટ બોલાએ।**
**દયા લાગિ હઁસિ તુરત છોડ़ાએ॥**
**રાવન કર દીજહુ યહ પાતી।**
**લછિમન બચન બાચુ કુલઘાતી ॥ ૪॥**

આ સાંભળીને લક્ષ્મણજીએ સર્વેને નિકટ બોલાવ્યા. તેમને ઘણી દયા આવી, જેથી હસીને તેમણે રાક્ષસોને તુરત જ છોડાવી દીધા. [અને એમને કહ્યું –] રાવણના હાથમાં આ ચિઠ્ઠી આપજો [અને કહેજો –] હે કુલઘાતક! લક્ષ્મણના શબ્દો(સંદેશા)ને વાંચો. ॥ ૪॥

[દોહા ૫૨]

**કહેહુ મુખાગર મૂઢ़ સન મમ સંદેસુ ઉદાર।**
**સીતા દેઈ મિલહુ ન ત આવા કાલુ તુમ્હાર॥**

પછી તે મૂર્ખને વાણીથી આ મારો ઉદાર (કૃપાથી ભરેલો) સંદેશો કહેજો કે સીતાજીને આપી તેમને (શ્રીરામજીને) મળો, નહિંતર તમારો કાળ આવી ગયો[સમજો]. ॥ ૫૨॥

**તુરત નાઈ લછિમન પદ માથા।**
**ચલે દૂત બરનત ગુન ગાથા॥**
**કહત રામ જસુ લંકાઁ આએ।**
**રાવન ચરન સીસ તિન્હ નાએ॥ ૧॥**

લક્ષ્મણજીના ચરણોમાં મસ્તક નમાવીને, શ્રીરામજીના ગુણોની કથાનું વર્ણન કરતાં દૂત તુરત જ ચાલી નીકળ્યા. શ્રીરામજીનો યશ કહેતાં તેઓ લંકામાં આવ્યા અને તેઓએ રાવણનાં ચરણોમાં શીશ નમાવ્યાં. ॥ ૧॥

**બિહસિ દસાનન પૂઁછી બાતા।**
**કહસિ ન સુક આપનિ કુસલાતા॥**
**પુનિ કહુ ખબરિ બિભીષન કેરી।**
**જાહિ મૃત્યુ આઈ અતિ નેરી॥ ૨॥**

દશમુખ રાવણે હસીને વાત પૂછી – અરે શુક! પોતાના કુશળ કેમ નથી કહેતા? પછી તે વિભીષણના સમાચાર સંભળાવ, મૃત્યુ જેની અત્યંત નિકટ આવી ગયું છે. ॥ ૨॥

**કરત રાજ લંકા સઠ ત્યાગી।**
**હોઈહિ જવ કર કીટ અભાગી॥**
**પુનિ કહુ ભાલુ કીસ કટકાઈ।**
**કઠિન કાલ પ્રેરિત ચલિ આઈ॥ ૩॥**

મૂર્ખે રાજ્ય કરતાં કરતાં લંકાને ત્યાગી દીધી. અભાગિયો હવે જવનો કીડો (ધનેરું) બનશે (જવની સાથે જેમ ધનેરું પણ દળાઈ જાય છે, તેવી જ રીતે નર-વાનરોની સાથે તે પણ માર્યો જશે), પછી રીંછ અને વાનરોની સેનાનો વૃત્તાંત કહે, જે કઠિન કાળની પ્રેરણાથી અહીં ચાલી આવી છે. ॥ ૩॥

**જિન્હ કે જીવન કર રખવારા।**
**ભયઉ મૃદુલ ચિત સિંધુ બિચારા॥**
**કહુ તપસિન્હ કૈ બાત બહોરી।**
**જિન્હ કે હૃદયઁ ત્રાસ અતિ મોરી॥૪॥**

અને જેમના જીવનનો રક્ષક કોમળ ચિત્તવાળો બિચારો સમુદ્ર બની ગયો છે (અર્થાત્ તેમના અને રાક્ષસોની વચ્ચે સમુદ્ર ન હોત તો અત્યાર સુધીમાં રાક્ષસ તેમને મારીને ખાઈ ગયા હોત). પછી તે તપસ્વીઓની વાત કહે, જેમના હૃદયમાં મારો ભારે ભય છે. ॥૪॥

[દોહા ૫૩]

**કી ભઈ ભેંટ કિ ફિરિ ગએ શ્રવન સુજસુ સુનિ મોર।**
**કહસિ ન રિપુ દલ તેજ બલ બહુત ચકિત ચિત તોર॥**

તારો ભેટો તેમને થયો કે કાનેથી મારો સુયશ સાંભળીને જ પાછા ફરી ગયા? શત્રુસેનાનું તેજ અને બળ બતાવતો કેમ નથી? તારું ચિત્ત ઘણું જ ચકિત (સ્તંભિત) થઈ રહ્યું છે. ॥૫૩॥

**નાથ કૃપા કરિ પૂઁછેહુ જૈસેં।**
**માનહુ કહા ક્રોધ તજિ તૈસેં॥**
**મિલા જાઇ જબ અનુજ તુમ્હારા।**
**જાતહિં રામ તિલક તેહિ સારા॥૧॥**

[દૂતે કહ્યું –] હે નાથ! આપે જેમ કૃપા કરીને પૂછ્યું છે, તેમ ક્રોધ છોડીને મારું કહેવું માનો (મારી વાત પર વિશ્વાસ રાખો). જ્યારે આપનો નાનો ભાઈ શ્રીરામજીને જઈને મળ્યો, ત્યારે તેના પહોંચતાં જ શ્રીરામજીએ તેને રાજતિલક કરી દીધું. ॥ ૧॥

**રાવન દૂત હમહિ સુનિ કાના।**
**કપિન્હ બાઁધિ દીન્હે દુખ નાના॥**
**શ્રવન નાસિકા કાટૈં લાગે।**
**રામ સપથ દીન્હેં હમ ત્યાગે॥ ૨॥**

અમે રાવણના દૂત છીએ, આવું કાનેથી સાંભળીને વાનરોએ અમને બાંધીને ઘણાં કષ્ટ આપ્યાં. એટલા સુધી કે તેઓ અમારાં નાક-કાન કાપવા લાગ્યા. શ્રીરામજીના સોગંદ આપવાથી તેમણે અમને કંઈક છોડ્યા. ॥ ૨॥

**પૂઁછિહુ નાથ રામ કટકાઈ।**
**બદન કોટિ સત બરનિ ન જાઈ॥**
**નાના બરન ભાલુ કપિ ધારી।**
**બિકટાનન બિસાલ ભયકારી॥ ૩॥**

હે નાથ! આપે શ્રીરામજીની સેના પૂછી; તો તે તો સો કરોડ મુખોથીય વર્ણન નથી કરી શકાતી. અનેક રંગોનાં રીંછ અને વાનરોની સેના છે, જે ભયંકર મુખવાળા, વિશાળ શરીરવાળા અને ભયાનક છે. ॥ ૩॥

**જેહિં પુર દહેઉ હતેઉ સુત તોરા।**
**સકલ કપિન્હ મહઁ તેહિ બલુ થોરા॥**
**અમિત નામ ભટ કઠિન કરાલા।**
**અમિત નાગ બલ બિપુલ બિસાલા॥ ૪॥**

જેને નગર બાળ્યું અને આપના પુત્ર અક્ષકુમારને માર્યો એનું બળ

તો સર્વે વાનરોમાં ઓછું છે. અસંખ્ય નામવાળા ઘણા જ કઠોર અને ભયાનક યોદ્ધા છે. તેમનામાં અસંખ્ય હાથીઓનું બળ છે અને તેઓ ઘણા જ વિશાળ છે. ॥૪॥

[દોહા ૫૪]

**દ્વિબિદ મયંદ નીલ નલ અંગદ ગદ બિકટાસિ ।**
**દધિમુખ કેહરિ નિસઠ સઠ જામવંત બલરાસિ ॥**

દ્વિવિદ, મયંદ, નીલ, નલ, અંગદ, ગદ, વિકટાસ્ય, દધિમુખ, કેસરી, નિશઠ, શઠ અને જામ્બવાન – એ સર્વે બળના ભંડાર છે. ॥૫૪॥

**એ કપિ સબ સુગ્રીવ સમાના ।**
**ઈન્હ સમ કોટિન્હ ગનઈ કો નાના ॥**
**રામ કૃપાઁ અતુલિત બલ તિન્હહીં ।**
**તૃન સમાન ત્રૈલોકહિ ગનહીં ॥૧॥**

આ સર્વે વાનરો બળમાં સુગ્રીવ સમાન છે અને એમનાં જેવા [એક-બે નહીં] કરોડો છે. તે અનેકોને ગણી જ કોણ શકે છે? શ્રીરામજીની કૃપાથી તેમનામાં અતુલનીય બળ છે. તે ત્રણેય લોકોને તૃણની સમાન [તુચ્છ] સમજે છે. ॥૧॥

**અસ મૈં સુના શ્રવન દસકંધર ।**
**પદુમ અઠારહ જૂથપ બંદર ॥**
**નાથ કટક મહઁ સો કપિ નાહીં ।**
**જો ન તુમ્હહિ જીતૈ રન માહીં ॥૨॥**

હે દશગ્રીવ! મેં કાનેથી એવું સાંભળ્યું છે કે અઢાર પદ્મ તો એકલા વાનરોના સેનાપતિ છે. હે નાથ! એ સેનામાં એવો કોઈ વાનર નથી, જે આપને રણમાં જીતી ન શકે. ॥૨॥

**પરમ ક્રોધ મીજહિં સબ હાથા।**
**આયસુ પૈ ન દેહિં રઘુનાથા॥**
**સોષહિં સિંધુ સહિત ઝષ બ્યાલા।**
**પૂરહિં ન ત ભરિ કુધર બિસાલા॥૩॥**

સર્વે-સર્વ અત્યંત ક્રોધથી હાથ મસળે છે. પણ શ્રીરઘુનાથજી તેમને આજ્ઞા નથી આપતા. અમે માછલીઓ અને સર્પોસહિત સમુદ્રને શોષી લઈશું. નહીંતર મોટામોટા પર્વતોથી એને ભરીને પૂરી દઈશું; ॥૩॥

**મર્દિ ગર્દ મિલવહિં દસસીસા।**
**ઐસેઇ બચન કહહિં સબ કીસા॥**
**ગર્જહિં તર્જહિં સહજ અસંકા।**
**માનહુઁ ગ્રસન ચહત હહિં લંકા॥૪॥**

અને રાવણને મસળીને ધૂળમાં મેળવી દઈશું. સર્વે વાનરો આવાં જ વચન કહી રહ્યા છે. સર્વે સ્વાભાવિક રૂપે નીડર છે; એવી રીતે ગરજે અને આગળ વધે છે જાણે લંકાને ગળી જ જવા ઈચ્છતા હોય. ॥૪॥

[દોહા ૫૫]

**સહજ સૂર કપિ ભાલુ સબ પુનિ સિર પર પ્રભુ રામ।**
**રાવન કાલ કોટિ કહુઁ જીતિ સકહિં સંગ્રામ॥**

બધા વાનર-રીંછ સ્વાભાવિક રૂપે જ શૂરવીર છે. વળી, એમના માથે પ્રભુ (સર્વેશ્વર) શ્રીરામજી છે, જેઓ રાવણ જ નહીં, સંગ્રામમાં કરોડો કાળને પણ જીતી શકે છે. ॥૫૫॥

**રામ તેજ બલ બુધિ બિપુલાઈ।**
**સેષ સહસ સત સકહિં ન ગાઈ॥**

**સક સર એક સોષિ સત સાગર ।**
**તવ ભ્રાતહિ પૂઁછેઉ નય નાગર ॥ ૧ ॥**

શ્રીરામચન્દ્રજીનાં તેજ (સામર્થ્ય), બળ અને બુદ્ધિની અધિકતાને લાખો શેષ પણ નથી ગાઈ શકતા. તેઓ એક જ બાણથી સેંકડો સમુદ્રોને શોષી શકે છે, પરંતુ નીતિનિપુણ શ્રીરામજીએ [નીતિના રક્ષણ માટે] આપના ભાઈને ઉપાય પૂછ્યો. ॥ ૧ ॥

**તાસુ બચન સુનિ સાગર પાહીં ।**
**માગત પંથ કૃપા મન માહીં ॥**
**સુનત બચન બિહસા દસસીસા ।**
**જૌં અસિ મતિ સહાય કૃત કીસા ॥ ૨ ॥**

વિભીષણનાં વચન સાંભળીને શ્રીરામજી સમુદ્ર પાસે રસ્તો માગી રહ્યા છે, તેમના મનમાં કૃપા ભરેલી છે [એટલે તેઓ તેને શોષતા નથી]. દૂતનાં આ વચન સાંભળતાં જ રાવણ ખૂબ હસ્યો [અને બોલ્યો] જ્યારે આવી બુદ્ધિ છે, ત્યારે જ તો વાનરોને સેવક બનાવ્યા છે! ॥ ૨ ॥

**સહજ ભીરુ કર બચન દૃઢ઼ાઈ ।**
**સાગર સન ઠાની મચલાઈ ॥**
**મૂઢ઼ મૃષા કા કરસિ બડ઼ાઈ ।**
**રિપુ બલ બુદ્ધિ થાહ મૈં પાઈ ॥ ૩ ॥**

સ્વાભાવિકરૂપે જ બીકણ વિભીષણના વચનને પ્રમાણ કરીને તેમણે સમુદ્ર સાથે [બાળ] હઠ નિર્ધારી છે. અરે મૂર્ખ! જૂઠી મોટાઈ શું કરે છે? બસ મેં શત્રુના બળ અને બુદ્ધિનો તાગ પામી લીધો. ॥ ૪ ॥

**સચિવ સભીત બિભીષન જાકેં ।**
**બિજય બિભૂતિ કહાઁ જગ તાકેં ॥**

**સુનિ ખલ બચન દૂત રિસ બાઢ़ી ।**
**સમય બિચારિ પત્રિકા કાઢ़ી ॥૪॥**

જેના વિભીષણ જેવા બીકણ મંત્રી હોય, તેને જગતમાં વિજય અને વિભૂતિ (ઐશ્વર્ય) ક્યાં? દુષ્ટ રાવણનાં વચન સાંભળીને દૂતનો ક્રોધ વધી ગયો. તેણે તક જોઈને પત્રિકા કાઢી. ॥૪॥

**રામાનુજ દીન્હી યહ પાતી ।**
**નાથ બચાઈ જુડ़ાવહુ છાતી ॥**
**બિહસિ બામ કર લીન્હી રાવન ।**
**સચિવ બોલિ સઠ લાગ બચાવન ॥૫॥**

[અને કહ્યું –] શ્રીરામજીના નાના ભાઈ લક્ષ્મણે આ પત્રિકા આપી છે. હે નાથ! આને વંચાવીને છાતી ઠંડી કરો. રાવણે હસીને તેને ડાબા હાથમાં લીધી અને મંત્રીને બોલાવીને તે મૂર્ખ તેને વંચાવવા લાગ્યો. ॥૫॥

[દોહા ૫૬ (ક)]

**બાતન્હ મનહિ રિઝાઈ સઠ જનિ ઘાલસિ કુલ ખીસ ।**
**રામ બિરોધ ન ઉબરસિ સરન બિષ્નુ અજ ઈસ ॥**

[પત્રિકામાં લખ્યું હતું –] અરે મૂર્ખ! કેવળ વાતોથી જ મનને રાજી કરીને પોતાના કુળને નષ્ટ-ભ્રષ્ટ ન કર. શ્રીરામજીથી વિરોધ કરીને તું વિષ્ણુ, બ્રહ્મા અને મહેશની શરણમાં જવા છતાંય નહીં બચે. ॥૫૬ (ક)॥

[દોહા ૫૬ (ખ)]

**કી તજિ માન અનુજ ઈવ પ્રભુ પદ પંકજ ભૃંગ ।**
**હોહિ કિ રામ સરાનલ ખલ કુલ સહિત પતંગ ॥**

કાં તો અભિમાન છોડીને પોતાના નાના ભાઈ વિભીષણની જેમ

પ્રભુનાં ચરણકમળોનો ભ્રમર બની જા. અથવા અરે દુષ્ટ! શ્રીરામજીના બાણરૂપ અગ્નિમાં પરિવારસહિત પતંગિયું થઈ જા(બંનેમાંથી જે ઠીક લાગે તે કર). ॥ ૫૬ (ખ)॥

**સુનત સભય મન મુખ મુસુકાઈ ।**
**કહત દસાનન સબહિ સુનાઈ ॥**
**ભૂમિ પરા કર ગહત અકાસા ।**
**લઘુ તાપસ કર બાગ બિલાસા ॥ ૧ ॥**

પત્રિકા સાંભળતાં જ રાવણ મનમાં ભયભીત થઈ ગયો, પરંતુ મુખેથી (ઉપરથી) મલકાતો તે સર્વેને સંભળાવીને કહેવા લાગ્યો – જેમ કોઈ પૃથ્વી પર પડેલો હાથથી આકાશને પકડવાની ચેષ્ટા કરતો હોય, તેવી જ રીતે આ નાનો તપસ્વી (લક્ષ્મણ) વાગ્વિલાસ કરે છે (શેખી બકે છે). ॥ ૧॥

**કહ સુક નાથ સત્ય સબ બાની ।**
**સમુઝહુ છાડ઼િ પ્રકૃતિ અભિમાની ॥**
**સુનહુ બચન મમ પરિહરિ ક્રોધા ।**
**નાથ રામ સન તજહુ બિરોધા ॥ ૨॥**

શુકે (દૂતે) કહ્યું – હે નાથ! અભિમાની સ્વભાવને ત્યજીને [આ પત્રમાં લખેલી] સર્વે વાતોને સત્ય સમજો. ક્રોધ છોડીને મારાં વચન સાંભળો. હે નાથ! શ્રીરામજી સાથે વેર ત્યજી દો. ॥ ૨॥

**અતિ કોમલ રઘુબીર સુભાઊ ।**
**જદ્યપિ અખિલ લોક કર રાઊ ॥**
**મિલત કૃપા તુમ્હ પર પ્રભુ કરિહી ।**
**ઉર અપરાધ ન એકઉ ધરિહી ॥ ૩॥**

જોકે શ્રીરઘુવીર સમસ્ત લોકોના સ્વામી છે, પણ એમનો સ્વભાવ અત્યંત જ કોમળ છે. મળતાં જ પ્રભુ આપ પર કૃપા કરશે અને આપનો એક પણ અપરાધ તેઓ હૃદયમાં રાખશે નહિ. ॥ ૩॥

**જનકસુતા રઘુનાથહિ દીજે ।**
**એતના કહા મોર પ્રભુ કીજે ॥**
**જબ તેહિં કહા દેન બૈદેહી ।**
**ચરન પ્રહાર કીન્હ સઠ તેહી ॥ ૪॥**

જાનકીજી શ્રીરઘુનાથજીને આપી દો. હે પ્રભુ! આટલું કહેવું મારું માનો. જ્યારે તે દૂતે જાનકીજીને આપવા માટે કહ્યું, ત્યારે દુષ્ટ રાવણે તેને લાત મારી. ॥ ૪॥

**નાઈ ચરન સિરુ ચલા સો તહાઁ ।**
**કૃપાસિંધુ રઘુનાયક જહાઁ ॥**
**કરિ પ્રનામુ નિજ કથા સુનાઈ ।**
**રામ કૃપાઁ આપનિ ગતિ પાઈ ॥ ૫॥**

તે પણ [વિભીષણની જેમ] ચરણોમાં શીશ નમાવીને ત્યાં જ ચાલ્યો, જ્યાં કૃપાસાગર શ્રીરઘુનાથજી હતા. પ્રણામ કરીને તેણે પોતાની કથા સંભળાવી અને શ્રીરામજીની કૃપાથી પોતાની ગતિ (મુનિનું સ્વરૂપ) પામ્યો. ॥ ૫॥

**રિષિ અગસ્તિ કીં સાપ ભવાની ।**
**રાછસ ભયઉ રહા મુનિ ગ્યાની ॥**
**બંદિ રામ પદ બારહિં બારા ।**
**મુનિ નિજ આશ્રમ કહુઁ પગુ ધારા ॥ ૬॥**

[શિવજી કહે છે –] હે ભવાની! તે જ્ઞાની મુનિ હતો, અગસ્ત્ય ઋષિના શાપથી રાક્ષસ થયો હતો. વારંવાર શ્રીરામજીના ચરણોની વંદના કરીને તે મુનિ પોતાના આશ્રમે ચાલ્યો ગયો. ॥ ૬॥

[દોહા ૫૭]

**બિનય ન માનત જલધિ જડ઼ ગએ તીનિ દિન બીતિ ।**
**બોલે રામ સકોપ તબ ભય બિનુ હોઈ ન પ્રીતિ ॥**

અહીં ત્રણ દિવસ વીતી ગયા પરંતુ જડ સમુદ્ર નમ્રતાને માનતો નથી. ત્યારે શ્રીરામજી ક્રોધસહિત બોલ્યા – વિના ભયે પ્રીતિ થતી નથી! ॥ ૫૭॥

**લછિમન બાન સરાસન આનૂ ।**
**સોષૌં બારિધિ બિસિખ કૃસાનૂ ॥**
**સઠ સન બિનય કુટિલ સન પ્રીતી ।**
**સહજ કૃપન સન સુંદર નીતી ॥ ૧ ॥**

હે લક્ષ્મણ! ધનુષ-બાણ લાવો, હું અગ્નિબાણથી સમુદ્રને શોષી લઉં. મૂર્ખને વિનય, કુટિલને પ્રીતિ, સ્વાભાવિક જ કંજૂસને સુંદર નીતિ (ઉદારતાનો ઉપદેશ), ॥ ૧॥

**મમતા રત સન ગ્યાન કહાની ।**
**અતિ લોભી સન બિરતિ બખાની ॥**
**ક્રોધિહિ સમ કામિહિ હરિકથા ।**
**ઊસર બીજ બએँ ફલ જથા ॥ ૨ ॥**

મમતામાં ફસાયેલા મનુષ્યને જ્ઞાનની કથા, અત્યંત લોભીને

વૈરાગ્યનું વર્ણન, ક્રોધીને શમ (શાંતિની વાત) અને કામીને ભગવાનની કથા – આનું ફળ એવું જ હોય છે જેમ ખારાપાટમાં બીજ વાવવાથી થાય છે (અર્થાત્ ખારાપાટમાં બી વાવવાની જેમ આ સર્વે વ્યર્થ જાય છે). ॥ ૨॥

**અસ કહિ રઘુપતિ ચાપ ચઢ઼ાવા।**
**યહ મત લછિમન કે મન ભાવા॥**
**સંધાનેઉ પ્રભુ બિસિખ કરાલા।**
**ઉઠી ઉદધિ ઉર અંતર જ્વાલા॥૩॥**

આવું કહીને શ્રીરઘુનાથજીએ ધનુષ ચઢાવ્યું. આ મત લક્ષ્મણજીના મનને ઘણો જ ઠીક લાગ્યો. પ્રભુએ ભયાનક [અગ્નિ] બાણનું સંધાન કર્યું, જેથી સમુદ્રના હૃદયની અંદર અગ્નિની જ્વાળા ઊઠી. ॥ ૩॥

**મકર ઉરગ ઝષ ગન અકુલાને।**
**જરત જંતુ જલનિધિ જબ જાને॥**
**કનક થાર ભરિ મનિ ગન નાના।**
**બિપ્ર રૂપ આયઉ તજિ માના॥૪॥**

મગર, સર્પ તથા માછલીઓનો સમૂહ વ્યાકુળ થઈ ગયો. જ્યારે સમુદ્રે જીવોને બળતાં જોયા, ત્યારે સોનાના થાળમાં અનેક મણિઓ(રત્નો)ને ભરીને અભિમાન છોડી તે બ્રાહ્મણના રૂપમાં આવ્યો. ॥ ૪॥

[દોહા ૫૮]

**કાટેહિં પઈ કદરી ફરઈ કોટિ જતન કોઉ સીંચ।**
**બિનય ન માન ખગેસ સુનુ ડાટેહિં પઈ નવ નીચ॥**

[કાકભુશુંડિજી કહે છે –] હે ગરુડજી! સાંભળો, ભલે કોઈ કરોડો

ઉપાય કરીને સીંચે પણ કેળ તો કાપ્યા પછી જ ફળે છે. નીચ નમ્રતાથી નથી માનતો. તેને વઢવાથી જ તે નમે છે (રસ્તા ઉપર આવે છે). ॥૫૮॥

**સભય સિંધુ ગહિ પદ પ્રભુ કેરે ।**
**છમહુ નાથ સબ અવગુન મેરે ॥**
**ગગન સમીર અનલ જલ ધરની ।**
**ઈન્હ કઈ નાથ સહજ જડ઼ કરની ॥૧॥**

સમુદ્રએ ભયભીત થઈને પ્રભુના ચરણ પકડીને કહ્યું – હે નાથ! મારા સર્વે અવગુણ (દોષ) ક્ષમા કરો. હે નાથ! આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી – આ સર્વેની કરણી સ્વભાવથી જ જડ છે. ॥૧॥

**તવ પ્રેરિત માયાઁ ઉપજાએ ।**
**સૃષ્ટિ હેતુ સબ ગ્રંથનિ ગાએ ॥**
**પ્રભુ આયસુ જેહિ કહઁ જસ અહઈ ।**
**સો તેહિ ભાઁતિ રહેં સુખ લહઈ ॥૨॥**

આપની પ્રેરણાથી માયાએ એમને સૃષ્ટિની માટે ઉત્પન્ન કર્યાં છે, સર્વે ગ્રંથોએ આ જ ગાયું છે. જેના માટે સ્વામીની જેવી આજ્ઞા છે, તે જ રીતે રહેવામાં તે સુખ પામે છે. ॥૨॥

**પ્રભુ ભલ કીન્હ મોહિ સિખ દીન્હી ।**
**મરજાદા પુનિ તુમ્હરી કીન્હી ॥**
**ઢોલ ગવાઁર સૂદ્ર પસુ નારી ।**
**સકલ તાડ઼ના કે અધિકારી ॥૩॥**

પ્રભુએ સારું કર્યું જે મને દંડ આપ્યો; પરંતુ મર્યાદા (જીવોનો સ્વભાવ) પણ આપની જ બનાવેલી છે. ઢોલ, ગમાર, શૂદ્ર, પશુ અને

સ્ત્રી — આ સર્વ દંડના અધિકારી છે. ॥૩॥

**પ્રભુ પ્રતાપ મૈં જાબ સુખાઈ ।**
**ઉતરિહિ કટકુ ન મોરિ બડ઼ાઈ ॥**
**પ્રભુ અગ્યા અપેલ શ્રુતિ ગાઈ ।**
**કરૌં સો બેગિ જો તુમ્હહિ સોહાઈ ॥૪॥**

પ્રભુના પ્રતાપથી હું સુકાઈ જઈશ અને સેના પાર ઊતરી જશે, એમાં મારી મોટાઈ નથી (મારી મર્યાદા નહિ રહે). તો પણ પ્રભુની આજ્ઞા અચૂક છે (અર્થાત્ આપની આજ્ઞાનું ઉલ્લંઘન નથી થઈ શકતું) એવું વેદો ગાય છે. હવે, આપને જે ઠીક લાગે, તે જ હું તુરત જ કરું. ॥૪॥

[દોહા ૫૯]

**સુનત બિનીત બચન અતિ કહ કૃપાલ મુસુકાઈ ।**
**જેહિ બિધિ ઉતરૈ કપિ કટકુ તાત સો કહહુ ઉપાઈ ॥**

સમુદ્રના અત્યંત નમ્ર વચન સાંભળીને કૃપાળુ શ્રીરામજીએ મલકાઈને કહ્યું — હે તાત! જે રીતે વાનરોની સેના પાર ઊતરી જાય, એ ઉપાય બતાવો. ॥૫૯॥

**નાથ નીલ નલ કપિ દ્વૌ ભાઈ ।**
**લરિકાઈં રિષિ આસિષ પાઈ ॥**
**તિન્હ કેં પરસ કિએँ ગિરિ ભારે ।**
**તરિહહિં જલધિ પ્રતાપ તુમ્હારે ॥૧॥**

[સમુદ્રે કહ્યું —] હે નાથ! નીલ અને નલ બે વાનર ભાઈઓ છે. તેમણે નાનપણમાં ઋષિઓથી આશીર્વાદ મેળવ્યા હતા. તેમના સ્પર્શ કરી લેવાથી જ ભારે ભારે પર્વત પણ આપના પ્રતાપથી સમુદ્ર પર તરી જશે. ॥૧॥

**મૈં પુનિ ઉર ધરિ પ્રભુ પ્રભુતાઈ ।**
**કરિહઉઁ બલ અનુમાન સહાઈ ॥**
**એહિ બિધિ નાથ પયોધિ બઁધાઈઅ ।**
**જેહિં યહ સુજસુ લોક તિહુઁ ગાઈઅ ॥ ૨॥**

હું પણ પ્રભુની પ્રભુતાને હૃદયમાં ધારણ કરીને પોતાના બળ અનુસાર (જ્યાં સુધી મારાથી બનશે) સહાયતા કરીશ. હે નાથ! આ રીતે સમુદ્રને બંધાવો, જેથી ત્રણેય લોકોમાં આપનો સુંદર યશ ગવાય. ॥૨॥

**એહિં સર મમ ઉત્તર તટ બાસી ।**
**હતહુ નાથ ખલ નર અઘ રાસી ॥**
**સુનિ કૃપાલ સાગર મન પીરા ।**
**તુરતહિં હરી રામ રનધીરા ॥ ૩॥**

આ બાણથી મારા ઉત્તરકિનારે રહેનારા પાપના ભંડાર દુષ્ટ મનુષ્યોનો વધ કરો. કૃપાળુ અને રણધીર શ્રીરામજીએ સમુદ્રના મનની પીડા સાંભળીને તેને તરત જ હરી લીધી (અર્થાત્ બાણથી એ દુષ્ટોનો વધ કરી દીધો). ॥૩॥

**દેખિ રામ બલ પૌરુષ ભારી ।**
**હરષિ પયોનિધિ ભયઉ સુખારી ॥**
**સકલ ચરિત કહિ પ્રભુહિ સુનાવા ।**
**ચરન બંદિ પયોધિ સિધાવા ॥ ૪॥**

શ્રીરામજીના ભારે બળ અને પૌરુષને જોઈને સમુદ્ર હર્ષિત થઈને સુખી થઈ ગયો. તેણે એ દુષ્ટોનું સમસ્ત ચરિત્ર પ્રભુને કહી સંભળાવ્યું. પછી ચરણોની વંદના કરીને સમુદ્ર ચાલ્યો ગયો. ॥૪॥

[છંદ]

**નિજ ભવન ગવનેઉ સિંધુ શ્રી રઘુપતિહિ યહ મત ભાયઊ।**
**યહ ચરિત કલિ મલહર જથામતિ દાસ તુલસી ગાયઊ॥**
**સુખ ભવન સંસય સમન દવન બિષાદ રઘુપતિ ગુન ગના।**
**તજિ સકલ આસ ભરોસ ગાવહિ સુનહિ સંતત સઠ મના॥**

સમુદ્ર પોતાના સ્થાને ચાલ્યો ગયો, શ્રીરઘુનાથજીને આ મત (તેની સલાહ) ઠીક લાગ્યો. આ ચરિત્ર કળિયુગનાં પાપોને હરનારું છે. એને તુલસીદાસે પોતાની બુદ્ધિ પ્રમાણે ગાયું છે. શ્રીરઘુનાથજીના ગુણસમૂહો સુખના ધામ અને સંદેહનો નાશ કરનારા અને વિષાદનું દમન કરનારા છે. અરે મૂર્ખ મન! તું સંસારનાં સર્વ આશા-ભરોસા ત્યાગીને નિરંતર આને ગા અને સાંભળ. ॥૫॥

[દોહા ૬૦]

**સકલ સુમંગલ દાયક રઘુનાયક ગુન ગાન।**
**સાદર સુનહિં તે તરહિં ભવ સિંધુ બિના જલજાન॥**

શ્રીરઘુનાથજીના ગુણગાન સંપૂર્ણ સુંદર મંગળોને આપનાર છે. જે આને આદરસહિત સાંભળશે, તે વિના કોઈ વહાણે (અન્ય સાધન વિના) જ ભવસાગરને તરી જશે. ॥૬૦॥

## *માસપારાયણ, ચોવીસમો વિશ્રામ*

*ઈતિ શ્રીમદ્રામચરિતમાનસે સકલકલિકલુષવિધ્વંસને પઞ્ચમઃસોપાનઃસમાપ્તઃ।*

**કળિયુગનાં સમસ્ત પાપોનો નાશ કરનારા શ્રીરામચરિતમાનસનો આ પાંચમો સોપાન સમાપ્ત થયો.**

**(સુંદરકાંડ સમાપ્ત)**

॥ શ્રીહનુમતે નમઃ ॥

# શ્રીહનુમાનચાલીસા

(દોહા)

શ્રી ગુરુ ચરન સરોજ રજ, નિજ મનુ મુકુરુ સુધારિ,
બરનઉँ રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચારિ.
બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌં પવન-કુમાર,
બલ બુદ્ધિ બિદ્યા દેહુ મોહિં, હરહુ કલેસ બિકાર.

(ચૌપાઈ)

જય હનુમાન જ્ઞાન ગુન સાગર ।
જય કપીસ તિહુઁ લોક ઉજાગર ॥
રામ દૂત અતુલિત બલ ધામા ।
અંજનિ-પુત્ર પવનસુત નામા ॥
મહાબીર બિક્રમ બજરંગી ।
કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥
કંચન બરન બિરાજ સુબેસા ।
કાનન કુંડલ કુંચિત કેસા ॥
હાથ બજ્ર અરુ ધ્વજા બિરાજૈ ।
કાઁધે મૂઁજ જનેઊ સાજૈ ॥
સંકર સુવન કેસરીનંદન ।
તેજ પ્રતાપ મહા જગ બંદન ॥
વિદ્યાવાન ગુની અતિ ચાતુર ।
રામ કાજ કરિબે કો આતુર ॥

પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા।
રામ લખન સીતા મન બસિયા॥
સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિ દિખાવા।
બિકટ રૂપ ધરિ લંક જરાવા॥
ભીમ રૂપ ધરિ અસુર સઁહારે।
રામચંદ્ર કે કાજ સઁવારે॥
લાય સજીવન લખન જિયાયે।
શ્રીરઘુબીર હરષિ ઉર લાયે॥
રઘુપતિ કીન્હી બહુત બડ઼ાઈ।
તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ॥
સહસ બદન તુમ્હરો જશ ગાવૈં।
અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈં॥
સનકાદિક બ્રહ્માદિ મુનીસા।
નારદ સારદ સહિત અહીસા॥
જમ કુબેર દિગપાલ જહાઁ તે।
કબિ કોબિદ કહિ સકે કહાઁ તે॥
તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા।
રામ મિલાય રાજ પદ દીન્હા॥
તુમ્હરો મંત્ર બિભીષન માના।
લંકેસ્વર ભએ સબ જગ જાના॥

જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ।
લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ॥
પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં।
જલધિ લાँઘિ ગયે અચરજ નાહીં॥
દુર્ગમ કાજ જગત કે જેતે।
સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે॥
રામ દુઆરે તુમ રખવારે।
હોત ન આજ્ઞા બિનુ પૈસારે॥
સબ સુખ લહૈ તુમ્હારી સરના।
તુમ રચ્છક કાહૂ કો ડર ના॥
આપન તેજ સમ્હારો આપૈ।
તીનોં લોક હાँક તેં કાँપૈ॥
ભૂત પિસાચ નિકટ નહિં આવૈ।
મહાબીર જબ નામ સુનાવૈ॥
નાસૈ રોગ હરૈ સબ પીરા।
જપત નિરંતર હનુમત બીરા॥
સંકટ તેં હનુમાન છુડ઼ાવૈ।
મન ક્રમ બચન ધ્યાન જો લાવૈ॥
સબ પર રામ તપસ્વી રાજા।
તિન કે કાજ સકલ તુમ સાજા॥
ઔર મનોરથ જો કોઈ લાવૈ।
સોઈ અમિત જીવન ફલ પાવૈ॥

ચારોં જુગ પરતાપ તુમ્હારા ।
હૈ પરસિદ્ધ જગત ઉજિયારા ॥
સાધુ સંત કે તુમ રખવારે ।
અસુર નિકંદન રામ દુલારે ॥
અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા ।
અસ બર દીન જાનકી માતા ॥
રામ રસાયન તુમ્હરે પાસા ।
સદા રહો રઘુપતિ કે દાસા ॥
તુમ્હરે ભજન રામ કો પાવૈ ।
જનમ જનમ કે દુખ બિસરાવૈ ॥
અંત કાલ રઘુબર પુર જાઈ ।
જહાઁ જન્મ હરિ-ભક્ત કહાઈ ॥
ઔર દેવતા ચિત્ત ન ધરઈ ।
હનુમત સેઈ સર્વ સુખ કરઈ ॥
સંકટ કટૈ મિટૈ સબ પીરા ।
જો સુમિરૈ હનુમત બલબીરા ॥
જૈ જૈ જૈ હનુમાન ગોસાઈં ।
કૃપા કરહુ ગુરુ દેવ કી નાઈં ॥
જો સત બાર પાઠ કર કોઈ ।
છૂટહિ બંદિ મહા સુખ હોઈ ॥

જો યહ પઢ़ૈ હનુમાન ચાલીસા ।
હોય સિદ્ધિ સાખી ગૌરીસા ॥
તુલસીદાસ સદા હરિ ચેરા ।
કીજૈ નાથ હૃદય મઁહ ડેરા ॥

(દોહા)

પવનતનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ ।
રામલખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ ॥
॥ ઈતિ ॥

## સંકટમોચન હનુમાનાષ્ટક

### મત્તગયન્દ છન્દ

બાલ સમય રબિ ભક્ષિ લિયો તબ
તીનહુઁ લોક ભયો અઁધિયારો ।
તાહિ સોં ત્રાસ ભયો જગ કો
યહ સંકટ કાહુ સોં જાત ન ટારો ॥
દેવન આનિ કરી બિનતી તબ
છાઁડિ દિયો રબિ કષ્ટ નિવારો ।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૧ ॥

બાલિ કી ત્રાસ કપીસ બસૈ ગિરિ
જાત મહાપ્રભુ પંથ નિહારો ।

ચૌંકિ મહા મુનિ સાપ દિયો તબ
ચાહિય કૌન બિચાર બિચારો ॥
કૈ દ્વિજ રૂપ લિવાય મહાપ્રભુ
સો તુમ દાસ કે સોક નિવારો।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૨ ॥
અંગદ કે સઁગ લેન ગયે સિય
ખોજ કપીસ યહ બૈન ઉચારો।
જીવત ના બચિહૌ હમ સો જુ
બિના સુધિ લાયે ઈહાઁ પગુ ધારો ॥
હેરિ થકે તટ સિંધુ સબૈ તબ લાય
સિયા-સુધિ પ્રાન ઉબારો।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૩ ॥
રાવન ત્રાસ દઈ સિય કો સબ
રાક્ષસિ સોં કહિ સોક નિવારો।
તાહિ સમય હનુમાન મહાપ્રભુ
જાય મહા રજનીચર મારો ॥
ચાહત સીય અસોક સોં આગિ સુ
દૈ પ્રભુ મુદ્રિકા સોક નિવારો।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૪ ॥

બાન લગ્યો ઉર લછિમન કે તબ
પ્રાન તજે સુત રાવન મારો।
લૈ ગૃહ બૈદ્ય સુષેન સમેત
તબૈ ગિરિ દ્રોન સુ બીર ઉપારો॥
આનિ સજીવન હાથ દઈ તબ
લછિમન કે તુમ પ્રાન ઉબારો।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો॥ ૫ ॥
રાવન જુદ્ધ અજાન કિયો તબ
નાગ કિ ફાઁસ સબૈ સિર ડારો।
શ્રીરઘુનાથ સમેત સબૈ દલ
મોહ ભયો યહ સંકટ ભારો॥
આનિ ખગેસ તબૈ હનુમાન જુ
બંધન કાટિ સુત્રાસ નિવારો।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો॥ ૬ ॥
બંધુ સમેત જબૈ અહિરાવન
લૈ રઘુનાથ પતાલ સિધારો।
દેબિહિં પૂજિ ભલી બિધિ સોં બલિ
દેઉ સબૈ મિલિ મંત્ર બિચારો॥
જાય સહાય ભયો તબ હી
અહિરાવન સૈન્ય સમેત સઁહારો।

કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૭ ॥
કાજ કિયે બડ઼ દેવન કે તુમ
બીર મહાપ્રભુ દેખિ બિચારો ।
કૌન સો સંકટ મોર ગરીબ કો
જો તુમસોં નહિં જાત હૈ ટારો ॥
બેગિ હરો હનુમાન મહાપ્રભુ
જો કછુ સંકટ હોય હમારો ।
કો નહિં જાનત હૈ જગમેં કપિ
સંકટમોચન નામ તિહારો ॥ ૮ ॥

**દો૦— લાલ દેહ લાલી લસે, અરુ ધરિ લાલ લઁગૂર ।**
**બજ્ર દેહ દાનવ દલન, જય જય જય કપિ સૂર ॥**

*॥ ઈતિ સંકટમોચન હનુમાનાષ્ટક સંપૂર્ણ ॥*

# શ્રીરામાયણજીની આરતી

આરતિ શ્રીરામાયનજી કી । કીરતિ કલિત લલિત સિય પી કી ॥
ગાવત બ્રહ્માદિક મુનિ નારદ । બાલમીક બિગ્યાન બિસારદ ॥
સુક સનકાદિ સેષ અરુ સારદ । બરનિ પવનસુત કીરતિ નીકી ॥૧॥
ગાવત બેદ પુરાન અષ્ટદસ । છઓ સાસ્ત્ર સબ ગ્રંથન કો રસ ॥
મુનિ જન ધન સંતન કો સરબસ । સાર અંસ સંમત સબહી કી ॥૨॥
ગાવત સંતત સંભુ ભવાની । અરુ ઘટસંભવ મુનિ બિગ્યાની ॥
બ્યાસ આદિ કબિબર્જ બખાની । કાગભુસુંડિ ગરુડ કે હી કી ॥૩॥
કલિમલ હરનિ બિષય રસ ફીકી । સુભગ સિંગાર મુક્તિ જુબતી કી ॥
દલન રોગ ભવ મૂરિ અમી કી । તાત માત સબ બિધિ તુલસી કી ॥૪॥

# શ્રીહનુમાનજીની આરતી

આરતી કીજૈ હનુમાન લલા કી । દુષ્ટદલન રઘુનાથ કલા કી ॥ ટેક ॥
જાકે બલ સે ગિરિવર કાઁપૈ । રોગ-દોષ જાકે નિકટ ન ઝાઁપૈ ॥ ૧ ॥
અંજનિ પુત્ર મહા બલદાઈ । સંતન કે પ્રભુ સદા સહાઈ ॥ ૨ ॥
દે બીરા રઘુનાથ પઠાયે । લંકા જારિ સીય સુધિ લાયે ॥ ૩ ॥
લંકા સો કોટ સમુદ્ર સી ખાઈ । જાત પવનસુત બાર ન લાઈ ॥ ૪ ॥
લંકા જારિ અસુર સંહારે । સિયારામજીકે કાજ સઁવારે ॥ ૫ ॥
લક્ષ્મણ મૂર્છિત પડ઼ે સકારે । આનિ સજીવન પ્રાન ઉબારે ॥ ૬ ॥
પૈઠિ પતાલ તોરિ જમ-કારે । અહિરાવન કી ભુજા ઉખારે ॥ ૭ ॥
બાયેં ભુજા અસુર દલ મારે । દહિને ભુજા સંતજન તારે ॥ ૮ ॥
સુર નર મુનિ આરતી ઉતારે । જૈ જૈ જૈ હનુમાન ઉચારે ॥ ૯ ॥
કંચન થાર કપૂર લૌ છાઈ । આરતિ કરત અંજના માઈ ॥ ૧૦ ॥
જો હનુમાન(જી)કી આરતિ ગાવૈ । બસિ બૈકુંઠ પરમપદ પાવૈ ॥ ૧૧ ॥

# શ્રીરામ-સ્તુતિ

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજુ મન હરણ ભવભય દારુણં ।
નવકંજ-લોચન, કંજ-મુખ, કર-કંજ, પદ કંજારુણં ॥

કંદર્પ અગણિત અમિત છવિ, નવનીલ નીરદ સુંદરં ।
પટ પીત માનહુ તડ઼િત રુચિ શુચિ નૌમિ જનક-સુતાવરં ॥

ભજુ દીનબંધુ દિનેશ દાનવ-દૈત્ય-વંશ-નિકંદનં ।
રઘુનંદ આનઁદકંદ કોશલચંદ દશરથ-નંદનં ॥

સિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદારુ અંગ વિભૂષણં ।
આજાનુભુજ શર-ચાપ-ધર, સંગ્રામ-જિત-ખરદૂષણં ॥

ઈતિ વદતિ તુલસીદાસ શંકર-શેષ-મુનિ-મન-રંજનં ।
મમ હૃદય-કંજ-નિવાસ કુરુ, કામાદિ ખલ-દલ-ગંજનં ॥

મનુ જાહિં રાચેઉ મિલિહિ સો બરુ સહજ સુંદર સાઁવરો ।
કરુના નિધાન સુજાન સીલુ સનેહુ જાનત રાવરો ॥

એહિ ભાઁતિ ગૌરિ અસીસ સુનિ સિય સહિત હિયઁ હરષીં અલી ।
તુલસી ભવાનિહિ પૂજિ પુનિ પુનિ મુદિત મન મંદિર ચલી ॥

*સો૦ – જાનિ ગૌરિ અનુકૂલ સિય હિય હરષુ ન જાઈ કહિ ।*
*મંજુલ મંગલ મૂલ બામ અંગ ફરકન લગે ॥*

*॥ સિયાવર રામચંદ્રકી જય ॥*